PRGI No. 6489

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue : 11, Year: 71, February 2026, Pages: 52, Price Rs. 7.00

## કન્યા ઉચ્ચ શિક્ષણ યોજનાના દાતાશ્રીઓનું સન્માન

### બન્ને દાતાશ્રીઓ તરફથી માતબર અનુદાન



આશકરણભાઈ શાંતીલાલ શાહ



હંસાબેન આશકરણભાઈ શાહ

(ધાંગધ્રા નિવાસી હાલ મુંબઈ)

**શ્રી શાંતીલાલ દેવચંદ શાહ પરીવાર**

*તથા*



શ્રી મહેન્દ્રભાઈ દીપચંદભાઈ તુરખીયા



શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખીયા

શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ દીપચંદભાઈ તુરખીયા

(સુરેન્દ્રનગર નિવાસી હાલ અંધેરી)

*પ્રેરીત*

**માનસીબેન સુનીલભાઈ તુરખીયા**

**એકરાજભાઈ માનસીબેન તુરખીયા**

SHREE ZALAWADI STHANAKWASI JAIN SABHA - MUMBAI
ZALAWADI SABHA CHARITABLE FOUNDATION

## VASTIPATRAK 2025

SHREE ZALAWADI STHANAKWASI JAIN SABHA - MUMBAI • ZALAWADI SABHA CHARITABLE FOUNDATION

SMT. KAILASHBEN VINODBHAI GOPANI
VASTIPATRAK 2025

DONOR



Smt. Kailashben Vinodbhai Gopani
Shri. Vinodbhai Tulsidas Gopani

PRESIDENT



Shri. Pravinbhai G. Shah
Trustee-President

Powered by



Pankaj V. Sanghvi
V. President/Trustee



Manisha M. Shah
Hon. Secretary / Trustee

આપણું ઝાલાવાડ......સમૃદ્ધ ઝાલાવાડ

।।શ્રી પરમાત્માય નમઃ।।

## શેઠ નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી

# જીવદયા ફંડ

**શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી**

સુભાષ ચોક, ગોપીપુરા, સુરત - ૧

મો.: ૯૮૨૦૦ ૭૮૭૭૨

સ્થાપના વિ. સં. ૧૯૬૨

ઇ.સ. ૧૯૦૬ રજી નં. ૧૭૪૪

Trust 80G Available PAN : AAATS8024L



**પૈસા મોકલવાનું સ્થળ**

## પ્રફુલ અમીચંદ ઝવેરી

૨૬૩, ખટાઉવાડી, ગોરેગાંવકર લેન,
શોપ નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, ઓપેરા હાઉસ,
સેન્ટ્રલ સિનેમાની પાછળ, ચર્નીરોડ (ઈસ્ટ)
મુંબઈ – ૪૦૦ ૦૦૪.
ફોન : ૨૩૮૭૮૪૭૬ મો. ૯૮૨૦૦૭૮૭૭૨

ધર્મપ્રેમી સદગૃહસ્થો,

જીવદયા ફંડ સંસ્થા સુરતના દાનવીર શેઠ શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી સ્થાપિત એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે. સંસ્થા છેલ્લા ૧૧૬ વર્ષોથી જીવો છોડાવવાનું કાર્ય સંભાળી રહી છે. એમના પ્રખર પૂણ્યબળે આ ઉત્તમ કાર્યમાં વર્ષ પ્રતિ વર્ષ પ્રગતિ થઈ રહી છે. **જેમકે છેલ્લા ૧૧ વર્ષો માં (એપ્રિલ - ૨૦૧૪ થી જુલાઈ -૨૦૨૫) સુધીમાં ૨૯૩૧૦ - જીવો છોડાવેલ છે.** તથા ઘાસ - ૨૭,૩૫૦ કિલો, ગોળ - ૧૧૬૨૯ કિલો, કેરીનો રસ - ૬૦૦૦ કિલો, લાપ્સી - ૭૦૦૦ કિલો

અમારે આંગણે આવતા મુંગા જીવોને કત્તલખાને જતા અટકાવીને પાંજરાપોળમાં ટ્રસ્ટીઓ ની દેખરેખ હેઠળ સોપવામાં આવે છે તથા પશુના જીવન પર્યંત પૂરે પૂરી સંભાળ લેવામાં આવે છે.

અનંદ દયાના સાગર ભગવાન શ્રી મહાવીરના શાસનના બે સ્થંભો છે. અહિંસા અને જીવ માત્ર પર મૈત્રી, સર્વજ્ઞના આ સંદેશાને સાર્થક કરવા માટે પણ દિવસો ઓછા મહત્વના નથી.

આપના - પરિવારના કોઈ પણ સભ્યનો જન્મદિન
પશુ- પરિવારના એકાદ સભ્યોને જીવનદાન આપીને ઉદ્વવો.
આપના પરિવારમાં આવી ઊભેલા લગ્નોત્સવને
એકાદ પશુયુગલનો જીવનોત્સવ બનાવો.
કર્મસંયોગી આવેલી માંદગીની અશાતા ટાળવા
કોઈ પશુને અભયદાન આપી મહાશાતા આપો.
સ્વજનના મૃત્યુના દુઃખદ પ્રસંગે એકાદન પશુને
મૃત્યુનાં મુખમાંથી છોડાવી સાંત્વના પ્રાપ્ત કરો.
પવિત્ર પર્વના ધર્મોત્સવમાં એકાદ જીવને
જીવન બક્ષી પર્વો પાસનાને દયના રંગથી મઢી દો.

આપ કાયમી તિથિ પણ નોંધાવી શકો છો. એ તિથિએ દાનની રકમના વ્યાજમાંથી જીવો છોડાવવામાં આવશે.

**એપ્રિલ ૨૦૨૪ થી જુલાઈ ૨૦૨૫ (૧૫ મહિના) માં ટોટલ ૩૮૧૧ જીવો છોડાવેલ છે.**
**મોટા જીવો, નાના જીવો તથા બકરી**

ચેક અથવા ડ્રાફ્ટ જીવદયા ફંડ ના નામનો બનાવશો. રોકડા પણ લેવામાં આવશે. (આપનો અણમોલ ફાળો સુરત ખાતે ઉપરના સરનામે અથવા મુંબઈ ખાતે ઉપરના સરનામે મોકલશો.

| | | |
|---|---|---|
| Bank Name : AXIS BANK LTD. | | |
| A/c. Name | : JIVDAYA FUND | A/c. No. : 921010033621820 |
| IFSC | : UTIB0002274 | Branch : Charni Rd, Mumbai |

| | | |
|---|---|---|
| Bank Name : BANK OF INDIA | | |
| A/c. Name | : JIVDAYA FUND | A/c. No. : 000120100001219 |
| IFSC | : BKID0000001 | Branch : (Mumbai Main Br.) |

Note : When ever you deposit through (Cheque / RTGS / NEFT ... etc.) Kindly inform us your (Name/Address/Mobile Number donation amount) Confirmation for sending you our Receipt.

**દાન એજ સફળ જીવન**

**લી. ટ્રસ્ટીગણ**

પ્રફુલ અમીચંદ ઝવેરી
જતીનભાઈ ફકીરચંદ
પુષ્પસેનભાઈ પાનાચંદ ઝવેરી
શરદભાઈ ગુલાબચંદ કાંટાવાળા
વિરેન્દ્રભાઈ નેમચંદ ઝવેરી
ઉષાકાંત સાકેરચંદ ઝવેરી
નિરજ સુરેન્દ્રભાઈ ઝવેરી

Advt.

# અભિનંદન

સુરેન્દ્રનગર - હાલ ઘાટકોપર નિવાસી


**કાંતીલાલ લવજીભાઈ તળશીભાઈ શાહ**

**વિમળાબેન કાંતીલાલ શાહ પરીવારમાં સૌ પ્રથમ MD થયેલ દીકરી**

## ડૉ. સલોની અમીત શાહ

**થયા બદલ ખુબ ખુબ આર્શીવચન - અનુમોદના**

દાદા-દાદી



## ડૉ. સલોની અમીત શાહ MD PEDIATRICS

*તમે હાંસિલ કરી છે સફળતા, તમે રચ્યો છે ઇતિહાસ*
*તમે પાર કર્યો દરેક અવરોધને*
*તમે વિશ્વમાં પ્રસિધ્ધ થઈ ગયા આજે*
*શિક્ષણ એક જીવંત ક્ષણનું જ્ઞાન પૂરું કરે છે,*
*જે દરેક ચિંતન અને અનુભવોને શીખવાની શક્તિ આપે છે.*
*ખુબ ખુબ અભિનંદન*

**દાદા-દાદી**
ચંદ્રકાંત કાંતીલાલ શાહ - CK
ચારૂલતા ચંદ્રકાંત શાહ

ભાવી સાગર દોશી
સાગર ભુપેનભાઈ દોશી
ઓરિયો

નિહીર ચંદ્રકાંત શાહ
હની નિહીર શાહ
રૂષાન - અહાન

**મમ્મી - પપ્પા**
અમીત ચંદ્રકાંત શાહ
રૂપલ અમીત શાહ

Amppal HOLIDAYS Dream. Explore. Discover.
M. 98330 82820
Advt.

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ ને માતબર અનુદાન
બોટાદ નિવાસી હાલ - કાંદિવલી (વેસ્ટ)

**શ્રી પ્રવિણચંદ્ર ત્રિકમલાલ દોશી (ઉ.વ. ૯૨)**
(માતા સ્વ. ચંપાબેન ત્રિકમલાલ દોશી)

**શ્રીમતી કુસુમબેન પ્રવિણચંદ્ર દોશી (ઉ.વ. ૮૫)**
(માતા સ્વ. સમરતબેન ચુનીલાલ સંઘવી)

તરફથી સાભાર સ્વીકાર

શૈક્ષણિક ઉત્કર્ષ યોજના ફંડ રૂા. ૧,૦૦,૦૦૦/- • તબીબી રાહત ફંડ રૂા. ૧,૦૦,૦૦૦/-




## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

*સંચાલિત*

**શ્રીમતી કમળાબેન ગંભીરચંદ ઉમેદચંદ શાહ**

## લોનાવલા સેનેટોરિયમનું

**આધુનિકરણ કાર્ય ખુબજ સુંદર રીતે ચાલી રહ્યું છે**

સભાના માનવંતા સભ્યોને આહ્‌વાન

રૂા. પાંચ લાખ અથવા રૂા. ત્રણ લાખનું અનુદાન આપી લોનાવલા સેનેટોરિયમના આધુનિકરણ કાર્યમાં સહભાગી બનો.

# શ્રીમતી હંસાબેન આશકરણભાઈ શાંતિલાલ શાહ



# આરોગ્યધામ - માથેરાનનું

નુતનીકરણ કાર્ય ખુબજ સુંદર રીતે ચાલી રહેલ છે.

**અનુદાન આપી માથેરાન આરોગ્યધામ નુતનીકરણ કાર્યમાં સહભાગી બનો.**

વિશેષ : રૂા. ૧૧ લાખ આપી કોઈ પણ એક ફ્લોરની વીંગમાં નામની તકતી મુકવાનો અમુલ્ય અવસર. • રૂા. પાંચ લાખ - વર્ષના કુલ ૧૫ દિવસ માટે, રૂા. ત્રણ લાખ - વર્ષના કુલ ૭ દિવસ માટે. અનુદાન આપનાર સભ્યને સભાના કોઈપણ પાંચેય સેનેટોરિયમનો લાભ મળશે. લાભ સભાના નિતી નિયમ મુજબ મળશે.

બન્ને સેનેટોરિયમમાં અનુદાન આપવા માટે સંપર્ક કરો.

શ્રી પંકજભાઈ સંઘવી (M) : 9820040719
શ્રી પિતુલભાઈ શાહ ગેડીવાળા (M) : 93231 80665
શ્રી પ્રદીપભાઈ તુરખીયા (M) : 98677 48120

શ્રી સમસ્ત લીંબડી સંઘવી કુટુંબ - મુંબઈ

# કુટુંબ ગૌરવ

## શ્રી ગીરીશભાઈ ભગવાનલાલ સંઘવી - પ્રમુખ
## તેમજ
## શ્રીમતી વિભાબેન ગીરીશભાઈ સંઘવીને તેમનાં
## જીવન યાત્રાનાં ૭૦ વર્ષ પૂર્ણ કર્યાના અભિનંદન પાઠવે છે

સતત ૩૬ વર્ષથી કુટુંબની અવિરત સેવા બજાવનાર ખૂબજ સરળ-પ્રમાણિક ધર્મિષ્ઠ એવા કુટુંબના લાડીલાને સમસ્ત કુટુંબીજનો તરફથી આશીર્વાદ /શુભેચ્છા પાઠવીએ છીએ. આપે જીવનયાત્રાનાં ૭૦ વર્ષ પૂર્ણ કર્યાની ખુશાલીમાં ૧૧ લાખ શુભ કાર્યમાં વાપરવાનો નિર્ણય પણ ખૂબજ પ્રેરણા-દાયક છે.



શ્રીમતી વિભાબેનનો પણ ખૂબજ સાથ-સહકાર તેમનો હસતો ચહેરો દરેક કુટુંબીજનોનાં દિલને હરી લે છે. દરેક કુટુંબીજનો સાથે પ્રેમભર્યો વ્યવહાર... ખૂબજ ધર્મિષ્ઠ, સાધુ-સંતોની પ્રેમથી ખરા હૃદયપૂર્વક વૈયાવચ્ચ....

આપ બન્નેનું આરોગ્ય ખૂબ સારૂ રહે - ધર્મધ્યાનમાં ખૂબ આગળ વધો
તેમજ કુટુંબની સેવા બજાવતા રહો એવી કારોબારી -કમિટી વતી
ખૂબ ખૂબ શુભેચ્છા

તેમજ સવિતાબેન ભગવાનલાલ પરિવારના પણ અંતકરણપૂર્વક આશીર્વાદ...

સૌજન્ય

શાહ લોક કાં.
૧૫૯ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦૦૦૩.
મીહીર - જાનકી - ચિં દિવ્યંમ
ડૉ. ઉર્વી ચિંતન શાહ - ચિ. પહેલ

Advt.

## જનસેવા એજ પ્રભુસેવા





## કીર્તિભાઈ ધીરજલાલ શાહ

**મોટીવાવડી - રાણપુર**



**સાધાર્મિક અને જરૂરીયાતમંદો ને આપવા માટે**
**A-1 Quality નું ફરસાણ અને મીઠાઈ**
**અડધા ભાવે મળશે (સેવાના હેતુથી)**

# સ્વસ્તિક ફરસાણ એન્ડ સ્વીટ

(ભાંડુપની સૌથી મોટી ફરસાણ અને મીઠાઈની દુકાન)

૪-૫-૬, સુમતિ નિવાસ, ક્વારી રોડ,
મંગતરામ પેટ્રોલ પંપની પાસે,
ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮.
**Mobile No. 9322916331**

Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

ફેબ્રુઆરી ૨૦૨૬
વર્ષ : ૭૧ : : અંક : ૧૧

: તંત્રી :
શ્રી શરદભાઈ મનમોહનદાસ ગાંધી

માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ

: મુદ્રક અને પ્રકાશક :
શ્રી પ્રવીણભાઈ ગંભીરચંદ શાહ

: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો.: ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com

મુદ્રણસ્થાન : ભાવિન એસ. ગાંધી
રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન :૯૮૬૭૫૪૦૫૨૪

: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦


*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રગટ થતાં લેખો કે વિચાર લેખકના અંગત વિચાર છે, તથા જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે તેની સાથે સંસ્થાના હોદ્દેદારો / તંત્રી સહમત છે એમ માની લેવું નહી. તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.*

# યાદ છે

નયનના પંથે હૃદયમાં જવું યાદ છે,
હૃદયના ચરખે અંગઅંગમાં જવું યાદ છે.

હૈયાની બારસાખે તોરણ લીલાં મિલનનાં,
વિંટળાય વેલીએથી કુંપળ ફૂટી એ યાદ છે.


સોને મઢી કાયા ને ભીતર લાગણીનું થરકવું,
તારા બાહુમાં મારૂં સરકવું યાદ છે.

કલરવ છે પંખીઆએના આ સ્નેહ તણા સાક્ષી,
આંખનો મલકાટ હોઠે ફરફર્યો એ યાદ છે.

પમરાટ પવનનો ને છે બોલકાં હૃદય,
ઘોળાવું લાગણીનું એ સ્નેહ ઘૂંટ યાદ છે.

પળવાર જુદાઈ ના સહેવાય એવું બંધન,
ઉષ્માને તાંતણે લપેટાઈ જવું યાદ છે.

સુરેશ પરીખ 'સ્નેહી'



# આખ્યાનનું હાર્દ

ઈશ્વર પેટલીકર

પ્રહ્‌લાદનું આખ્યાન નાનપણમાં સાંભળતાં મને એ સંસ્કાર પડેલા કે હિરણ્યકશિપુ પાપી છે અને પ્રહ્‌લાદ પુણ્યશાળી છે. આજે એ આખ્યાન ફરી વાંચતાં પ્રહ્‌લાદની ભક્તિનો મહિમા એટલો જ રહ્યો, પણ હિરણ્યકશિપુ પ્રત્યે જ ધિક્કાર હતો તે ચાલ્યો ગયો. એણે પુત્ર ઉપર આટલો બધો અત્યાચાર કેમ કર્યો, તેનો વિચાર કરતાં મને નવું દર્શન થયું.

હજારો વર્ષ ઉપરના હિરણ્યકશિપુની વાત જવા દઈએ અને આજની જ વાત લઈએ. આપણે હિંદુ હોઈએ અને આપણને ખબર પડે કે આપણો દીકરો મસ્જિદમાં જઈને નમાઝ પઢે છે, તો આપણે શું કરીશું ? આપણે મુસલમાન હોઈએ અને આપણો દીકરો શિવમંદિરમાં જઈ મૂર્તિને પગે લાગે, તો આપણે શું કરીશું ?

આપણા સમાજના એક હિંદુએ વીસમી સદીના આરંભે, મોટી ઉંમરે, શ્રદ્ધાપૂર્વક, કોઈ પણ જાતના સ્વાર્થ વિના ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો ત્યારે, આપણે શું કર્યું હતું ? એમનાં ખંડકાવ્યોથી ગુજરાતી સાહિત્યમાં જે અમર છે, તે કવિ 'કાન્ત' ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો, ત્યારે એમનો કેવો બહિષ્કાર થયો હતો ! બળવાખોર ગણાતા સાક્ષર બળવંતરાય ઠાકોરે એમના આ પગલાના વિરોધમાં લખી જણાવ્યું : આપણી મૈત્રીનો હવે અંત આવે છે !

આજે આપણને હાસ્યાસ્પદ લાગે કે કોઈ હિંદુ હોય કે ખ્રિસ્તી, મૈત્રીમાં શો બાધ આવે, ભલા ? તે કાળે આપણું સમાજજીવન એટલી ધાર્મિક દીવાલોથી જકડાયેલું હતું કે એની બહાર જઈને પ્રતિષ્ઠાભેર જીવવું અશક્ય થઈ પડતું હતું. કવિ 'કાન્ત'ને એ જ વાતાવરણની ગૂંગળામણથી પાછા હિંદુ થવું પડ્યું !

આ ભૂમિકાને સ્વીકારીને હજારો વર્ષ પહેલાંનાં ધર્મનાં બંધનોનો ખ્યાલ કરીએ, તો હિરણ્યકશિપુનું પગલું સમજી શકાય તેવું છે. પુરાણકાળમાં ધર્મયુદ્ધો દ્વારા એક ધર્મ બીજા ધર્મ ઉપર પોતાની સર્વોપરિતા સાબિત કરવા પ્રયત્ન કરતો. એ કાળમાં અસુરકુળના હિરણ્યકશિપુનો દીકરો પ્રહ્‌લાદ આર્યકુળના ઈષ્ટદેવને ભગવાન માને, તે પિતાથી કેમ સહ્યું જાય ? પોતાનો મનપસંદ ધર્મ પાળવાનો એને હક છે, એમ સમજીને પ્રહ્‌લાદે પિતાની વાત માની નહીં, એટલે તે પુત્રને મારી નાખવા તૈયાર થયો. તેનું કારણ ધર્મઝનૂન છે. પોતાનો દીકરો પરધર્મી બને તે એનાથી સહી શકાતું નથી. આથી ધર્મઝનૂનમાં અંધ બની એ દીકરાનો નાશ કરવા તૈયાર થયો છે. હિરણ્યકશિપુ રાક્ષસ છે, પાપી છે, એ દૃષ્ટિએ જોવાનો અર્થ નથી. પરંતુ એ જમાનામાં ધર્મઝનૂન કેવું હતું તે જોવાનો પ્રયત્ન કરવામાં આવે, તો તેની નિર્દયતાને પામી શકાય.

આ ઝનૂન કેવળ અસુરોમાં હતું એવું પણ નથી. રામ જેવા આદર્શ રાજવીમાં પણ તે સંસ્કાર જોવા મળે છે. વનવાસ વખતે રાવણની બહેન શૂર્પણખા રામ-લક્ષ્મણ પાસે લગ્નની માગણી મૂકે છે. રામના કહેવાથી લક્ષ્મણ તેનાં નાક-કાન કાપી લે છે. રામમાં જે સંસ્કાર આપણે જોઈએ છીએ તે જોતાં, એ સ્થાને આર્યસ્ત્રી હોત તો એમણે એવી શિક્ષા ન કરી હોત. અસુરોનો નાશ કરવામાં કંઈ પાપ નથી, એવું આર્યઝનૂન ત્યાં જોવા મળે છે.

આજે પણ એવું ઝનૂન બીજી રીતે જોવા મળે છે. પોતાનો છોકરો કે છોકરી પરજ્ઞાતિમાં પરણવા તૈયાર થાય, તો એના ઉપર જોરજુલમના પ્રયત્નો હજુ ચાલુ છે જ. એક વખત દીકરી પરણી ગઈ હોય તે પછી પણ, એ લગ્ન મંજૂર ન રાખતાં તેને પૂરી રાખી એ પગલું ભૂંસી નાખવાના પ્રયત્નો થયા છે. એ રીતે પરણી ગયેલી દીકરી માટે ઘરનાં દ્વાર બંધ કરી વાત્સલ્યને કચડી નાખવાની હદ સુધી માબાપ ગયાં છે.

૦૦૦

પ્રહ્‌લાદનું આખ્યાન પ્રથમ તો એ શીખવી જાય છે કે પિતાના ઈષ્ટધર્મ કરતાં પુત્રનો ઈષ્ટધર્મ જુદો હોઈ શકે. એ પાળવાનો પુત્રને સંપૂર્ણ હક છે, પિતાને એ અંગે વિરોધ કરવાનો હક નથી. એવી પ્રામાણિક માન્યતાને કારણે પુત્ર પિતાની આજ્ઞાનો અનાદર કરે, તો તે પુત્રધર્મ ચૂકે છે તેવું ન માનવું જોઈએ. આ બોધ કેવળ ધર્મના સ્થૂલ અર્થ પૂરતો મર્યાદિત રહે છે, એમ નહીં. કોઈ પણ માન્યતા અંગે પિતાપુત્ર વચ્ચે પ્રામાણિક મતભેદ ઊભો થાય, તો પુત્રને પોતાની માન્યતા પ્રમાણે વર્તવાની છૂટ છે. તે માટે પતાનો ખોફ વહોરવો પડે, તો વહોરવા તૈયાર રહેવું જોઈએ.

એવો ખોફ ઉતારનાર વડીલોને હિરણ્યકશિપુનું પાત્ર સહિષ્ણુ થવાનો બોધ આપે છે. હિરણ્યકશિપુનું પગલું સાચું નથી એમ જો વડીલો માનતા હોય, તો પોતાના ઘરના પ્રહ્‌લાદના પ્રસંગ વખતે એમનાથી એવું પગલું ન ભરાય, એમ તેમણે સમજવું જોઈએ.

આમ તો આપણે બધા કહીએ છીએ કે, પ્રહ્‌લાદનું આખ્યાન અમે સાંભળ્યું છે. એ સાંભળ્યા છતાં જો દીકરાની ભિન્ન માન્યતા વખતે એને તેમ વર્તવાની સંમતિ સહિષ્ણુતાપૂર્વક ન આપીએ, તો આખ્યાનનું હાર્દ આપણે પામ્યા છીએ તેમ ન કહી શકીએ.

❖❖❖

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ

# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન



*આયોજીત*



# કન્યા ઉચ્ચ શિક્ષણ યોજનાના દાતાશ્રીઓનું સન્માન

**ગુરૂવાર તા. ૦૮-૦૧-૨૦૨૬, માનવ સેવા સંઘ - સાયન**

**- સંકલન : શરદ એમ. ગાંધી**

કન્યા ઉચ્ચ શિક્ષણ યોજનાના દાતાશ્રીઓના સન્માન અર્થે યોજાયેલ ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવેલ. સાંજના ૫.૩૦ કલાકે થી દાતાશ્રીઓ, ટ્રસ્ટીઓ, હોદ્દેદારો તેમજ કારોબારી સભ્યો તેમજ આમંત્રિત મહેમાનોનું આગમન...

વિશેષ રૂપે નાદુરસ્ત તબિયત હોવા છતાં સભાના પૂર્વ-પ્રમુખ શ્રી ગુણવંતભાઈ દીપચંદ શાહ આ સન્માનમાં ઉપસ્થિત રહ્યા હતા. તેમજ માસિક પત્રિકાના પૂર્વ-તંત્રી શ્રીમતી સંધ્યાબેન શાહ, શ્રી સતીષભાઈ શાહ (પવઈ) ડિજીટલ વેબસાઈટના પ્રણેતા તથા શ્રી બૃહદ મુંબઈ ઝાલાવાડી મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી નલિનીબેન રમેશભાઈ શેઠ પણ ઉપસ્થિત રહ્યા હતા.

મંચસ્થ શ્રીમતી હીનાબેન પારેખે સૌનું ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ. કાર્યક્રમની સફળ શરૂઆત સાયનમાં રહેતી ફક્ત સાત વર્ષની દીકરી જીવા હર્ષલભાઈ શાહ એ મહા મુલા **નવકાર મંત્રનું પઠન** નૃત્ય દ્વારા રજુઆત કરી. ત્યારબાદ શ્રીમતી હીનાબેને સંસ્થાના સંવત ૧૯૦૩ થી ૨૦૨૫ સુધીના ભાતિગળ ઈતિહાસ સવિસ્તર વર્ણવ્યો. સાથોસાથ સભાના ટ્રસ્ટી / પ્રમુખ શ્રી પ્રવિણભાઈ ગંભીરચંદ શાહને સ્ટેજ પર પધારવાનું આમંત્રણ આપી. સભા માટે તેમજ કન્યા ઉચ્ચ શિક્ષણ વિશે બે શબ્દ બોલવા વિનંતી કરી.

શ્રી પ્રવિણભાઈ શાહે ઉદારદિલ શિક્ષણપ્રેમી દાતાશ્રીઓ શ્રીમતી હંસાબેન આશકરનભાઈ શાહ પરીવાર તેમજ શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખિયાનો માતબર અનુદાન માટે, બન્ને પરીવાર તરફથી રૂા. એક કરોડ પચાસ લાખનું કન્યા ઉચ્ચ શિક્ષણ યોજનામાં આપવા બદલ સભા વતી ખુબ ખુબ આભાર માન્યો. સાથો સાથ શિક્ષણનું આજના યુગમાં શું મહત્વ છે તે પણ પોતાની આગવી શૈલીમાં જણાવ્યું અને દાખલો આપ્યો. ડૉ. વિનોદભાઈ વ્રજલાલ શેઠ (લિંબડી નિવાસી - હાલ અંધેરી) જેઓના પરિવારમાં ૨૬ ડૉક્ટરો છે. ત્યારબાદ વસ્તિપત્રકના પ્રેરક દાતા શ્રીમતી કૈલાસબેન વિનોદભાઈ તુલસીદાસ ગોપાણી પરિવારનો ખુબ ખુબ આભાર માનતા ખુશીના ઉદ્‌ગારો હતા, ગત પ્રોગ્રામમાં ટ્રસ્ટીશ્રી પંકજભાઈ સંઘવીએ ફક્ત એક ટહેલ નાંખી કે વસ્તિપત્રકના દાતાશ્રી રૂા. ૧૫ લાખમાં આદેશ આપવામાં આવે છે, હજુ તો ટ્રસ્ટીશ્રી પંકજભાઈનું બોલવાનું પુર્ણ થતું નથી કે શ્રી વિનોદભાઈ ગોપાણી મંચ પર આવી પોતાના ૧૫ લાખના અનુદાનની સ્વીકૃતી આપી દીધી. શ્રી પ્રવિણભાઈએ કહ્યું કે આપણું ઝાલાવાડ - સમૃદ્ધ ઝાલાવાડની પ્રગતિનો દાખલો છે. અંતમાં સૌ માનવંતા દાતાશ્રીઓના તેમજ પધારેલ સૌ આમંત્રિતોનો ખુબ ખુબ આભાર માન્યો. ટ્રસ્ટી-પ્રમુખશ્રી પ્રવિણભાઈના વક્તવ્યને સૌએ ઉભા થઈ તાળીઓનો ગડગડાટથી વધાવી લીધો.

જેની રાહ જોવાઈ રહી હતી તે **કન્યા ઉચ્ચ શિક્ષણ યોજનાના** દાતાશ્રી શ્રીમતી હંસાબેન આશકરનભાઈ શાહ પરીવારને સ્ટેજ પર પધારવા આમંત્રણ આપ્યું. પુરો

પરીવાર સ્ટેજ પર આવ્યા બાદ આશકરનભાઈના પુત્ર શ્રી જયભાઈ આશકરનભાઈ શાહ, શ્રી નિતીનભાઈ પ્રમોદભાઈ શાહ, શ્રી દેવાંગભાઈ પ્રમોદભાઈ શાહનું શ્રી પ્રવિણભાઈ શાહ તથા શ્રી પંકજભાઈ સંઘવીએ સાફો પહેરાવી, તેમજ શ્રીમતી મનિષાબેન શાહે શ્રીમતી રૂચીતાબેન જયભાઈ શાહ, શ્રીમતી તૃપ્તીબેન નિતીનભાઈ શાહ, શ્રીમતી પુજાબેન દેવાંગભાઈ શાહનું બહુમાન દુપ્પટા અર્પણ કરીને કર્યું. શ્રીમતી મનીષાબેન શાહ દ્વારા ચાંદીની લગડી શ્રી જયભાઈને આપવામાં આવી.

શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ દીપચંદભાઈ તુરખીયા પરીવાર પ્રેરીત માનસીબેન સુનીલભાઈ તુરખીયા, એકરાજભાઈ માનસીબેન તુરખીયા મંચ પર આવવાનું આમંત્રણ આપવામાં આવ્યું. ટ્રસ્ટીશ્રીઓ શ્રી કિરીટભાઈ શેઠ, શ્રી મયંકભાઈ શાહ, શ્રી મહેશભાઈ વોરા, દ્વારા શ્રી મહેન્દ્રભાઈ દીપચંદભાઈ તુરખીયાને સાફો પહેરાવ્યો. શ્રીમતી પ્રિયાબેન તુરખીયાને દુપ્પટો અર્પણ કર્યા, ટ્રસ્ટી શ્રીમતી મનિષાબેન શાહે તેમજ ચારેય ટ્રસ્ટીઓએ શ્રી મહેન્દ્રભાઈને ચાંદીની લગડી ભેટ સ્વરૂપે આપી. ત્યારબાદ શ્રી મહેન્દ્રભાઈ તુરખીયા કન્યા ઉચ્ચ શિક્ષણ વિશે પોતાનું સરસ મજાનું વક્તવ્ય આપ્યું, દીકરીઓને ભણાવવો તો જ આપણો સમાજ સમૃદ્ધ અને સશક્ત થઈ શકશે.

તા. ૮મી જાન્યુઆરીએ જોગાનુજોગ દાતાશ્રી માનસીબેન સુનીલભાઈ તુરખીયાનો જન્મદિવસ તથા ડીજીટલ વસ્તિપત્રક - ૨૦૨૫નો ઉદ્‌ઘાટન સમારોહ હતો. જેમાં શ્રીમતી કૈલાશબેન વિનોદભાઈ ગોપાણી પરીવાર તેમજ ટ્રસ્ટીશ્રીઓ તથા હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા. સંગીતના સુરે પ્રસંગ આવરી લેવાયો અને શ્રીમતી કૈલાશબેન વિનોદભાઈ ગોપાણી પરીવારનું ટ્રસ્ટી શ્રી પ્રવિણભાઈ શાહ, શ્રીમતી મનિષાબેન શાહ તેમજ શ્રી મયંકભાઈ શાહની ઉપસ્થિત સાથે શ્રી પ્રવિણભાઈએ શ્રી વિનોદભાઈને સાફો પહેરાવ્યો. શ્રીમતી મનિષાબેને શ્રીમતી કૈલાશબેનને દુપ્પટો અર્પણ કર્યો. અને શ્રી મયંકભાઈ શાહે શ્રી વિનોદભાઈને ગીફટ આપી સન્માન કર્યું. ડિજીટલ વસ્તિપત્રકની સંપુર્ણ ટીમને ટ્રસ્ટીશ્રી પંકજભાઈ સંઘવી તરફથી બીરદાવવામાં આવી. સભા દ્વારા સર્ટિફિકેટ આપીને બહુમાન કરવામાં આવ્યું. સાથોસાથ સમગ્ર ટીમને સ્ટેજ પર બોલાવામાં આવી.

આ ઉદ્‌ઘાટન પ્રસંગે ડિજીટલ વસ્તિપત્રકના બે મુખ્ય સુત્રધારો શ્રી પંકજભાઈ સંઘવી તેમજ શ્રીમતી મનિષાબેન શાહ પ્રગતિશીલ વિચારધારા સાથે- ડિજીટલ ઝાલાવાડની એક ઝાંખી પ્રસ્તુત કરી.

Gift Packing કરી સોનેરી Ribbon બાંધી 2'x3' ફુટનું એક સરસ મજાનું spiral wiro બે પાનાનું Folder મંચ પર મુકવામાં આવેલ. પ્રથમ પાના પર લખેલુ ડિજીટલ વસ્તિ પત્રક ૨૦૨૫, વસ્તિ પત્રકનું ઉદ્‌ઘાટન થયું. તરતજ પાના નં. બે ખોલવામાં આવ્યું. જેનાં નવીનતાથી ભરેલો રસથાળ જોવા મળ્યો. સભા તથા ફાઉન્ડેશનનું નામ, નીચે વસ્તિપત્રક ૨૦૨૫ ના **પ્રણેતા શ્રીમતી કૈલાસબેન વિનોદભાઈ ગોપાણીનો** ફોટા નામ સાથે બીજી બાજુ **સભાના ટ્રસ્ટી/પ્રમુખ શ્રી પ્રવિણભાઈ ગંભીરભાઈ શાહ** નો ફોટો નામ સાથે અને ટ્રસ્ટીઓ શ્રી પંકજભાઈ શાહ તેમજ શ્રીમતી મનિષાબેન શાહનો ફોટો, તેમની બાજુમાં વસ્તિપત્રકની વેબસાઈટ ટીમના નામો લખવામાં આવેલ. આ બધું તો હતું જ. પરંતુ નવિનતામાં શ્રી વિનોદભાઈ ગોપાણીએ હસ્તાક્ષર કર્યા. ત્યારબાદ ટ્રસ્ટી-પ્રમુખ તરીકે શ્રી પ્રવિણભાઈએ હસ્તાક્ષર કર્યા અને વિધિવત્ ડિજીટલ વસ્તિપત્રક ૨૦૨૫ નું ઉદ્‌ઘાટન થયું. આ અદ્‌ભુત નજારો જોઈ, આવેલ સભ્યોએ ઉભા થઈ તાળીઓના ગડગડાટ અને ઓરકેસ્ટ્રાની ધુનથી આખું સભાગૃહ ઉદ્‌ઘાટનમય બની ગયું.

શ્રી પંકજભાઈ સંઘવીએ સભા દ્વારા વસ્તિપત્રક પાંચ વખત છપાય હતા. તેની સંપૂર્ણ રૂપરેખા આપી હતી. ત્યારબાદ શ્રીમતી મનિષાબેને ડિજીટલ વસ્તિપત્રક ૨૦૨૫ ને કઈ રીતે ઓપન કરવું. તે ખુબજ સંક્ષિપ્તમાં સમજાવ્યું.

પ્રથમ ડિજીટલ વસ્તિપત્રક ૨૦૨૫ માં આપનું નામ લખો. ડિજીટલ વસ્તિપત્રક ૨૦૨૫ ઓપન થતાં પહેલા આપના રજીસ્ટર મોબાઈલ નંબર હશે તેના પર OTP આવશે. OTP આવે ત્યારબાદ આપે ભરેલું પુરેપુરૂં Page Screen પર દેખાશે. બીજી વિશેષતા આપને ઝાલાવાડના કોઈપણ એક ગામની માહિતી જોઈતી હશે તો તે પણ મળશે. ખુબજ સાદી અને સરળ ભાષામાં શ્રીમતી મનિષાબેને સવિસ્તૃત માહિતી આપી. સૌના દિલ જીતી લીધા અને અંતમાં એટલું જ કહ્યું આ પુરેપુરો શ્રેય ડિજીટલ ટીમના યોગદાનને આભારી છે. ડિજીટલની સમગ્ર ટીમનો ખુબ ખુબ આભાર.....

**પંચગીની સેનેટોરિયમ લીફટના દાતાશ્રી**
શ્રી પ્રદિપભાઈ રમણિકલાલ ધ્રુવ

**પંચગીની સેનેટોરિયમ - ગજીબોના દાતાશ્રી**
શ્રી વસંતલાલ નાનાલાલ સંઘવી પરીવાર

**લોનાવલા સેનેટોરિયમ**
**ગોલ્ડન વિંગ - ફ્લોરના દાતાશ્રીઓ**
શ્રી કિરીટભાઈ વ્રજલાલ શેઠ,
શ્રીમતી પ્રતિમાબેન દીલીપભાઈ પારેખ

**શૈક્ષણિક ઉત્કર્ષ યોજનાના દાતાશ્રીઓ**
ડૉ. શૈલેશભાઈ અનંતરાય શાહ
શ્રીમતી ભારતીબેન દિનેશભાઈ શેઠ
શ્રી કિરીટભાઈ રતીલાલ ધોળકિયા પરીવાર
શ્રી મગનલાલ ધારશીભાઈ દોશી પરીવાર
શ્રીમતી સરોજબેન જીતેન્દ્રભાઈ સંઘવી

ઉપરોક્ત સર્વે દાતાશ્રીઓને સ્ટેજ પર અલગ અલગ પરીવારને આમંત્રણ આપી સંગીતના સુરે બોલાવવામાં આવ્યા. દરેક પરિવારને દુપ્પટા, ખેશ અને સભા તરફથી એક સુંદર મજાની ગીફ્ટ આપી સભાના હોદેદ્દારો, તંત્રી તથા કારોબારી સભ્યો દ્વારા ભવ્યાતિભવ્ય સન્માન કરવામાં આવ્યું.

આભાર વિધી માટે સભાના મંત્રી શ્રી અતુલભાઈ શાહે પ્રથમ સન્માન સમારોહનું મંચસ્થ સંભાળનાર શ્રીમતી હીનાબેન પારેખનું ગીફ્ટ આપી સન્માન કર્યુ. ત્યારબાદ સૌ દાતાશ્રીઓનો ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો. મંત્રી શ્રી અનિલભાઈ સંઘવીએ ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારો, તંત્રી, કારોબારી સભ્યોને સમુહ ફોટો માટે સ્ટેજ પર આમંત્રણ આપ્યું. ફોટો સેશન દરમ્યાન સંગીતના સુરે ગાયક વૃંદે 'હમ સાથ સાથ હૈ' ના ગીતો, તથા ગરબાની રમઝટ વચ્ચે સભાગૃહમાં આનંદ ઉલ્લાસ છવાઈ ગયો. સભાના પ્રમુખશ્રી પ્રવિણભાઈ શાહ પણ પ્રસંગને અનુરૂપ રંગાઈ ગયા અને ઝુમી ઉઠ્યા,

**આ છે આપણું ઝાલાવાડ, સમૃધ્ધ ઝાલાવાડ,**
**ડિજીટલ ઝાલાવાડ.**

અંતમાં સૌ પ્રિતીભોજનને ન્યાય આપી ગમતાંનો ગુલાલ કરી સ્વગૃહ તરફ પ્રયાણ....

---

## ''સો વરસનો થા''

*આજ તો છેને એવું બન્યું –*
*એવું બન્યું, બા !*
*ચાટલામાં હું જોવા જાઉં,*
*શું હું જોતો આ ? –*
*સફેદ માથું, સફેદ દાઢી,*
*સફેદ મોટી મૂછો !*
*ગભરાઈ જતાં જતાં મેં તો*
*સવાલ તરત પૂછ્યો :*
*હસે છે મારી સામે લુચ્ચું*
*કોણ રે કોણ છે તું ?*
*ચાટલામાંથી પડ્યો પડઘો*
*તરત ઘડી : ''તું !''*
*આ તો નવી નવાઈ, આવું*
*બનતું હશે, બા ?*
*બા હસી બેવડ વળી કહે :*
*''સો વરસનો થા.''*

**– ઉમાશંકર જોશી**

# ઈન્ટરવ્યૂ

હરિશ્ચંદ્ર

ફરી પાછો અરજીના જવાબમાં ઈન્ટરવ્યૂ માટે બોલાવ્યો છે. ત્યાં એકના એક પ્રશ્નો પુછાશે–તમારું નામ? શિક્ષણ? વય? અનુભવ કેટલો? ટાઈપિંગ જાણો છો? સ્પીડ કેટલી? ગ્રેજ્યુએટ થયે પાંચ વરસ થયાં, છતાં હજી બેકાર કેમ?

અરે, મારા ભાઈ! બેકાર ન હોત તો તમારી પાસે આવત શું કામ? અને અનુભવને પૂછો છો, તે નોકરીની તક મળ્યા વિના અનુભવ લાવું ક્યાંથી? એક વાર તક આપો ને! માળા, દસ-પંદર મિનિટની પ્રશ્નોત્તરીમાં એ લોકો આપણી યોગ્યતા-અયોગ્યતા નક્કી કરી નાખે છે! ઉફ્! ઘણી વાર થાય છે કે મારે આવી નોકરી જ નથી જોઈતી. પણ તોય પાછી જાહેરાત આવી કે અરજી કરવાનું મન થઈ જાય છે. ઘણા કહે છે કે લાગવગ વિના નોકરી ન મળે. તોય આશાનો તંતુ તૂટતો નથી.

'મોટાભાઈ, રાજહંસ કંપની તરફથી ઈન્ટરવ્યૂ માટે બોલાવ્યો છે. આરંભમાં ૨૫૦...... છ માસનો પ્રોબેશન પીરિયડ.......એ માટે હૈદરાબાદ જવું પડશે. પૈસા......'

હજી મારું બોલવાનું પૂરું થાય તે પહેલાં જ ભાભી તાડૂક્યાં : 'મારે એક સાડી લેવી છે. બે મહિનાથી બૂમ પાડું છું, પણ કોણ ધરે છે કાને મારી વાત!'

'તો પછી નથી જતો, મોટાભાઈ!'

'ના, જરૂર જા. કામ મળશે તો મનેય થોડી મદદ થશે.'

આમેય ઘેર ટાઈપિંગનું કામ કરીને ભાઈને હું મદદ તો કરું જ છું છતાં ભાભીને અકારો લાગું છું!

ઈન્ટરવ્યૂ માટે હૈદરાબાદ જઈ સુરેશને ત્યાં જ ઊતર્યો. મોટા પગારની નોકરી છે બેટાને. મારા ગામનો જ છે.

'અરેસ તું મોહન? ઓચિંતો?'

'તારી કંપની રાજહંસમાંથી ઈન્ટરવ્યૂ માટે બોલાવ્યો છે. પાંચ વરસથી નોકરી માટે હડિયાપાટું કરું છું. પણ ઓળખાણ વિના ગજ વાગતો નથી.'

'અમારે ત્યાં પણ કાંઈ જુદી પરિસ્થિતિ ન સમજતો. કદાચ આ જગ્યા પણ પહેલેથી જ વેચાઈ ચૂકી હશે. આ ઈન્ટરવ્યૂનું તો નર્યું નાટક!'

'તારે કારણે આ નોકરી તો મળશે જ એમ મેં માન્યું છે. તારી લાગવગથી કાંઈક ફરક પડે.'

'એમ લુખ્ખી લાગવગથી કાંઈ ન વળે. સાચું કહું? થોડા પૈસાની સગવડ થઈ શકે?'

'કેટલા?'

'બે એક હજાર તો ખરા જ.'

'અત્યારે એટલા ક્યાંથી કાઢું? નોકરી મળ્યા પછી દર મહિને હપ્તે હપ્તે પૂરા કરી દઉં તો ન ચાલે?'

'ભલા ભાઈ! આવાં કામ કાંઈ ઉધારીએ ચાલે?'

મને થયું, વળી પાછા પ્રવાસના પચાસ પડી જશે? સુરેશ તરફથી મને ઘણી આશા હતી. પણ એય શું કરે?

ઈન્ટરવ્યૂ તો આપ્યો. મારી દૃષ્ટિએ તો સરસ ગયો. પુછાયેલ બધા જ પ્રશ્નોના જવાબ મેં બરાબર આપ્યા પણ બહાર બધા કહેતા હતા કે પેલો હુકમચંદ ક્યારનો પસંદ થઈ ચૂક્યો છે.

'અરે, એના મોં પરથી તો માખીય નથી ઊડતી!'

'પણ જોજો ને, પસંદ એ જ થશે અને આપણે હાથ ઘસતા રહી જઈશું!'

'નસીબ જોઈએ.'

'અરે, નસીબ નહીં, પૈસા. બોલો બે હજાર આપો છો? કોઈક છે મિ. સુરેશચંદ્ર. નિમણૂક કરવાની છેલ્લી સત્તા એમની પાસે છે.'

'શું કહો છો?'

હું અવાક્ થઈ ગયો. તોયે રહ્યું-રહ્યું મને મનમાં થયા કરતું હતું કે સુરેશ તો મારો બાળપણનો ગોઠિયો. એ મને જ નોકરી અપાવશે. પરંતુ મેં જોયું કે એ વિશે એ વાત જ કરવા નહોતો માગતો. એક વાર મેં કહ્યુંયે ખરું કે 'નિમણૂક કરવાનું તારા જ હાથમાં છે.' પણ ત્યારે એ માત્ર મૂછમાં હસ્યો. વહેવારમાં એ મિત્રતાને વચ્ચે આવવા દેવા નહોતો માગતો. હું મનમાં ને મનમાં સમસમી રહ્યો. થયું, ધડાક દઈને એને બે તમાચા ઠોકી...

ત્યારથી મેં નક્કી કર્યું કે હવે ભીષ્મપ્રતિત્રા. હવે નોકરી માટે કદી અરજી નહીં કરું. હમાલી કરીશ, મજૂરી કરીશ, પણ આ અરજી કદી નહીં, કદી નહીં.

દિવસે દિવસે ઘરના માણસોની મારા તરફની વર્તણૂક બગડવા માંડી છે. ઘરમાં હું જાણે વધુકો પડું છું. મોટાભાઈ સમજાવે છે કે બહુ લાગણીવશ ન થઈ જવું. આવી ભીષ્મપ્રતિજ્ઞા ન હોય! એ મને વચ્ચે વચ્ચે નોકરી અંગેની જાહેરાતો પણ બતાવે છે. પણ હું એકનો બે નથી થતો. હું ભલો અને મારું ટાઈપરાઈટર ભલું!

તેવામાં ભાઈએ આજે એક સ્ટોરના મેનેજરને મળીને તે સ્ટોરમાં મને દાખલ કરવાનો પ્રયાસ કર્યો છે. ગમે તેમ લગભગ નક્કી કરી દીધું છે. માત્ર ઔપચારિક અરજી આપવાની છે.

અને મારો નિરધાર ઢીલો પડે છે. હું કાંઈ ભીષ્મ નથી. નોકરી મળશે એવું દેખતાં જ મોંમાં પાણી છૂટે છે. અને અજાણતાં જ હું ટાઈપરાઈટર ઉપર કાગળ ચઢાવું છું .......'તમારી તારીખ ફલાણી-ફલાણીની જાહેરાતના સંદર્ભમાં હું.......'

(શ્રી કિશોર લાવ્હકારની મરાઠી વાર્તાને આધારે)

❖❖❖

# નિર્લેપી દશા

**ગુણવંત બરવાળિયા**

હરણી હાંફતી હતી. તેની વેદના જોઈ સાધુની વ્યાકુળતા વધી. આંખને ખૂણેથી ટપકતાં એક અશ્રુબિંદુ સાથે હરણીને ઉપાડી તપોવનના આમ્રકુંજની છાયામાં સુવાડી શીતળ જળનો છંટકાવ કર્યો. થોડી વારમાં એ શાંત થઈ. તેને શાતા વળતા સંતની ઉદાસી દૂર થઈ. જાણે ઉપવનની સમગ્ર પ્રકૃતિમાં પ્રસન્નતાના સ્ફુલિંગો ફૂટ્યા. એક છોડ સૂકાયેલો જોતાં જ સંતની કરુણ દષ્ટિમાં ભરતી ચડે તો આ તો નાનેથી ઊછરેલી વર્ષોની નિર્દોષ સાથી હરણી.

શિષ્યે આવી ગુરુજીને પ્રણામ કરી કહ્યું કે, ''આજે અમે નિર્લેપી રાજાને ત્યાંથી ભિક્ષા લઈને આવ્યા છીએ.'' ગુરુ કહે નિર્લેપી રાજા ? હા ગુરુદેવ, એનું સાચું નામ તો અમે નથી જાણતા પણ લોકો એને નિર્લેપી રાજા કહીને માનથી સંબોધે છે. ગમે તેવી પરિસ્થિતિમાં એની નિર્લેપી દશા ટકેલી જોઈ લોકો તેને અભિવંદના કરે છે.

ગુરુ વિચારે છે, રાજા અને નિર્લેપી દશા ? શક્ય નથી લાગતું. કઠીન વાત છે. ગુરુજીને જિજ્ઞાસા જાગી. રાજાની નિર્લેપી દશા કેવી હશે. શિષ્યને કહે કે તમે જાઓ અને રાજાને કહો કે અમારા ગુરુદેવની ઈચ્છા છે કે આપનો રાજકુમાર અમારા તપોવનમાં ત્રણ દિવસ માટે રોકોવા આવે.

શિષ્યે રાજાને ગુરુજીના આમંત્રણની વાત કરી. રાજાએ સંતના આમંત્રણનો સ્વીકાર કરી રાજકુમારને મોકલ્યો.

રાજકુમાર ત્રણ દિવસ ગુરુકુળ તપોવનમાં રહે છે. ચોથે દિવસે વહેલી સવારે ગુરુદેવ એક શિષ્યને એક સંદેશ સાથે નિર્લેપી રાજાના મહેલમાં મોકલે છે.

મહેલમાં પ્રવેશતાં જ દાસી વંદન કરી સંતનું સ્વાગત કરે છે.

સંત કહે છે, મને રાજકુંવરના ખંડ તરફ લઈ જાઓ. મારે રાણીને એક દુ:ખદ સમાચાર આપવાના છે કે તેના પતિ કુંવરનું અમારા આશ્રમમાં મૃત્યુ થયું છે.

ઓહો ! બસ, રાજકુંવરનો અમારા સાથેનો ઋણાનુબંધ આમ અચાનક પૂરો થયો એમને પરમ શાંતિ મળો. દાસી સ્વસ્થતાપૂર્વક સંતને કહે છે.



અને દાસી સંતને યુવાન રાણીના ખંડ તરફ લઈ જાય છે. સંત દાસીની સ્વસ્થતા અને શબ્દોથી આશ્ચર્ય અનુભવે છે.

સગર્ભા રાણી સંતના ચરણસ્પર્શ કરી અભિવંદના કરવા એક કદમ આગળ ભરે છે. ત્યારે સંત કહે છે, ''તમે ઘનરાણી છો, વાંકા ન વળશો. માત્ર ઊભાં રહીને જ વંદનવિધિ કરો.'' રાણીએ ભાવપૂર્વક પ્રણામ કરતાં સંતે રાણી અને તેની ગર્ભસંપદાને કલ્યાણમય - મંગળમય જીવન માટે આશીર્વચન આપતાં કહ્યું કે વિપદાને સહન કરવાનું પ્રભુ તમને બળ આપે. મારા ગુરુજીએ આપેલ સંદેશ કહેતા મને દુ:ખ થાય છે કે આજે મોડી રાત્રિએ આપનું સૌભાગ્ય ઝુંટવાઈ ગયું છે. આપના પતિ રાજકુમાર અમારા તપોવન આશ્રમમાં કાળનો કોળિયો બની ગયા છે. મને રાણીબાના આવાસ તરફ લઈ જાઓ, મારે ગુરુઆજ્ઞા પ્રમાણે તેમને સ્વયં આ દુ:ખદ સમાચાર આપવા છે. જરાય વિચલિત થયા વિના રાણી કહે છે, આપ અહીં બેસો, જલ ગ્રહણ કરી વિશ્રામ કરો. બા પૂજાખંડમાંથી થોડી વારમાંજ બહાર આવશે.

સંત કહે છે, આપનાં દુ:ખ અને વેદનાની ભયંકરતા હું જાણું છું.

''દેવ, ગુરુ અને ધર્મના પ્રતાપે હું સંસારની વિચિત્રતાને જાણું છું. વળી કર્મની વિચિત્ર લીલાને પાર આપણે પામી શકતા નથી. આયુષ્યનો કાઈ ભરોસો નથી. એ આયુષ્યકર્મ તો કાચા સુતરના તાંતણા જેવું છે. તે ઓચિંતો ક્યારે તૂટે તે કોઈ જાણી શકતું નથી. તેમનું જીવનજળ ખૂટે તો અમારા પ્રસન્ન દામ્પત્યનો અમૃતકુંભ રિક્ત બની જાય. પરંતુ રાજકુમારનો પવિત્ર અંશ મારા ઉદરમાં ઉદયમાન થતાં વિકસિત થઈ રહ્યો છે મને શાતા અને શાંતિ આપી રહ્યો છે. મને શ્રદ્ધા છે કે એમનો આત્મા વર્તમાને સંતાપ રહિત પ્રસન્નતાનો અધિકારી છે. રાણીએ દ્રઢતાપૂર્વક પોતાની વાત રજૂ કરી.

એટલામાં દાસી કહે છે કે, રાણીબા પૂજાખંડમાંથી બહાર આવી આપની પ્રતીક્ષા કરી રહ્યાં છે.

રાણીબાએ સંતના ચરણસ્પર્શ કરી અને અભિવંદના કરી. સંત કહે છે કે રાણીબા, મારા ગુરુજીનો સંદેશ લઈને હું આવ્યો છું. ગુરુજીએ કહ્યું છે કે, ''શુ કુબુદ્ધિ સૂઝી કે મેં આપના એકના એક લાડીલા કુંવરને ગુરુકુળ બોલાવ્યા. મને કહેતેં દુ:ખ થાય છે કે આજે મોડી રાત્રે ગોઝારા આશ્રમે કુંવરને ભરખી લીધો.''

રાણી કહે છે, ''આહો ! આપણા ગુરૂજી તો કરુણાવંત છે, પરંતુ હંમેશાં મિલન આનંદદાયક અને વિરહ દુ:ખદાયક હોય છે, પરંતુ જ્યાં મિલન છે ત્યાં વિરહ નિશ્ચિત જ છે, તે નિયતિ છે, સંસારનો ક્રમ છે.''

''ધર્મનો આધાર સ્વભાવ પર છે.

જીવનમાં એકતરફ સંયોગ અને બીજી તરફ સ્વભાવ છે. બન્ને એક સમયે આવે છે ત્યારે દૃષ્ટિ કોના પર પડે છે તેના પર ધર્મનો આધાર છે. સંયોગ પર દૃષ્ટિ છે તો અધર્મ થાય છે અને સ્વભાવ પર દૃષ્ટિ છે તો ધર્મ થાય છે. અદ્રવ્ય આત્મા સ્વભાવ છે અને બધા જ પરદ્રવ્યો છે.''

''હે સંત પુરુષ! આપ તો જ્ઞાની ગુરુજીના શિષ્ય છો, નિમિત્ત અને સંયોગ પર આપણે દૃષ્ટિ શું કામ પાડીએ?''

''રાજકુમારને ગુરુકુળમાં આવવાનું નિમંત્રણ અને ગુરુકુળનો આશ્રમ એ તો નિમિત્ત માત્ર છે. આ ઘટનામાં નિમિત્ત કે સંયોગને કેમ દોષ દઈએ? ઘટનાનું કારણ તો કર્મોદય છે. અહીં શરીરનો સ્વભાવ માત્ર વિયોગનું કારણ છે. સંયોગ પર સ્વભાવનો વિજય થતાં જ ધર્મ આત્મસાત થશે. રાણીબાએ હૃદયના ભાવો વ્યક્ત કર્યા.''

સંતે કહ્યું, આપણે રાજાજી પાસે જઈએ. એટલામાં દાસી કહે છે કે સ્વયં રાજાજી આપના દર્શને અહીં પધારી રહ્યા છે.

જાણે મંથર ગતિએ ચાલતી ધીરગંભીર પ્રતભાનું પદાર્પણ થયું. મુગટ અને આભૂષણો ઉતારી રાજાએ સંતના પુનિત ચરણનો સ્પર્શ કરી ભાવપૂર્વક વંદન કર્યા અને કહ્યું કે, આટલી વહેલી સવારે આપના આગમનનું કારણ શું? ગુરુવરનું સ્વાસ્થ્ય તો સારું છે ને? સૌ ક્ષેમકુશળ છે ને?

સંતે કહ્યું, ''આજે મોડી રાતે આપના રાજકુમારનું આશ્રમમાં અકાળ અવસાન થયું છે, તે સમાચાર માટે ગુરુજીએ મને મોકલ્યો છે. આ આકસ્મિક દુ:ખદ ઘટનાથી બધા આશ્રમવાસીઓ, ગુરુકુળના વિદ્યાર્થીઓ શોકમાં ડૂબી ગયા છે.''

''હે કલ્યાણ મિત્ર સંત, આપણે તો જીવનની દરેક ક્ષણમાં શોકરહિત જીવવાનું છે, તો જ આપણે અ-શોક બની શકીશું.''

વળી રાજકુમાર મૃત્યુ કેમ પામે? હા એ જરૂર મુક્તિ પંથની યાત્રાએ જઈ શકે. મુક્તિ એટલે અમરત્વ. મુક્તિ પ્રાપ્તિની પ્રક્રિયા ધર્મ દ્વારા જ થઈ શકે. કર્મોનું બંધન આત્માને જ છે. સંબંધો કે સંપત્તિ દુ:ખનું કારણ ત્યારે જ બને કે જ્યારે તેમાં આસક્તિ હોય. આ આસક્તિને કારણે જ તેનો વિરહ આપણામાં વેદનારૂપે પરિણમે. જેટલી તેમાં નિર્લેપી દશા તેટલું દુ:ખ ઓછું. આ આસક્તિ અને કર્મોથી લેપાયેલા આત્માને મુક્ત કરવાનો છે. નોકષાય કષાય ભાવો જ મૃત્યુ છે. અન્યનું મૃત્યુ જોઈને આપણે માની લઈએ છીએ કે એક દિવસ આપણું પણ મૃત્યુ ચોક્કસ થવાનું છે. આમ મરણને આપણે આપણો સ્વભાવ માની લઈએ છીએ, પરંતુ હકીકતમાં જોઈએ તો મરવાનો સ્વભાવ તો આત્માને વળગેલા શરીરનો છે. ધર્મ એ સમજાવે છે કે શરીર અને આત્મા ભિન્ન છે. દેહ આપણો પોતાનો કઈ રીતે હોઈ શકે? માટે અહીં મૃત્યુના અનુસંધાનને તોડવાની વાત કરી છે. મૃત્યુની ઝંખના હોય તો આત્માના અમરત્વના સ્વભાવ સાથે જીવવું પડશે.

આપણે જે જગત જોઈએ છીએ તે જગતમાં મૃત્યુ એટલે શરીરથી આત્માનું અગલ થવું. દેહમાંથી જીવનું ચાલ્યા જવું એટલે મૃત્યુ. દાર્શનિક દૃષ્ટા મૃત્યુને ભિન્ન રીતે ઓળખાવે છે. ઘડીકમાં રાજી અને ઘડીકમાં નારાજી. આજે આશા કાલે નિરાશા, કોઈ પળે શુભ ભાવ તો કેટલીક ક્ષણો કષાય ભાવો, વિચારોના ચઢાવ-ઉતાર, મનની ચંચળતા, વિહ્વળતા અને ભાવોની જે અનિત્યતા છે તે ક્ષણેક્ષણે ભાવમરણ છે. અધ્યાત્મ ક્ષેત્રે તો તેને જ મૃત્યુ ગણવામાં આવે છે. નિર્લેપી દશા અને અનાસક્તિના માર્ગે જ મુક્તિની યાત્રા કરી શકાય.'' રાજાએ મૃત્યુ ચિંતન રજૂ કર્યું.

રાજકુમાર તો આ મહેલનો અતિથિ હતો. મહેમાન આવી અને ચાલ્યા ગયા. તેનાં સ્મરણોની મધુરતા આપણા જીવનને સભર કરશે. હા! વિરહમાં ઉદાસીનભાવ અને મિલનમાં પ્રસન્નતા એ સંસારનો વ્યવહાર ક્રમ છે, પરંતુ નિશ્ચયદષ્ટિમાં સમભાવ જ આપણને મુક્તિપંથના પ્રવાસી બનાવી શકે.

એટલામાં ગુરુદેવ રાજકુમાર સાથે મહેલમાં પ્રવેશે છે. હા, રાજકુમાર જીવિત છે. બધા સાનંદાશ્ચર્ય રાજકુમારને નિહાળે છે.

શિષ્યએ ગુરુજીને રાજમહેલમાં થયેલા સંવાદનું વૃત્તાંત કહ્યું.

આપને આશ્ચર્ય થશે કે આવાં આઘાતજનક અને અસત્ય વચનો મારા શિષ્યએ આપને કેમ કહ્યાં?

આ હતી આપની નિર્લેપ દશાની કસોટી. ગુરુજીએ કહ્યું.

આપની દાસીનાં સ્વસ્થતાપૂર્વક વચનોને કારણે એ કસોટી કરવા આગળ વધ્યા જે જો દાસીમાં આવાં ગુણ-જ્ઞાન હોય તો રાણીમાં કેટલાં હશે. સંતે કહ્યું.

આપ સૌની નિર્લેપી, અનાસક્ત અને સમભાવયુક્ત દશા સાચા અર્થમાં ધર્મ પામ્યા છો તેની પ્રતીતિ કરાવે છે. આશ્રમની એક હરણી બીમાર પડે તો અમે સંતો વ્યાકુળ થઈ જઈએ છીએ, ભયંકરમાં ભયંકર જવનની ક્ષણોમાં પણ આપની નિરાકુળ દશા, આપની નિર્લેપી અવસ્થાની પ્રતીતિ કરાવે છે.

આપના નામમાં ગુણોનો ભંડાર છે. યથા નામ તથા ગુણ તેવા આપે ''નિર્લેપી રાજા'' એ નામને ચરિતાર્થ કર્યું છે. તેમ કહી રાજકુમાર સહિત નિર્લેપી રાજાના સમગ્ર પરિવારને ગુરુદેવ આશીર્વાદ આપી વિદાય લીધી. ❖❖❖



# યજ્ઞ

ગિરીશ ગણાત્રા

**અ**ઢારમી માર્ચનો દિવસ સિસોદિયા કુટુંબ માટે ખૂબખૂબ ખરાબ બની રહ્યો. આમેય ગરીબી-સપાટીથી સહેજ ઊંચે ગુજરાન ચલાવતા કુટુંબનો છેલ્લો કમાતો મોભી હોળીને દિવસે જ દેવ થયો અને ચારેબાજુ અરેરાટી વ્યાપી ગઈ. પોતાનું ક્યારેય ભલું ન કરી શકતા ઈશ્વરને કેટલાક નિરાશાવાદીઓએ કોસ્યો, એના અસ્તિત્વ વિશે શંકા કરી અને આ સૃષ્ટિના સર્જનહારના વહીવટમાં અંધારાં સિવાય બીજું કશું નથી એવી વાણી પણ ઉચ્ચારી.

જોકે સમય અને સંજોગો એવા હતા કે સૌ કોઈને એવી અવળવાણી ઉચ્ચારવાનું મન થઈ જાય. જુવાનુજોધ જણ, કુટુંબનો એકમાત્ર બ્રેક-વીનર, સાત જણાના પેટની ચિંતા કરનારો અને આંખમાં ગુલાબી સપનાઓનો કેફ આંજેલો વિક્રમસિંહ હજુ હમણાં જ પરણ્યો હતો. એનું લગ્ન પણ પ્રેમમંજિત હતું. નવપરિણીતા દેવુબા હતી તો એની જ્ઞાતિની, પણ એક જ શેરીમાં બચપણથી ઊછરેલા આ કિશોર-કિશોરીએ બહુ જ નાનપણથી એનાં હૈયા એકબીજામાં રોપી દીધાં હતાં. દેવુબાનું કુટુંબ એવું સદ્ધર તો નહોતું. સ્ટેટ ટ્રાન્સપોર્ટમાં ડ્રાઈવરની નોકરી કરતા અને વજુબાપુના નામથી ઓળખાતા આ રાજપૂતે રાજસ્થાની રાજપૂત કુટુંબના છોકરા વિક્રમસિંહ સિસોદિયા સાથે પુત્રીનો વિવાહ કરતા ખચકાટ અનુભવ્યો, પરંતુ સ્વજ્ઞાતિના મુરતિયાને પ્રથા પ્રમાણે મોટો વાંકડો આપવાનો રહેતો હતો અને એ એના ગજા બહારની વાત હતી એટલે ના-છૂટકે- છોકરો રાજપૂત જ્ઞાતિનો તે છે ને, એવી હૈયાધારણ સાથે પુત્રીને આ રાજસ્થાની રાજપૂત સાથે પરણાવી. મીંઢળબંધુ આ કુટુંબ હજુ નવપરણીત જોડાને કુળદેવીને પગે લગાડવા પણ લઈ જઈ શક્યું નહોતું ત્યાં એક અકસ્માતમાં વિક્રમસિંહના રામ રમી ગયા અને દેવુબા માથે વૈધવ્ય આવી પડ્યું.

પણ સિસોદિયા કુટુંબની આ પહેલી જ વિધવા નહોતી. દેવુબાના સાસુ વિધવા તો હતા જ અને એક વર્ષ પહેલાં જેઠાણી થયાં. એના બે નાના છોકરાઓએ પિતા ગુમાવ્યા અને છેલ્લે ગયો કુટુંબનો એક માત્ર પુરુષ. ઘરમાં ત્રણ ત્રણ વિધવાઓ, એક પરણવાલાયક જુવાન છોકરી અને બે નાનકડા છોકરાઓ. આજીવિકા રળનારો ગયો અને સૌને નોંધારા કરતો ગયો. ઘરમાં રહી માત્ર ચાર સ્ત્રીઓ અને બે બાળકો. પેટના ચૂલાની આગ હવે શી ઓલવાશે ? આ ચિંતા માત્ર આ જ કુટુંબની નહોતી, આડોશીપાડોશીઓ અને આ કુટુંબને ઓળખતા સૌને હતી.

વિક્રમસિંહ તો ખાસ ભણ્યો નહોતો, પણ દેવુબા ભણી હતી-કૉલેજનું એક વર્ષ કરેલું. જોકે આટલી લાયકાત એને કોઈ નોકરી અપાવવા જેટલી પૂરતી નહોતી. એની જુવાન નણંદ પણ ખાસ ભણેલી નહિ. સાસુ અને જેઠાણી પણ લગભગ અશિક્ષિત કહેવાય એવી કક્ષાનાં. જૂના જમાનાની રૂઢિઓ અને પરંપરાને અપનાવી બેઠેલી આ સ્ત્રીઓ બહાર કામ કરવા ન જાય. પરપુરુષની આડે પણ ન ઊતરે એવી મલાજામાં રહેનારી સ્ત્રીઓ. એ જો કંઈ કામ કરી શકે તો કોઈના ઘરના ઠામ-વાસણ માંજવાનું કે કપડાં ધોવાનું. ભરતગૂંથણ કે એવી કોઈ કલાકારીગરીના પણ જરાય માહેર નહિ. શેરીનો પટ પણ ઓળંગવામાં નહિ માનનારી આ સ્ત્રીઓ માથે હવે જીવન ટકાવી રાખવાની ચિંતા આવી ઊભી.

વજુભાએ તો દીકરીને કહેણ મોકલાવી દીધું કે બેટી, આવતી રહે પાછી. એ ઘરમાં તારો રંડાપો નહિ વીતે.

ઘડીભર તો દેવુબાને થયું કે ચાલને જીવ, જતી રહું માવતરને ઘેર. આમેય આ ઘર સાથે કયાં હજુ નેડો બંધાયો છે તે વળગી રહું ? ફોડી લેશે એ બધા એનું. પારકાના કામ કરવા કરતાં માવતરના ઘરનાં એંઠાં વાસણ માંજવાં કે સંજવારી કાઢવા વધુ સારાં. એણે આ વિચારને ઘૂંટયો પણ ખરો. વરની વરસી વાળીને પિયરે જતા રહેવાનો દિવસ પણ નક્કી કરી નાખ્યો, પણ જેમજેમ એ દિવસ નજદીક આવતો ગયો એમએમ એની નજરે સાસુ, જેઠાણી, નણંદ અને બે નાનકડા માસૂમ ચહેરાઓ પણ ડોકાયા કરતી દયા આંખમાં ખૂંચવા લાગી. દરરોજ રાત્રે એ વિચારતી કે હવે આયખું પૂરું કરવાનું છે તો પછી આ ઘર સારું કે પેલું, પોતાનું ઘર ? અહીં પણ મરવાનું છે ને ત્યાં પણ મરવાનું છે તો પછી શેરીના આ છેડે

મરવું કે પેલા છેડે બન્ને વચ્ચે તફાવત શું છે ?

મરવાની વાતને ફરી એને વિચારના ખરલમાં ઘૂંટી. ખૂબખૂબ ઘૂંટી, લસોટી. વાત જેમજેમ ભાંગતી ગઈ એમ એમ એને થયું કે એની આવી દશામાં જો એની જ જ્ઞાતિ એને કંઈ મદદરૂપ થવાની ન હોય તો એના જડ નિયમો, રૂઢિઓ, પરંપરાને વળગી રહેવામાં ભલા, શું સાર ? બહેતર છે કે વાડો ઓળંગી જ જવો. બહુબહુ તો શું થશે ? એની ચિતાને કોઈ દેન નહિ દે એટલું જ ને ? પણ એ તો આપ મુઆ પીછે ડૂબ ગઈ દુનિયા જેવું થયું. મર્યા પછી માણસનું મગજ જ જો મરી જતું હોય તો એની તસ્દી વળી મગજને શી આપવી ?

પતિની વરસી વળ્યા પછી આઠમે દહાડે આછા રંગવાળી સાડી પહેરી, તૈયાર થઈને એ બહાર જતી હતી ત્યાં સાસુએ પૂછ્યું-

''વહુ કયાં જાઓ છો ? બાપને ઘેર પગ ઘાલવા ?''

''ના, બા. મારે ઘેરથી સાડલો બદલવાનું કોઈ કહેણ આવ્યું નથી અને આવશે તો જવાની પણ નથી. ભવાનીમાનું નામ લઈ, મેં જાતે જ આ ઘરમાં સાડલો બદલી લીધો છે.

''તો પછી કયાં પગ ઉપાડ્યાં ? માતાના મંદિરે ?''

''રસ્તામાં આવે છે એ શંકરદાદાની દેરીએ માથું ટેકવતી જઈશ પણ હવે બહાર શું કામ નીકળી છું એય કહેતી જાઉં. હવે એ તો છે નહિ. કોટીનું તળિયું દેખાવા લાગ્યું છે તો કંઈક કરવું પડશે ને ? હું તમારા બધા કરતાં થોડું વધારે ભણી છું તો એ ભણતરને કામે લગાડવાનો પ્રયત્ન કરવા જાઉં છું. તમારા દીકરાને ગંભીરસિંહ બાપુ જોડે ખૂબ સારાસારી હતી...''

''ઓલ્યો બેંકવાળો ગંભીરસિંહને ?''

''હા, એના ઘરનું ઘણું નાનું-મોટું કામ એમણે કરી દીધું છે. અત્યારે એ સેવામાંથી પરવાર્યા હશે તે એની પાસે ખોળો પાથરવા જાઉં છું.''

''હાથ લાંબો કરવા ?''

''તમે સમજો છો એવો હાથ લાંબો નહિ કરું. મોટી બૅન્ક ચલાવે છે તો જે આછુંપાતળું કામ ત્યાંથી મળ્યું તે, મહેનત કરીને કમાવુ છે, ભીખ માગીને નહિ.''

''તે તમે નોકરી કરવા જશો ? આપણા સમાજમાં કોઈ બૈરું નોકરી કરવા જતું નથી.''

''અને એ સમાજ આપણું કંઈ ભલું પણ નથી કરવાનો. સમાજનું કોઈ ફરક્યું છે આપણે ત્યાં ? મોઢે થઈને જતા રહ્યા. ગયા તે ગયા પછી કોઈ ડોકાણું પણ નથી. આપણે જીવીએ કે મરીએ, એને શું પડી છે તે ટેકો દેવા આવે ? હા, સમાજ વાતો કરશે, બિલોરી કાચ નીચે આપણને સૌને ઝાંસશે, બે ભૂંડા વેણ કાઢશે પણ કોઠીએ જાર ભરવા કોઈ નહિ આવે. તમે તો બા, ખર્યું પાન ગણાઓ, તમારે જીવતરનાં ઝાઝાં દુઃખ જોવાનાં નથી. જે જોવા પડશે એ મારે, મારી જેઠાણીએ, એના છોકરાઓને અને ચન્દ્રાબાને. ચન્દ્રાબાને કોણ પરણાવશે ? આવું બધું વિચારીને નક્કી કર્યું છે કે હવે જો કોઈએ કંઈ કરવું પડશે તો એ મારે જ કરવું પડશે... અને બા, એક વાત કહી દઉં. તમને મનમાં ભો' હોય કે હું મારા માવતરે પાછી ફરીશ તો એ કાઢી નાખજો. આ જ ઘરમાંથી મારી અર્થી ઊઠશે. લ્યો બા, કલાકેક માં પાછી છું.''

દેવુબા પગમાં ચપ્પલ ઘાલી સડસડાટ ઘરની બહાર નીકળી ગયાં. જુવાનજોધ રાંડેલી વહુને શું કહેવું એની મતિ ન સાસુને રહી કે ન જેઠાણીને.

દેવુબા ગંભીરસિંહને મળ્યાં. એમ નોકરી દેવુબાની રાહ જોઈને બેઠી તો નહતો જ પણ લગાતાર બે-અઢી મહિનાના ધક્કા-અરજી પછી દેવુબાને જે નોકરી મળી એ એની રૂઢિગત પ્રણાલીની તો નહોતી જ. કૉલેજનું પહેલું વર્ષ ભણી ચૂકેલી દેવુબાને બૅન્કના પાણીના ગોળાઓ ભરવાનું, સૌ કર્મચારીઓ-ગ્રાહકોને પાણી પાવાનું કામ મળ્યું. એ સાથે ટેબલ-ખુરશી સાપ કરવાનું ને બૅન્કના લેજર-ફાઈલો લે-મૂક કરવાનું પણ. દેવુબાએ મન મનાવ્યું-કોઈનાં વાસણ-કપડાં ધોવા કરતાં આ કામ શું ખોટું છે ? એને ગંભીરસિંહજીની એક વાત યાદ આવી ગઈ : કામ થોડાં હલકા પ્રકારનું છે, પણ એય કરતાં કરતાં બૅન્કની કામગીરી શીખતાં જજો. આટલું ભણ્યા છો તો અઘરું નહિ લાગે. જતે દહાડે કલાર્કની ભરતી થશે ત્યારે તમારી અરજી સાથે અનુભવનું ભાથું કામ લાગશે.

તમામ પ્રકારની નાનપ, છોછ કે કામની ગુણવત્તાને લક્ષમાં લીધા વિના દેવુબાએ હસતા મોઢે કામગીરી આરંભી દીધી. છ જણાની જિંદગી ટકાવી રાખવા માટેનો નાની ઉંમરનો આ પ્રથમ પ્રયાસ અને અનુભવ હતો. ત્રણ-ચાર મહિનામાં એને બૅન્કનું પ્રાથમિક જ્ઞાન અને કામનો અનુભવ મળી ગયો. સાથેસાથે એવોય વિચાર આવ્યો કે ચન્દ્રાબા ઘરમાં નવરા બેઠાં છે તો સીવણનું શીખી કેમ ન લે ? બૅન્કના મૅનેજર એની જામીનગીરી સામે સંચાની લોન આપી શકે.

દેવુબા હવે આ ઘરનો ઉદ્ધાર કરવા કટિબદ્ધ હતાં. એ માનતાં કે ભગવાન જેને તાવે છે એને સાચવે પણ છે-જો મહેનતુ હોય તો. કદાચ એની તાવવાની અને સાચવવાની રીત જુદી હશે.

વિક્રમસિંહના મૃત્યુ પછી દેવુબા ધીમેધીમે ઘરનો ઉદ્ધાર કરવાના રાહે આગળ વધી રહ્યાં હતાં. બે વર્ષમાં એ કલાર્ક

બની ગયાં, ચન્દ્રાબાને આવક રળતા કરી દીધાં. સાથેસાથે જેઠાણીને પણ ગાજબટન કરતાં કરી મૂક્યાં અને-

દેવુબા ભલે રૂપાળાં, ગોરા ન હોય, પણ એનામાં ભારોભાર નમણાશ હતી. સામાન્ય સ્થિતિને કારણે ઘરનું તમામ કામ કરતાં હોવાથી કસાયેલું શરીર અને એકવડો બાંધો હતો. હવે બૅન્કમાં ક્લાર્કની પદવી મળી એટલે સારા-સ્વચ્છ કપડાં પણ પહેરતાં. હસમુખા સ્વભાવને કારણે એ સૌની સાથે સારાસારી રાખતાં અને સૌમાં ભળતાં રહેતાં. એણે ચન્દ્રાબા માટે એક મુરતિયો શોધી રાખ્યો હતો અને એના કુટુંબીજનો સાથે વાતચીત ચાલતી હતી ત્યારે એની સાથે કામ કરતો એક યુવક નામે પ્રવીણ, છાનોછાનો એને ચાહતો થયો અને એક દિવસ લાગ જોઈ એ પ્રેમનો એકરાર કરી બેઠો.

દેવુબાને પ્રવીણ ગમતો હતો. સરસ યુવક હતો. આઠેક મહિના પહેલાં બૅન્કની પરીક્ષા પસાર કરી દાખલ થયો હતો. એનું અને દેવુબાનું ટેબલ પાસે પાસે હોવાથી વાતચીત વધારે થતી. લંચ સમયમાં રોટી-શાકની વહેંચણી થતી રહેતી. યૌવનનાં પંખીઓ આ બે ટેબલ વચ્ચે ઊડતાં રહેતાં.

પ્રવીણને દેવુબાની પરિસ્થિતિની જાણ હતી. આ વિધવા યુવતીના કુટુંબ-બચાવ જંગથી એ પ્રભાવિત થયો હતો.

એક દિવસ પ્રવીણે એની સામે પોતાના પ્રેમનો એકરાર લીધો.

''દેવું, હું તને ચાહું છું.''

''તને ખબર છે કે હું વિધવા છું' ?''

''હા, તારા વિશેની માહિતી બૅન્કમાં બધા જાણે છે.''

''અને મારે માથે મારા કુટુંબની જવાબદારી પણ છે.''

''મને ખબર છે. તારી નણંદને સીવવાની સંચાની લોન વખતે તેં ભરેલા ફોર્મમાં તારા કુટુંબની હકીકત મેં વાંચી છે.''

દેવુબા વિચારમાં પડી ગયા. આ યુવાનને શો જવાબ આપવો ? એની સામે લાંબો પંથ પડયો હતો. વિવાહિત જીવનનો રસ એ ચાખે તે પહેલાં જ એ વિધવા થઈ. યૌવનની વસંત કરમાય તે પહેલાં જ એ વિધવા થઈ. યૌવનની વસંત કરમાય તે પહેલાં આવી પડેલી આ દરખાસ્ત વધાવી લેવા જેવી ખરી.

પણ પછી એને બીજો વિચાર આવી ગયો. હજુ નણંદને પરણાવવાની છે. એમાં થોડું કરજ થશે. એ કરજ કોણ ભરપાઈ કરશે ? જેઠાણીના ભવિષ્યનો આધાર એનાં બે સંતાનો પર છે. એ ભણીને લાઈનસર થાય, ઘરમાં કમાણી આવે એની આડે હજુ પંદરેક વર્ષનો ગાળો છે. સાસુની ઉંમર થતાં એની તબિયત પણ નરમ-ગરમ રહે છે. એની દવાના પણ ખર્ચ થવાના. આ બધી જવાબદારી કોણ ઉપાડશે ? પ્રવીણ એના પગારને ન અડકે પણ સમય જતાં એના જ ઘરના સભ્યો એ પગારમાં કાપ મૂકે અથવા પૂરા પગારની માગણી કરે ત્યારે શું ? એથી પણ વિશેષ વાત એ હતી કે અત્યારે કોઈ પણ ઘરમાં પુરુષ-સભ્યની અનુપસ્થિતિમાં એ જ કર્તાહર્તા હતી, એણે જ પુરુષ-સમોવડી બનીને ઘરના વ્યવહારો જાળવવાના હતા ત્યારે આ ઘરમાંથી વિદાય લેતી વખતે એનું નેતૃત્વ કોણ કરશે ?

એના પોતાના ભવિષ્યનાં સુખ અને સપનાઓ સામે ફરજનો પહાડ ઊભો હતો.

''શું વિચારમાં પડી ગઈ ? પ્રવીણે પૂછયું.

''તને વિચાર કરીને જવાબ આપું.''

''એમાં વિચાર કરવા જેવું શું છે ?''

''પ્રવીણ, મને ખબર છે કે મારા જેવી વિધવાનો હાથ પકડવા બહુ ઓછા તૈયાર થાય, પણ હું જે પરિસ્થિતિમાંથી પસાર થઈ રહી છું એ પરિસ્થિતિના એકેએક પ્યાદાનો વિચાર કરી મારે ચાલ ચાલવની છે. મને થોડો સમય આપ.''

ઊંઘ વિનાની આઠ આઠ રાતો પસાર કરી એણે છેવટે પ્રવીણને જવાબ આપ્યો- સોરી પ્રવીણ, મને માફ કર.

દેવુબાએ પોતાનાં સુખનાં સપનાઓને ફરી ગોઠવ્યા. લગ્નસુખના આનંદ સામે ફરજ બજાવ્યાનો સંતોષ પણ એક આનંદ છે ને ? એક છે નિજી સુખ, બીજું છે સમસ્ત, સર્વસ્વ સુખ, મૃત્યુની અંતિમ ક્ષણે એના જીવનનું સરવૈયું શું બાવશે ?

એને ઈકબાલનો એક શેર યાદ આવી ગયો :

***ખુદીકો કર બુલંદ ઇતના***
***કિ હર તકદીર સે પહેલે***
***ખુદા બંદે સે ખુદ પૂછે,***
***બતા તેરી રજા ક્યા હૈ ?***

બસ, દેવુબાએ પોતાની બુલંદી મજબૂત કરી લીધી. એણે આ ઘરને આબાદ કરવા પોતાના નિરધારને દોહરાવ્યો. વીતી ગયેલા સમયમાં એણે નણંદને પરણાવી, પોતાના ભત્રીજાઓને ભણાવ્યા, એને કામે લગાડ્યા, સાસુની અંતિમ ક્ષણો સુધી સેવા કરી અને ઘરને પગભર કર્યું. આ બધું થોડા મહિનાઓ કે વર્ષોમાં નહોતું થયું. સમયપંખીને લાંબી ઉડાન ભરવી પડેલી.

સુડતાળીસ વર્ષના દેવુબા આજ પણ સવારે દસ વાગે એના મોપેડ પર બૅન્કમાં જવા નીકળી જાય છે. સાંજે પાછા ફરતી વખતે શાક-માર્કેટમાંથી શાકભાજી અને ઘરની ખૂટતી વસ્તુઓ લઈને ઘેર આવે છે, પણ હજુંય એ થાકતાં નથી. ઘરમાં પગ મૂકતાવેંત જ એ સુકાયેલા કપડાંની ગડી કરવા, શાક સમારવા લાગી જાય છે. કપડાં

બદલાવી એ રસોડામાં પ્રવેશ કરે છે અને જેઠાણીના હાથમાંથી લોટની તાસક લઈ લોટ બાંધવા બેસી જાય છે અને કહે છે- ભાભી, તમે મારી સામે બેસો. નરેન્દ્ર અને જ્યોતીન્દ્રની વાત કરો. બન્ને બરાબર ધંધો કરે છે ને ? કોઈ આડા માર્ગે તો જતા રહ્યાં નથી ને ? તમે ભાભી, માતાજીને સાંજનો દીવો કરો પછી આપણે બન્ને રોટલીઓ ચોડવતા જઈએ. બન્ને છોકરાં ભૂખ્યા ડાંસ થઈને ઘેર આવશે ત્યારે રાહ જોવામાં નહિ માને. તમે હાથ ધોઈને દીવો પ્રગટાવો પછી હું હાથ ધોઈ આશકા લેવા આવું...

દેવુબાના યજ્ઞના ઈંધણ હજુ ઓલવાયાં નથી. માતાજીની છબી સામે બે હાથ જોડી એ પ્રાર્થના કરે છે ત્યારે એને વેદવાક્ય યાદ આવી જાય છે-

**આયુષઃ ક્ષણ એકોડપિ ન**
**લભ્ય સ્વર્ણકોટિભિઃ**
**સ ચેન્નિરર્થકં નીત : કા નુ**
**હાનિ : તતોડધિકઃ**

(આયુષ્યની એક ક્ષણ પણ નકામી ન જવા દો. કરોડો સોનાના સિક્કાઓ આ વીતેલી ક્ષણ ખરીદવા સમર્થ નથી.)

❖❖❖

---

# અઢી શેર જુવારનો ધણી

**હર્ષકાંત વોરા**

દરિદ્રનારાયણ દેવનાં દર્શન કરવાં હોય, તો સુરત જિલ્લાના કોટવાળિયાની સન્મુખ થજો.

નદી-કિનારા નજીક વાંસની ગોળાકાર છાપરીમાં નવ જણનો પરિવાર. બાવાસાધુ વાપરે તેવો ત્રણ પથ્થરનો ચૂલો, બે હાંડલી, માછલીની જાળ અને તૂટીફૂટી સાદડી : આ એની ઈસ્કામત. એનો ધંધો ટોપલાં, સૂપડાં, પાલાં ગૂંથવાનો. રાતદિવસ મહેનત કરે ત્યારે જે તૈયાર થાત, તે બજારમાં જઈ પાણીને મૂલે વેચવું પડે. દિવાળીથી હોળી સુધી તરાપા પર વાંસ લઈ આવે, ગૂંથે, વેચે ને પેટિયાં પૂરાં કરે. હોળી બાદ હાંડલી સાફ. જંગલમાંથી ખોદી લાવી કડવાં કંદમૂળ બાફી ખાય. ચોમાસું બેસે ને જીવનહોડ શરૂ. પોતીકી ભોંય તો જન્મારામાં ભાળેલી જ નહીં. એટલે મોસમે મોસમે જમીનમાલિકોને ત્યાં મજૂરીએ રોપવા, નીંદવા ને લણવા જાય.

✧✧✧

ચોમાસાના દિવસો છે. સાંજનો સમય છે. સડક પર લટાર મારવા અમે નીકળેલા - ખાધેલું પચાવવા માટે. ત્યારે હાથમાં દાતરડી, પિછોડી, માથે ફાળિયું અને ઘુંગડી ઓઢીને ફાળ ભરતો કોટવાળિયો અમારી પાછળથી આવ્યો ને સાથે થઈ ગયો.

''કેમ, મજૂરીએ જઈ આવ્યા ?''

''હોવે, નીંદવા જૈ આઈવો.''

''આજકાલ મજૂરી શું આપે ?''

''દહ આના.''

''દસ આના - ત્યારે તો ઠીક...'' જરાક અવળું ચકાસવું શરૂ કર્યું !

''હું ઠીક, ભઈ ? મોંઘવારી કંઈ જેવી તેવી છે ? નાનાંમોટાં ખાનારાં દહ અને જુવાર દહ રૂપિયે મણ. કેટલી મળે ? હું ખાય !''

''જોયું - સાંભળીને વાત ?'' મેં મારા સાથીને કહ્યું.

''તમે લોક તો પગારવાળા, એટલે હામટી ભરી લો. પણ અમે તો રોજ લાવી રોજ ખાનારા. મોંઘીસોંઘી યે થાય. હારી પણ ની મળે.''

અમે આશ્વાસન આપવા માંડ્યું. ''ભી, ગભરાઈશ નહીં, હવે સારા દિવસ આવવાના છે.''

''તે કેવી રીતે ? શું થવાનું છે ?''

''નહેર અને નદીનાળાં બંધાવા લાગ્યાં છે. ધાનના ઢગલેઢગલા પાકશે.''

''એ નહેરનાં પાણી તો જમીનવાળાને જ ખપ લાગશે ને ?''

''એમાં શું થઈ ગયું ? અનાજ તો વધારે પાકશે ને ? પછી સોંઘું થાશે...''

''જુઓ, એમ તો બાર-પંદર વરહ પહેલાં જુવાર બે રૂપિયે મળતી જ હતી ને ? પણ ત્યારે મજૂરી બે આના જ આપતા. આજે ભાવ દસ રૂપિયા થયો છે તો મજૂરી દસ આના મળે છે. પણ અનાજ સોંઘું થાશે તે દી મજૂરી થોડી જ દસ આના આપશે ? તે દી તો પાછી મજૂરી બે આના થઈ જવાની ! હું બીજું ? અનાજ વધારે પાકે કે ઓછું, ભાવ વધે કે ઘટે, અમને તો અઢી શેર જુવાર જેટલી જ મજૂરી મળે. નહેર આવે કે વીજળી, મજૂરિયાને બધુંય હરખું જ. અને તો અઢી શેર જુવારના જ ધણી !''

''તો પછી શું કરે તો તમને સારું લાગે ?''

''એના કરતાં તો, એંહ, બબ્બે વીઘાં ભોંય આપી દે ને – તો બહ. જેટલી મહેનત કરીએ તેટલું પકવીએ ને ખાઈએ. ભોંય પહેલી મળે, પછી ભલે નહેર-પાણઈ મળતાં.''

અને પરિવારનાં ભુખ્યાં પેટને અઢી શેર જુવારનાં રોટલા-ભડકાં ભેગા કરવા એણે ઝડપ વધારીને અમારી વિદાય લીધી.

❖❖❖

# જેમને ભૂલી જતાં વર્ષો થયાં, યાદ આવ્યાં એક અમથી વાતમાં

☐ ડૉ. શરદ ઠાકર

**સ**વારના પ્રાતઃકર્મથી પરવારીને શેઠ દીનાનાથે સપાટ મેદાન જેવા માથા ઉપર સફેદ ટોપી ધારણ કરી અને પેઢીએ જવા માટે પગ ઉપાડ્યો. અનાયાસ એક નજર ટેબલ ઉપર પડેલી તસવીર ઉપર પડી ગઈ, સોનેરી ફ્રેમમાં મઢેલા કાચની આરપાર એમનો એકનો એક દીકરો સ્મિત ફરકાવી રહ્યો હતો.

દીનાનાથ પણ દીકરા સામે જોઈને હસ્યા: 'અદ્દલ મારા જેવો જ લાગે છે ને ? હું હતો એવો જ જુવાન, એવો જ હૅન્ડસમ અને એવો જ સ્માર્ટ. બસ, આ વાળનો અને ટાલનો ફરક છે, બાકી મારા શરીર ઉપરથી આ ધોતી, ઝભ્ભો અને ટોપી કાઢીને જીન્સનું પેન્ટ એ ટી-શર્ટ ચડાવી દો તો આજેય અમે બેય બાપ-દીકરાને બદલે ભાઈઓ જેવા લાગીએ.'

શેઠ દીનાનાથની વાત ખરી હતી અને ખોટી પણ. દીકરાની ઝેરોક્ષ બનવા માટે માત્ર વસ્ત્રો જ નહીં, એમના દેહ ઉપરથી ત્રણેક દાયકા જેટલી વાયને પણ ખંખેરી નાખવી પડે.

શેઠાણીને 'જયશ્રીકૃષ્ણ' કહીને શેઠ દીનાનાથ બંગલાનાં પગથિયાં ઊતરવા લાગ્યા, ત્યાં સામેથી દીકરો આવતો દેખાયો. મોટર-બાઈક પાર્ક કરીને પગના તળિયે જાણે સ્પ્રિંગ બેસાડી હોય એમ ઊછળતો કૂદતો નાગગ્રાના ધોધની જીવંત આવૃત્તિ જેવો વિસ્મય પિતાજીની બાજુમાંથી પસાર થઈ ગયો. એની આંખોમાં યૌવનની અલ્લડ અદા હતી, હોઠો ઉપર મસ્તીભર્યું ફિલ્મી ગીત હતું અને હાથમાં નાનકડો કાંસકો હતો. હાલતાં-ચાલતાં વારંવાર વાળ સરખા કરવાની એની આદત હતી.

શેઠજીએ એને ટપાર્યો : 'વિસ્મય બેટા,



આ તારી ટેવ છોડી દે. આખો દિવસ વાળ ઓળ્યા કરીશ તો ટાલ પડી જશે... મારી જેમ !'

વિસ્મય હસ્યો : 'પપ્પા, તમને પણ આવી જ ટેવ હતી ?'

'હતી એટલે તો તને સલાહ આપું છું. અને તારી હાલત તો મારા કરતાંયે ખરાબ થશે. મારી જેમ તારાથી ટોપી પણ નહીં પહેરી શકાય.'

બાપ-દીકરો બંને હસી પડ્યા. ગાડીનો દરવાજો ઉઘાડીને તૈયાર ઊભેલો ડ્રાઈવર અબ્દુલ પણ હસ્યા વગર રહી ન શક્યો. શેઠજી ગાડીમાં બેઠા અને અબ્દુલે ગાડી મારી મૂકી.

ગાડી દોડતી હતી એની સાથે શેઠજીના દિમાગમાં વિચારો પણ દોડી રહ્યા. વિસ્મય એમને અત્યંત વહાલો હતો. નાની-મોટી પ્રત્યેક વાતમાં, ક્રિયામાં અને ઘટનામાં દીકરાનું ચોક્કસ પ્રકારનું વર્તન જોઈને શેઠજીને પોતાનો ભૂતકાળ સાંભરી જતો. ક્યારેક એ વિસ્મયને શિખામણના બે શબ્દો પણ સંભળાવી દેતા.

શેઠ દીનાનાથને યાદ આવી ગયું, વિસ્મય હાઈસ્કૂલમાં ભણતો હતો ત્યારે ક્રિકેટની રમત પાછળ ગાંડો થયો હતો. ક્રિકેટ ખૂબ સારી રીતે રમી પણ શકતો હતો. સ્કૂલની ટીમનો કૅપ્ટન પણ બન્યો. છેલ્લી સીઝનમાં રનના ઢગલા ખડકીને 'મૅન ઓફ ધી સિરીઝ'ના ખિતાબ સાથે એ જ્યારે ઘરે આવ્યો ત્યારે ખુશ થવાને બદલે શેઠજીએ એને પાસે બેસાડીને સલાહ આપી હતી : 'બેટા વિશુ, ક્રિકેટની પાછળ પરસેવો પાડવાનું છોડી દે. એમાં ભવિષ્ય નથી. સો કરોડની વસતિમાંથી માત્ર અગિયાર જ ખેલાડીઓને ટીમમાં સ્થાન મળવાનું છે. એને બદલે ટેનિસ રમવાનું ચાલુ કર, ટેબલ-ટેનિસમાં મન લગાવ, બેડમિંટન પણ કંઈ ખોટું નથી, બાકી આ ક્રિકેટમાં તો મેં મારી કેરિયર બરબાદ કરી નાખી છે. તારું શું ભલું થવાનું ?'

'પપ્પા, તમે પણ ક્રિકેટ રમતા હતા ?' વિસ્મયે વિસ્મયપૂર્વક પૂછ્યું હતું.

'રમતો હતો ? અરે, હું તો ક્રિકેટનો કીડો હતો કીડો. ચોગ્ગા કરતાં છગ્ગા વધારે મારતો હતો. આખી કૉલેજ મને સી.કે. નાયડુનો નવો અવતાર માનતી હતી. પણ પછી શું ? કંઈ નહીં. કૉલેજ પૂરી એની સાથે ક્રિકેટ પણ ખતમ માટે તને કહું છું કે...'

'પપ્પા, તમે તો દરેક વાતમાં મનાઈ જ ફરમાવો છો.' વિસ્મયે રિસાયેલા સ્વરે કહ્યું હતું, પણ બેટો નીકળ્યો કહ્યાગરો ! એ દિવસથી એણે ક્રિકેટમાંથી મન પાછું ખેંચી લીધેલું.

દરેક બાબતમાં મનાઈ? શેઠ દીનાનાથને દીકરાની ફરિયાદ યાદ આવી ગઈ. એક રીતે જોતાં વિસ્મય સાચો હતો. એમના પોતાના ભૂતકાળમાં ઘટેલી ઘણી બધી ઘટનાઓનો ઓછાયો દીકરાના વર્તમાન ઉપર પથરાતો રહેતો હતો. બાપ હોવાના નાતે શેઠજી મન ઉપર સંયમ રાખી શકતા નહોતા. કેટલી બધી ઘટનાઓ

હતી ? અને કેટલી બધી સલાહો હતી ? !

'બેટા વિસ્મય... !'

'જી, પપ્પા.'

'આપણે સાયન્સમાં આગળ નથી વધવું. કૉમર્સ લઈને ગ્રેજ્યુએટ થવાનું છે.'

'પણ પપ્પા...'

'દલીલ નહીં. તું તો ડૉક્ટર કે એન્જિનિયર બની જઈશ. પણ પછી આ ધંધો કોણ સંભાળશે ? તારો બાપ ?'

'મારો બાપ... આઈ મીન, મારા પપ્પા તો સંભાળે છે.'

'એ ક્યાં સુધી ? હું મરી જઈશ પછી પેઢીએ તાળાં મારવાનાં છે કે શું ?' શેઠજીએ અતીતના પટારામાંથી અનુભવનું કીમતી રત્ન બહાર કાઢ્યું : 'તને મારી વાત કરું' મેં પોતે સાયન્સ રાખેલું. બી.એસસી. વિથ કેમેસ્ટ્રી થયો. પછી શું ? પેઢીએ બેઠો ત્યારે જમા-ઉધારના સાંધા જડે નહીં. છ મહિને માંડે નામું માંડતાં શીખેલો. માટે તને કહું છું કૉમર્સમાં આગળ વધ... !'

અને વિસ્મયે બી.કોમ. પસંદ કર્યું. પછી તો બાપ-દીકરાની જિંદગીમાં સલાહ અને શિખામણનું મુશળધાર ચોમાસું જામ્યું. શેઠ દીનાનાથ દીકરાને એમની પાસે બેસાડીને 'બેટા વિસ્મય' કહીને વાતની શરૂઆત કરે એટલે તરત જ દીકરો સમજી જાય પપ્પા નામની સુપ્રીમ કોર્ટમાંથી મનાઈ હુકમ આવી રહ્યો છે. આ બધો ભૂતકાળ યાદ કરીને શેઠ હસી પડ્યા. ગાડી ઊભી રહી. પેઢી આવી ગઈ હતી. શેઠજી ધોતિયું સંભાળતા નીચે ઊતર્યા.

બપોરના દોઢ વાગતાં સુધીમાં ભૂખ લાગી. ભોજન માટે ઘેર જવાનો સમય થઈ ગયો. શેઠ ગાડીમાં બેસીને ઘરની દિશામાં જઈ રહ્યા હતા, ત્યાં બારીની બહાર એમની નજર પડી. એ ચોંકી ગયા. આ શું ?

'અલ્યા, અબ્દુલ !' એમણે ડ્રાઈવરને ઉદ્દેશીને પૂછ્યું : 'તું પણ એ જ દશ્ય જુએ છે, જે હું જોઈ રહ્યો છું ?'

'હાં જી, શેઠસા'બ ! વો લડકા અપના છોટા શેઠ હી હૈ.' અબ્દુલે સાક્ષી આપી. સામે કૉર્નર ઉપર એક લારી પાસે ઊભાં રહીને વિસ્મય અને એક રૂપાળી, જુવાન છોકરી નાળિયેર પાણી પી રહ્યાં હતાં, એક જ નાળિયેર અને બે સ્ટ્રો. બંનેની આંખો એકબીજાની નજરને પી રહી હતી, એમાં તો સ્ટ્રો પણ એક જ હતી.

'કોણ છે પેલી ફટાકડી ?' શેઠજીએ પૂછ્યું. અબ્દુલે ચાલુ ગાડીએ માહિતી પીરસી. કુરંગી નામ છે એનું. કૉલેજમાં નાના શેઠની સાથે ભણે છે. ગરીબ ઘરની કન્યા છે. બાપ નથી. મા છે. સુમિત્રા દલાલ નામ છે મમ્મીનું. છેલ્લા દોઢ વરસથી આ બેયની વચ્ચે 'ઈલુ-ઈલુ' ચાલુ છે. નાના શેઠ તો કુરંગીની સાથે લગ્ન કરવા માટે પણ તૈયાર છે, બસ, બાપનો ડર લાગે છે.'

'હં... !' બેટમજી પ્રેમ કરવા નીકળ્યા છે !' શેઠ દીનાનાથ વિચારમાં ગરકાવ થઈ ગયા : 'અદ્દલ મારી ઉપર ગયો છે. કૉલેજના ત્રીજા વરસમાં હતો ત્યારે હુંયે સુમીના રેશમી વાળની કેદમાં ગિરફ્તાર થઈ ગયો હતો, પણ સુમી ગરીબ ઘરની છોકરી હતી. એની સાથે પરણવાથી કારકિર્દી ખતમ થઈ જાય એનું શું ? બાપાની મરજી મુજબની મંગળાગૌરી સાથે પરણી ગયો. પરિણામે ધન-દૌલત, ગાડી-વાડી બંગલો અને...સુખ !'

સુખ ? શેઠ અટક્યા. મંગળાની સાથે પરણીને એ ખરેખર સુખી થયા છે ખરા ? જાડી, કાળી, કદરૂપી મંગળા સ્વભાવે પણ કર્કશા નીકળી. દામ્પત્યમાંથી દીનાનાથને રસ જ ઊડી ગયો. સમગ્ર ધ્યાન ધંધો જમાવવા તરફ વળી ગયું. કારકિર્દી જામી ગઈ, અંગત જીવનરસ સુકાઈ ગયો. હજી પણ ક્યારેક ક્યારેક સુમી સાંભરી જાય છે... અને... આંગળીના ટેરવાને અતીતમાં થયેલો એ રેશમી સ્પર્શ મીઠી ખણની જેમ યાદ આવી જાય છે. પાછળથી જાણવા મળેલું કે સુમી કોઈ એના જેવા જ ગરીબનું ઘર માંડીને બેસી ગઈ હતી, આ જ શહેરમાં, એને એક દીકરી પણ થઈ અને પછી સુમીનો પતિ ટ્રક નીચે દબાઈને મરી ગયો હતો. સુમી હવે ગં.સ્વ. સુમિત્રા દલાલ હતી. દીનાનાથને અસંખ્ય વાર ઈચ્છા થઈ આવી હતી, એક વાર સુમીને મળવાની, પણ એ માટે જરૂરી હિંમત એ ક્યારેય જુટાવી શક્યા નહીં.

પણ વિસ્મય આ શું કરી રહ્યો છે ? કુરંગી જેવી ગરીબ ઘરની છોકરીના પ્રેમમાં પડયો છે ? એની સાથે લગ્ન કરવા તૈયાર થયો છે ? કારકિર્દીનું કાસળ કાઢવા માગે છે ?

એ સાંજે શેઠ દીનાનાથે ફરમાન છોડ્યું : 'વિસ્મયને મારી સામે હાજર કરો.'

અબ્દુલે કાનમાં ફૂંક મારી દીધી હતી, એટલે વિસ્મયના અંગેઅંગમાં મેલેરિયા જેવી ધ્રુજારી ઊપડી હતી : 'પપ્પા, મને માફ કરો... ! કાલથી હું ક્યારેય કુરંગીને નહીં મળું... મારી ભૂલ થઈ ગઈ...'

'ચૂપ કર, બેટા ! ભૂલ તો વર્ષો પહેલાં મારાથી થઈ ગઈ છે. તું તો એ ભૂલને સુધારી રહ્યો છે. સુમિત્રાએ આ બંગલામાં આવવાનું હતું એને બદલે એની દીકરી હવે આવશે. કાલે સવારે તું કુરંગીને મળવા માટે જા યએ પહેલાં મારે એની માને મળવા માટે જવું પડશે ! કીપ ઈટ અપ, માય સન !'

વિસ્મય સમજી ન શક્યો કે અચાનક આ શું થઈ ગયું છે ! દરેક બાબતમાં મનાઈ હુકુમ ફરમાવનાર પપ્પા આ વખતે 'સ્ટે ઓર્ડર' ઉઠાવી કેમ રહ્યો છે ?

❖❖❖

# આપણે, પાર્ટ-ટાઈમ માબાપો

**ભૂપત વડોદરિયા**


**મું**બઈની ૧૨૦ શાળાઓમાં બાર માસ દરમિયાન એક કૉલેજે કરેલા સર્વેક્ષણમાંથી એવું તારતમ્ય નીકળ્યું છે કે બાળ-ગુનેગારીમાં દર વરસે અગિયાર ટકા જેટલો વધારો થઈ રહ્યો છે. બીજા ગુનાઓના પ્રમાણમાં બાળગુનાઓનું પ્રમાણ મહારાષ્ટ્રમાં ૨૫ ટકા જેટલું, એટલે કે દેશમાં સૌથી વધુ છે.

આ મોજણીમાંથી એ હકીકત આપણી નજર સામે આવે છે કે બાળકોમાં ગુનેગારીનું વલણ વધ્યું છે, કારણ કે એમની ઉપર માબાપોનો અંકુશ ઘટ્યો છે, વાલીઓની સંભાળ ઓછી થઈ છે. ક્યાંક બાળકને માબાપનો વધુ પડતો પ્રેમ મળે છે અને એ બગડે છે, ક્યાંક એને ઘરમાં મુદ્દલ પ્રેમ નથી મળતો તેથી બાળક તોફાની બને છે. કેટલાંક ઘરોમાં બાળકો ઉપર મુદ્દલ અંકુશ નથી તેથી તેઓ બગડે છે, તો કેટલાંક ઘરોમાં એમની પર વધુ પડતા અંકુશને કારણે બાળકો હાથથી જાય છે.

સર્વેક્ષણે એક માર્મિક નોંધ કરી છે કે, ''બાળકો ઉછેરવાની કળા આપણે ગુમાવી બેઠા છીએ, એવું લાગે છે.''

હા, વાત સાચી છે કે બાળકો ઉછેરવાની કળા આપણે ખોઈ બેઠાં છીએ. હકીકતે, આપણે બધાં પાર્ટ-ટાઈમ માબાપ બની ગયાં છીએ. માત્ર સમયનો મુદ્દો આમાં નથી – આપણા એકંદર ધ્યાનની એમાં વાત છે. બાળકો ઉપર ખરું ધ્યાન આપણે આપતાં નથી, માબાપ તરીકે આપણે જે એકાગ્ર ધ્યાન તેમની ઉપર આપવું જોઈએ તે આપતાં નથી.

બાળ-ઉછેર એ 'ફુલ-ટાઈમ' નહીં, 'હોલ-ટાઈમ'ની કામગીરી છે. પણ તેજ રફતારના આ જમાનામાં મા બાપ વહેલી સવારથી દોડવા માંડે છે. ઊંચા જીવનધોરણનું ભૂત આપણી ઉપર સવાર થયું છે. વધુ કમાણી અને સુખસગવડનાં વધુ સાધનો પાછળની આ આંધળી દોટમાં આપણે બાળકોના ઉછેરની સરિયામ ઉપેક્ષા કરીએ છીએ. આપણને તેને માટે સમય



નથી એટલું જ નહીં, તેમાં આપણને રસ પણ નથી રહ્યો. હા, બાળકો માટે પ્રેમ છે, પણ તે એક લોહીની સગાઈનો છે, સાચી સમજદારીમાંથી જન્મેલો નથી. બાળકો તરફ આપણે બેધ્યાન રહીએ છીએ અને તે માટે આપણું દિલ ડંખે પણ છે. પરંતુ આપણે એવું આશ્વાસન લઈએ છીએ કે છેવટે તો આ બધી દોડધામ બાળકોના જ સુખ માટે છે ને ? એ આપણું બચાવવાનું છે. બાળકોના ભાવિ કલ્યાણને ખાતર આપણે વર્તમાનમાં બાળકોની ઉપેક્ષા કરીએ છીએ.

ઘરમાં કે શેરીમાં આપણા બાળકનો ચહેરો આપણે બરાબર ઓળખી શકતાં નથી. એ એની દુનિયામાં ખોવાઈ ગયેલો છે, અટવાઈ ગયેલો છે; આપણે આપણી દોડધામમાં મસ્ત છીએ. બાળક તેની જરૂરિયાતોની યાદી આપણી આગળ રજૂ કરે.

એટલે ઑફિસમાં સાહેબ કોઈનું બિલ પાસ કરે તે ઢંગથી આપણે કાં તો આંખો મીંચીને તે પાસ કરી દઈએ છીએ, અગર આપણો મિજાજ બગડેલો હોય તો બિલમાં જાતજાતના વાંધા કાઢીએ છીએ.

પણ બાળક ચકોર હોય છે. તે તરત જ પામી જાય છે કે માબાપને પોતાનામાં બહુ ઊંડો રસ નથી, પોતાને માટે સાચો પ્રેમ નથી. એટલે ધીરે ધીરે બાળક માબાપથી માનસિક રીતે દૂર થતો જાય છે. હવે એ માબાપને પ્રશ્નો કરતો નથી, એમની સમક્ષતોફાન કરતો નથી. માબાપ સમજે છે કે છોકરાની ગાડી લાઈન ઉપર છે. બાળક કપડાં ઢંગથી પહેરે છે, થોડા અંગ્રેજી શબ્દો ગોટપીટ બોલે છે, એટિકેટ શીખી લે છે.

માબાપને ખબર નથી કે એ બાળક તો પિંજરામાં પડેલા પંખીની કે સાંકળે બંધાયેલા પ્રાણીની થોડી લાચાર વિવેકવાણી જ શીખ્યું છે. એ તેમનાથી ઘણું દૂર નીકળી ગયું છે, તેનું ભાન તેમને થતું નથી. પિતાને સમય નથી, માતાને પણ સમય નથી. કેટલીક માતાઓ ઘરકામ અને પારકી પંચાતમાં ડૂબી ગઈ છે.

પછી એ બાળક જરાક મોટું થઈને જ્યારે ચપ્પુ રમાડતું, કોઈનું પાકીટ તફડાવતું કે બીજું કાંઈક ખોટું કરતું માબાપ સમક્ષ રજૂ થાય છે, ત્યારે માબાપને એકાએક જબરો આઘાત લાગે છે. તેમને નવાઈ લાગે છે કે આ બાળગુનેગાર શું પોતાનું જ સંતાન છે ? આવું કેમ બની શકે ?

પણ આવું જ બને છે, અને તેની જવાબદારી માબાપોની છે. કોઈ કહેશે કે

આજની દુનિયામાં માબાપ બિચારાં રોજીરોટી માટે માર્યાં ફરતાં હોય છે, ત્યાં બાળકોની પાછળ કેટલુંક ધ્યાન આપે ? એ બિચારાં શું કરે ? પણ આ બચાવ માબાપોને કાંઈ કામ આવવાનો નથી. તમારે બાળક છે, તો તેની ઉપર ધ્યાન આપો, તેને પ્રેમ આપો, તેને જીવતાં શીખવો, તેને ઊંચાં ચઢાણ શું છે તે સમજાવો. તમારા જીવનમાં એ છે, તો તેને યોગ્ય સ્થાન આપો.

મોટા ભાગનાં માબાપો માની લે છે કે, આપણે બાળકને ખાવાપીવા આપીએ, કપડાં આપીએ, પાઠ્યપુસ્તકો અને ભણવાની ફી આપીએ, એટલે આપણી ફરજ પૂરી થઈ ગઈ. પણ આટલી જરૂરિયાતો પૂરી પાડવાથી માબાપ નથી બની જવાતું. માબાપે તો બાળકને ઉછેરવું પડે છે. એક ગુલાબના છોડને પણ ચાનું પાણી માફક આવે છે, તેટલી સમજ આપણે કેળવી છે. પણ બાળકને પોષણ કયા ખાતરમાંથી મળશે, કેવી માટીમાંથી મળશે, તેની પરવા આપણે નથી કરતાં.

બાળકને આપણે શિક્ષક પાસે ધકેલીએ છીએ. શિક્ષક તેને પાછું ઘેર ધકેલી દે છે. પછી બાળક આવારાઓની ટોળીમાં ભળી જાય છે. તેને ખબર પડી જાય છે કે ઘરમાં તેને માટે ઝાઝી જગ્યા નથી, નિશાળમાં તેને માટે ગણતરીના કલાકોથી વધુ સમય નથી. આથી આવારા ટોળીનો આવકાર તેને મીઠો લાગે છે, ત્યાં એના જીવને ચેન પડે છે.

જૂની કુટુંબવ્યવસ્થાના કેટલાક ગેરલાભ હશે. પણ દાદા-દાદીવાળાં ઘરનો એક મોટો લાભ હતો. એ વૃદ્ધો બાળકોનું જતન કરતાં, બાળકોને પ્રેમ કરવા માટે એમની પાસે સમય હતો. એમના સાંનિધ્યમાં બાળકને સ્નેહ, સંતોષ અને સલામતીનો અનુભવ થતો. વિભક્ત કુટુંબમાં એ ખૂટતું લાગે છે. આજનું બાળક પોતાના કુટુંબ સાથેનો જીવંત સંબંધ ગુમાવી બેઠું છે. તેને કુટુંબનાં બધાં સગપણોની પણ ખબર નથી. એ ખરેખર એકલું પડી ગયું છે. એકલું બાળક તેના ચિત્તમાં જાતજાતના જીન પેદા કરે છે. આપણે અત્યારે જે જોઈએ છીએ તે કુટુંબથી અટૂલા પડી ગયેલા બાળકના દિમાગી જીનની ઉપદ્રવલીલા જ છે.

ચોરી કરતું બાળક, કોઈનું ખીસું કાપતું કે કોઈની સાઈકલ તફડાવતું બાળક જાણે કે આપણી સામે પોકાર કરતું હોય છે કે, ''મને તેડી લ્યો ! મને બોલાવો ! મને પ્રેમ કરો !''

❖❖❖


**માર્ચ ૨૦૨૬ ના અંક માટે Bio-Data તેમજ ધંધાદારી જાહેરખબર**

**Colour તથા B/W નું બુકીંગ ઓફીસમાં તા. ૨૩-૦૨-૨૦૨૬ પહેલા**

**શ્રી મિલનભાઈ તુરખિયાના M. 9860125136 ફોન કરવો.**

**Email : zalawadisabha@gmail.com**

**માર્ચ ૨૦૨૬ ના અંક માટે કુલ ૬ કલર પેઈજ બુક થયેલ છે.**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**

**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**

**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે**

**રવિવારે તકલીફ ન આપવી.**

**સમય : સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૦૦ સુધી**

**તા.ક. Bio-Data માટે ફક્ત એક જ ફોટો મોકલાવવો. ફક્ત એક જ ફોટો છાપવામાં આવશે.**

**Advertisement Soft Copy દ્વારા સ્વીકારવામાં આવશે.**

# ઝાલાવાડનું ગૌરવ

**માનવતા, પરોપકારની સુવાસથી મહેંકતા....સમાજ -**
**કુટુંબ પરિવાર ભાવને સાર્થક કરતા**
**સદ્‌ભાવના, સત્કાર્યોથી ઉજળુ વિરલ વ્યક્તિત્વ ધરાવતા**

# દિવંગત શ્રી આશકરણભાઈ શાંતિલાલ શાહ



સ્વ. શ્રી આશકરણભાઈ શાંતિલાલ શાહ

ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સમાજ મુંબઈમાં ઉજળું વ્યક્તિત્વ ધરાવતા શ્રી આશકરણભાઈ એક આગવી અને વિશિષ્ટ પ્રતિભાથી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સમાજ મુંબઈ તેમજ અન્ય સમાજમાં સૌના પરિચિત રહયા હતા અને સદાય સૌના પરિચિત રહેશે. ઝાલાવાડી સભા, આજે આ પત્રિકાનાં માધ્યમથી શ્રી આશકરણભાઈની સદ્‌ભાવના અને સત્કાર્યોથી ઝળહળતા જીવનની ઝાંખી આપવાનો નમ્ર પ્રયાસ કરેલ છે, જે સમાજ માટે એક પ્રેરણાસ્ત્રોત બની રહેશે. જેનાથી પ્રેરીત થઈને વધુમાં વધુ સભ્યો તન - મન - ધનથી વધારે સમાજ સેવા કરવા ઉત્સાહી થઈને આગળ આવે. જેથી સમાજને આવા સેવાભાવના ધરાવતા વધુ રત્નો મળી રહે.

શ્રી આશકરણભાઈ શાંતિલાલ શાહનાં ગુણોની સરાહના કરીએ તેટલી ઓછી છે. તેઓનાં હૃદયમાં શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી સભા જ રહેલી હતી. આ સંસ્થા પ્રત્યે અને આ સંસ્થાનાં સક્ષમ કાર્યકર્તાઓ માટે તેઓને ખૂબ જ માન અને આદર હતાં. તેમા પણ આ સંસ્થાનાં સુકાની એવા પ્રમુખ શ્રી પ્રવીણભાઈ ગંભીરભાઈ શાહ (જે સગપણમાં તેમના વેવાઈ થાય) માટે આદરભાવ સાથે એક અતુટ વિશ્વાસ રહેતો હતો. તેઓ સાથેની તેમની આત્મીયતા અને નિકટતાનાં પરીણામે સંસ્થાનાં સદ્કાર્યોમાં તેઓ સંસ્થાને ઉદાર હાથે ફાળો આપતા હતા. આ સદ્‌ભાવનાઓનાં ફળસ્વરૂપે તેઓ અને તેમનો પરિવાર આ સંસ્થા સાથે એક સાંકળની જેમ સંકળાયેલો હતો.

પરિવાર, કુટુંબ પ્રત્યે અપાર સ્નેહ - પ્રેમથી ઊભરતું અને નિરંતર લાગણીથી નિતરતું એવું ઉજળું અનોખું વ્યક્તિત્વ એ આશકરણભાઈની એક આગવી ઓળખ રહી હતી. તેમની કુટુંબની વ્યાખ્યા બહુ વિશાળ હતી, જેમા દિકરા - દિકરી સુધી સિમિત નહોતુ તેઓ કુટુંબનાં નાના - મોટા દરેક એવા કુટુંબનાં ૮૦થી વધારે સભ્યો સાથે સ્નેહનાં તાંતણેથી બંધાયેલા હતા.

એમને મન પરિવાર એજ એમનું મંદિર હતું. કુટુંબ - પરિવાર પ્રત્યેનો લાગણી સ્નેહનો સેતુ એજ તેઓનો અપાર ઉર્જાસ્ત્રોત - શક્તિસ્ત્રોત હતા. એજ તેઓની

કૌટુંબીક મૂડી હતી, પ્રેમથી ઉભરતા અને સ્નેહથી નીતરતા એવા પરિવારનાં એક વડિલ તરીકેની ઉદાર અને ઉમદા ભૂમિકા ખરેખર પ્રશંસનીય રહી હતી.

મૂળ વતન ધ્રાંગધ્રાનાં વતની શ્રી આશકરણભાઈનો જન્મ તેમના મોસાળ બોટાદ ગામમાં ૧૬ ઓગષ્ટ ૧૯૪૭નાં રોજ થયો હતો. શ્રી આશકરણભાઈનું વ્યક્તિત્વ પારિવારીક પથદર્શક, જરૂરતે માર્ગદર્શક અને સંજોગોએ દિશા સૂચક એક ધ્રુવનાં તારા જેવું હતું.

કુટુંબમાં દરેકની તકલીફમાં - મુંઝવણમાં સાથે રહીને માર્ગદર્શન આપીને તેઓ મદદરૂપ રહેતા હતા. કોઈપણ વ્યક્તિને કે વિકટ પરિસ્થિતિને પારખવાની તેમનામાં એક આગવી સીક્સસેન્સ હતી. સાચા અર્થમાં તેઓ કુટુંબનાં સંકટ મોચક હતાં. અને તેઓ સૌના હૃદયસ્થ રહયાં અને હંમેશ માટે હૃદયસ્થ રહેશે.

જીવન શબ્દમાં જ 'વન' સંકળાયેલો છે. જીવનારે વનમાં જીવવું કે વન ને ઉપવન બનાવી જીવવું એ જીવનારનાં હાથની વાત છે, પરંતુ શ્રી આશકરણભાઈએ જીવનને વન નહિ, ઉપવન નહિ પણ તપોવન બનાવી કર્મઠ જીવનનાં યાદગાર દ્રષ્ટાંતરૂપ પરિચય આપેલ હતો.

શ્રી આશકરણભાઈનાં પિતા શ્રી શાંતિભાઈ શાહ મુંબઈમાં કાર્બન બ્લોકનાં ઈન્ડેટીંગ એજન્ટ હતા. આ બિઝનેસ કાર્યમાં લેટર ડ્રાફટીંગનાં વિશેષ મહત્વનાં કાર્યમાં શ્રી આશકરણભાઈ નવમાં ધોરણમાં અભ્યાસ કરતા હતા છતાય ભાષા ઉપરનાં પ્રભુત્વને કારણે સહાયરૂપ થતા હતા. આમ ભાષાને કારણે તેઓ વ્યવસાયમાં પરોવાયા હતા. બિઝનેસ સાથે તેઓને અભ્યાસમાં પણ એટલી જ રૂચી રહેતી હતી. ફર્સ્ટ રેન્ક સ્ટુડન્ટ તરીકે સ્કુલમાં અને પરિવારમાં જાણીતા અને માનીતા રહયા હતા.

મુંબઈમાં સિધ્ધાર્થ કોલેજથી તેઓ ગ્રેજયુએશન કરતા હતા, ત્યારે ૧૯૬૬માં તેમના પિતાશ્રી શાંતિભાઈનું અવસાન થયેલ હતુ અને ત્યારબાદ આશકરણભાઈના માતા શ્રી લીલીબેને તેમના સંતાનો - પુત્ર આશકરણભાઈનું સરસ જતન કરીને માતાપિતા બન્નેની ફરજ અદા કરેલ હતી. તેમજ તેઓએ ધાર્મિક સંસ્કારો સાથે નીતીમત્તાથી કાર્ય કરવાનાં સંસ્કારોનું સુંદર સિંચન કરેલ હતું. તેમના પિતાશ્રીના અવસાન બાદ શ્રી આશકરણભાઈએ અભ્યાસ છોડીને તેમના પિતાશ્રીનાં ધંધામાં જોડાઈ ગયા હતા. એ સમયે પરિવારનાં આર્થિક સંજોગો સામાન્ય હતા. પરિવારમાં માતા, પાંચ બહેનો અને એક તેમના મોટાભાઈ શ્રી પ્રમોદભાઈ હતા. તેમજ તેમના ત્રણ બહેનોનાં લગ્ન કરવાના બાકી હતા. તેઓએ મોટાભાઈ શ્રી પ્રમોદભાઈ સાથે આ માટેની કૌટુંબીક પારિવારીક જવાબદારીઓ પણ ઉપાડી લીધેલ હતી. જે ખૂબ સારી રીતે નિભાવી પણ હતી. શ્રી પ્રમોદભાઈ અને શ્રી આશકરણભાઈની જોડી એટલે જાણે રામ લક્ષ્મણની જોડી હતી. તેઓ બન્ને ભાઈઓ વચ્ચેનો મનમેળ આત્મીયતાથી ભરપુર રહયો હતો.

શ્રી આશકરણભાઈ બિઝનેસને પ્રગતિનાં પંથે લેતા ગયા અને આગેકૂચ કરતા ગયા હતા. અને તેઓની વ્યવસાયમાં હથોટી બેસી જતા કાર્બન બ્લોકમાં ઈન્ડેટરમાંથી પ્રગતિ કરીને ઈમ્પોર્ટર થયા હતા. અને બાદમાં કાર્બન બ્લોકમાં ઈન્ડિયાનાં સૌથી મોટા ડીલર બનેલ હતા. સાથો સાથ બન્ને ભાઈઓ તેમના મામાનાં દિકરા શ્રી રમેશભાઈ શાહની કંપની રવિકિરણ સીરામીકસ (આણંદ)માં ભાગીદાર થયા હતા. સીરામીકસ બિઝનેસમાં આગેકૂચ કરતા,

તેઓએ ઈલેકટ્રીક સીરામીકસની આઈટેમો બનાવતા હતા.

આ સફળ બિઝનેસમાં નવા સોપાનો સર કરતા રહેતા આગળ ઉપર આ બિઝનેસમાં તેમના ભત્રીજા - શ્રી નીતીનભાઈ, શ્રી દેવાંગભાઈ તથા તેમના પુત્ર શ્રી જયભાઈ જોડાતા સોનામાં સુગંધ ભળે તેમ શ્રી રમેશભાઈનાં ઉમદા સહયોગથી તેઓએ બીજી ચાર ફેકટરીઓ ઉભી કરેલ હતી. આ ફેકટરીઓમાં તેઓએ નવી અધતન ટેકનોલોજીની મદદથી, ઓટોમાઈઝેશન કરતા પ્રોડકટને આંતરરાષ્ટ્રીય સ્તરની કવોલીટી પ્રોડકટ બનાવેલ. હાલમાં આ પ્રોડકશન યુનીટોમાં ૬૦૦ થી પણ વધારે માણસો કામ કરે છે.



સ્વ. શ્રી હંસાબેન આશકરણભાઈ શાહ

આ બધી ફેકટરીઓ લેટેસ્ટ આધુનીકરણથી ઓટોમાઈઝેશન સ્વરૂપ બનતા એક નવી ઊંચાઈ સ્થાપિત કરેલ છે. જે પારિવારીક ટીમવર્ક, એક્તાથી પ્રાપ્ત થતી અદભુત સફળતાનું શ્રેષ્ઠ ઉદાહરણ સમાન છે. બિઝનેસ પ્રત્યેની વિશેષ રૂચીએ શ્રી આશકરણભાઈ આટલેથી નહિ અટકતા, તેઓએ શેર બઝાર તેમજ પ્રોપર્ટી બજારમાં ઝંપલાવીને સફળતા પ્રાપ્ત કરેલ. તેમજ તેમાં એક ખૂબ જ શાઈલેન્ટ પ્લેયર રહીને સિદ્ધીઓ હાસલ કરેલ છે.

૧૯૭૪માં મુંબઈ ખાતે શ્રી આશકરણભાઈએ વઢવાણ નિવાસી શ્રી ભદ્રાબેન (ભારતીબેન) મુગટભાઈ વોરાનાં દિકરી હંસાબેન સાથે દામ્પત્ય જીવન પદાર્પણ કર્યુ હતું. તેઓ બન્ને વચ્ચે પ્રેમનું પ્રભુત્વ એટલું પ્રખર હતું કે એકને શરદી થાય અને બીજાને છીંક આવે. બે ખોળીયા પણ એક જીવ જેવું તેઓનું આદર્શ જીવન હતું. આ દમ્પતી સમૃધ્ધિનાં સ્વામી બન્યા પણ બન્ને વચ્ચેનો સ્નેહ જરાપણ ઓછો ન થતા વધુ સ્નેહ સભર બની પ્રસન્નતા પામતા હતા. તેઓનાં દામ્પત્ય જીવનની શરૂઆત સાથે જ આશકરણભાઈનાં બિઝનેસની સફળતા પણ વેગવંતી રહી હતી.

કોઈપણ વાત, વિચાર કે વસ્તુ માટે પરિવારમાં શ્રી હંસાબેનનો અભિપ્રાય લેવામાં આવતો, જે મહત્વનો બની રહેતો. કોઈ ગુંચ માટે હંસાબેન પાસે ચોકકસ ઈલાજ મળી રહેતો. પરિવારનાં દરેક સભ્યોની પસંદ - નાપસંદનું હંસાબેન ધ્યાન રાખીને સુંદર સાર - સંભાળ લેતા હતા. શ્રી હંસાબેનનો વાત્સલ્યભાવ જે સૌને સ્નેહનાં તાંતણે બાંધી રાખતો હતો. હંસાબેન માંદગીગ્રસ્ત થયા ત્યારે સમસ્ત પરિવારની પરિસ્થિતી ખુબજ દુઃખદ અને તણાવપૂર્ણ હતી. હંસાબેનની આ ગંભીર માંદગીમાં ત્યારે આશકરણભાઇ સંવેદનાથી સભર તેઓની કાળજી લેતા હતા. સુશ્રુષામાં કોઈ કમી ન રહે તેની તકેદારી રાખી, વ્યવહારમાં તાજગી સાથે ઉર્જા બક્ષવા પૂરો સમય આપતા હતા. શ્રી હંસાબેન એક અદ્‌ભુત અને અમુલ્ય સંસ્કારનો વારસો મૂકીને પારિવારીક સંસ્કારોનું સુંદર સિંચન કરેલ હતું.

શ્રી આશકરણભાઈ અને શ્રી હંસાબેનનાં પરલોક

ગમન પછી એમની કંડારેલી કેડી પર તેમજ તેઓનાં નકશે કદમે, દરેક પગલે અને દરેક ડગલે તેઓનાં ભુતકાળનાં સંસ્કારોને સાથે રાખીને, આત્મસાત કરીને ભવિષ્યનાં સપનાઓને સાકાર કરવા તેમના પરિવારનાં બધાજ સભ્યો ભત્રીજા - શ્રી નીતીનભાઈ, શ્રી દેવાંગભાઈ, ભત્રીજી અમીબેન અને દર્શનાબેન તેમજ આશકરણભાઈનાં સુપુત્ર જયભાઈ, પુત્રવધુ રૂચિતાબેન, જયેષ્ઠા સુપુત્રી ફાલ્ગુનીબેન હેમંતભાઈ શાહ તથા અનુજા સુપુત્રી સેજલબેન દિપેશભાઈ ખંધાર કટીબદ્ધ છે.

શ્રી આશકરણભાઈ ઐશ્વર્યમાં પણ ઈશ્વરને ન ભૂલ્યા તેમજ સામાજીક અને વ્યવસાયિક સંબધોથી સવિશેષ પ્રભુ ભક્તિમાં વ્યતિત રહયાં હતાં. તેથી સુખમાં કયારેય છલકાયા નહિ. ધૈર્ય અને ધીરજ સાથે સમતા રાખીને વિકલ્પ તરીકે સારવાર, સુશ્રુષા સાથે મરણ કરતા સ્મરણને બળવાન બનાવવાની યુક્તિને ચરિતાર્થ કરવા, શેષ જીવનને સાર્થકતા આપવાના તેઓનાં શ્રેષ્ઠ પ્રયાસો રહયાં હતાં. મરણ તો એક દિન જયારે સ્મરણ તો નીશ દિનની આ ભાવનાને ચરિતાર્થ કરવા તેઓએ તેમના ધર્મપત્નીનાં નામે શ્રી હંસાબેન ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના કરીને જરૂરીયાતમંદો માટે સારવાર, સુશ્રુષા હેતુ સઘન ધર્માદા વ્યવસ્થા શરૂ કરી ગજવાફળ, ખર્ચાળ મેડિકલ, એજ્યુકેશન ક્ષેત્રે, સમાજને અન્ય સહાય કરવાની સુકૃત પ્રવૃતિઓ શરૂ કરીને પોતે અનંતની યાત્રાએ ચાલી ગયા.

શ્રી ઝાલાવાડી સથાનકવાસી જૈન સભા - મુંબઈ સંચાલિત માથેરાન સેનેટોરીયમમાં કરેલું સિંગલ લાર્જેસ્ટ ડોનેશન, શ્રી ઝાલાવાડી સભા ગર્લ્સ એજ્યુકેશન તથા સુરેન્દ્રનગર સ્થિત સી. યુ. શાહ હોસ્પીટલમાં અને મુંબઈ - અંધેરી સ્થિત બી.એસ.સી.એસ. હોસ્પીટલનાં ઓપરેશન થીયેટરમાં કરેલ સક્ષમ સખાવત આજે પણ માનવતાનાં કાર્યને સુરેખપણે સાકાર કરી રહયું છે.

સામાજીક, ધાર્મિક તેમજ માનવતા કાર્યોમાં શ્રી આશકરણભાઈએ કંડારેલી કેડી પર એમનો પરિવાર એમનું ગુંજતું રાખી તેઓએ આપેલો સંસ્કારનો વારસો પ્રજ્વલિત રાખશે - દિપાવશે, એ શ્રદ્ધા જ નહિ પણ શ્રીઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભાને અતૂટ વિશ્વાસ છે.

કુવો છલોછલ હોય તો હવાડો છલકાય
મનમાં ભાવ હોય તો કયારેક સિદ્ધ થાય
દાતા માતબર હોય તો કાર્યકર પોરસાય
નીતી સાફ હોય તો પરિણામ દેખાય

સેવા, સદ્ભાવના, સત્કાર્યો અને સંસ્કારોથી મહેંકતા પોતાના સફળ જીવનને સુવાષિત કરીને ૧ સપ્ટેમ્બર ૨૦૨૫નાં રોજ તેઓનું દેહાવસાન થતા, તેઓ મોક્ષગામી બની ગયા. ભલે આજે તેઓ સૌની વચ્ચે નથી રહયા, પરંતુ તેઓ તેમના સત્કાર્યો, સદ્ભાવનાઓ, સંસ્કારોનાં સ્મરણથી તો સદાય સૌના સમીપ જ છે. મુઠ્ઠી ઉંચેરૂ સદાય ઝળહળતું તેઓનું જીવન એક પ્રેરણાસ્ત્રોત સમાન બની રહેશે.

શ્રી આશકરણભાઈ શાહ પરિવાર સેવા - ધર્મનાં સુંદર અદ્ભુત કાર્યો કરતા રહે, સમાજસેવાનાં સુકૃત કાર્યો કરતા રહે. સમગ્ર પરિવાર દિર્ધાયુ અને શતાયુ બની ધર્મ ભાવનાની - સત્કાર્યોની વૃદ્ધિ કરતા રહે તેવી શુભ ભાવના ભાવવા સાથે તેઓને શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા મુંબઈ શુભકામનાઓ પાઠવે છે.

મુલાકાત / આલેખન : ઉપેન્દ્રભાઈ શાહ
મો. ૯૮૬૯૩૬૧૪૧૧

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ • ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન
## કન્યા ઉચ્ચ શિક્ષણ યોજનાના દાતાશ્રીઓના સન્માનની તસ્વીરી ઝલક



## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ • ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

## કન્યા ઉચ્ચ શિક્ષણ યોજનાના દાતાશ્રીઓના સન્માનની તસ્વીરી ઝલક



## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ • ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

## કન્યા ઉચ્ચ શિક્ષણ યોજનાના દાતાશ્રીઓના સન્માનની તસ્વીરી ઝલક




















## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ • ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

## કન્યા ઉચ્ચ શિક્ષણ યોજનાના દાતાશ્રીઓના સન્માનની તસ્વીરી ઝલક














# ''અમે શીદને જીવતાં રહ્યાં ?''

**સૌતિક બિશ્વાસ**



અંજાર શહેરમાં હજારોનો ભોગ લેનારા ભૂકંપને આગલે દિવસે એક લગ્ન હતાં. તે માટે બંધાયેલા ભભકાદાર માંડવાની નીચે આશરો લઈ રહેલાં ૨૦૦-૩૦૦ માનવીઓમાંની એક છે ત્રણ વર્ષની રીચા. દાદીમાના પડખામાં ભરાઈને એ બેઠી છે, આંખો ઝીણી કરીને એ દૂર દૂર તાકી રહી છે, અને થોડી થોડી વારે વિલાપ કરતી રહે છે : 'મારી બા ક્યાં છે ? બા ક્યાં છે ? મને મારી બા ગોતી દ્યોને !'

બે માળના નાના મકાનમાં એ કુટુંબના ફ્લૅટમાં તે દિવસે રીચા દાદીમાની પાસે રમતી હતી, ને ધરીત ધણધણી ઊઠેલી. કોણ જાણે કેમ દાદીને સૂઝ્યું અને બાળકીને ઝટ ઉપાડીને એક ખાટલા હેઠળ લપાઈ ગયાં, ભયથી કંપી ઊઠ્યાં. ત્યાંથી એમની નજર પડી રીચાની બા ઉપર - દોડતી એ ઓરડામાં આવતી હતી ત્યાં એની ઉપર ધોધમાર ભંગાર તૂટી પડ્યો. રીચાના બાપા બાજુના મકાનમાં પોતાની દુકાનમાં કામ કરતા હતા – અંજાર જેને માટે મશહૂર છે તે કાપડ-છપાઈનું. થોડા દિવસ પછી ભંગાર નીચેથી એમનો નિષ્પ્રાણ દેહ ખેંચી કાઢવામાં આવેલો...

૭૦ ઉપર પહોંચી ગયેલાં પાર્વતીમાની આંખે ઝાંખપ આવી ગઈ છે. રાત પડે ને માંડવામાં ટૂંટિયાં વાળીને પડેલાંનાં હાડ ઠંડી થિજાવી નાખે, ત્યારે રીચાનું રુદન થંભે છે ને એ ઊંઘમાં ઢળી પડે છે. દાદી વિમાસે છે કે પોતે હવે કેટલું જીવવાનાં ? આ છોકરીને એ શું ખવડાવશે ? આવતીકાલનો વિચાર કરતાં એક જ સમસ્યા એમને ઘેરી વળે છે: 'અરેરે, અમે વળી શી રીતે બચી ગયાં, શીદને જીવતાં રહ્યાં ?'

★★★

ભચાઉ ગામમાં જેનાબહેનના હૈયામાં પણ એ જ વિચારના પડઘા પડતા હોય છે. જેમનાં માબાપને ભૂકંપ ભરખી ગયો છે એવા પોતાનાં બે ભત્રીજા ને બે ભત્રીજીની સંભાળ અત્યારે તો એ રાખે છે. લશ્કરના સૈનિકોએ બાંધી આપેલા પ્રમાણમાં સાફસૂથરા તંબૂમાં એમને રહેઠાણ મળી ગયું છે તે માટે કિસ્મતનો પાડ માને છે. જ્યારે બીજાં કેટલાંય તો પોતાના અંધાધૂંધ ગામની ગેમેક્સીન ને ગંદવાડથી ગંધાતી, પાણીની ખાલી કોથળીઓથી છવાયેલી શેરીઓમાં બાવરાં બનીને આથડે છે અને જે કાંઈ રાહત-સામગ્રી મળે તેની ઝૂંટાઝૂંટ કરે છે. પણ આ તંબૂમાંથી નીકળીને કોઈક કાયમી નિવાસમાં જેનાબહેન જ્યારે જશે ત્યારે, અગાઉ એક છાપરા હેઠળ ટાયર-મરામત કરીને રોટલો રળનાર એમનાં ત્રણ બાળકોનો બાપ કાસમ આ બધાંનો ગુજારો કેમ કરીને કરી શકશે ? ''કાલનો તો હું વિચાર જ નથી કરતી,'' જેનાબહેન કહે છે, ''અત્યારે તો પરવરદિગારનો પાડ માનું છું કે અમારે માથે કાંઈક છાપરું તો છે અને છોકરાં ખેતરમાં રમે છે.''

હા, કહે છે કે કાસમનો ભાઈ હાસમ, તેની બીબી નસીમ અને આ ચાર બાળકોનું સુખી કુટુંબ હતું. વાસણની ફેરી કરીને હાસમ ઘર ચલાવતો. એનો ધંધો પણ સારો ચાલતો. પોતાની બચતમાંથી ૪૦,૦૦૦ રૂા ચૂકવીને એણે બે ઓરડીનું પાકું ઘર હજી બે મહિના પર જ લીધું હતું. આઠ વરસના અસીફ ને છ વરસના નજીરને એ નિશાળે પણ મોકલતો હતો. ધરતીમાતાએ પડખું બદલ્યું તે સવારે છોકરા બેય નિશાળે ગયેલા ગણિતના વર્ગમાં. વર્ગના ઓરડાઓ તૂટી પડતા જોઈને એ ત્યાંથી ભાગી છૂટેલા ને ખુલ્લી પણ થરથરતી જમીન પર લેટી પડેલા. ચાર વરસની નજમા અને બે વરસની શબનમ ઘેર મા પાસે હતી. રોજની જેમ ગામની ફેરી હાસમે હાજી માંડ શરૂ કરી હતી, એક શેરીયે તેણે હજી વટાવી નહોતી. ત્યાં ફેરી કાયમ માટે પૂરી થઈ ગઈ.

અસીફ ને તેનો ભાઈ નિશાળેથી આવ્યા ત્યારે પાડોશીએ મળીને એમની માતાને ભંગાર હેઠળથી હમણાં જ કાઢેલી હતી. અસીમ તેની વાત કરે છે ને એની આંખમાં આંસુ ઊભરાય છે. ''એના માથામાંથી ખૂબ લોહી નીકળતું હતું. મેં પૂછ્યું કે, તને બહુ દુ:ખે છે, અમ્મા ? એ માંડ માંડ બોલી કે, લૂગડાનો કટકો લાવીને ઘા ઉપર ઢાંકી દે. બસ, પછી એ બોલતી બંધ થઈ ગઈ. કોઈએ મને કહ્યું કે એ મરી ગઈ.''

તે પછી છોકરો પોતાના બાપને ગોતવા લાગ્યો. વાસણની લારી પર પડેલું એનું શરીર મળી આવ્યું, એના માથા ને ગળા ઉપર શિલાઓના ટુકડા પડેલા હતા. રાત પડે છે ને નાના નાના આંચકાઓ તંબૂને ધ્રુજાવે છે ત્યારે એ ચાર અનાથ બાળકો જેનાબહેનને જકડીને વળગી પડે છે. રોજ રાતે નજમા રડ્યા કરે છે : ''મારી અમ્માને પાછી લઈ આવો ! મને મારી અમ્મા આપો !''

★★★

આઠ વરસના અનિલની કહાણી એથીયે

કરુણ છે. અમદાવાદથી રજાઓમાં એ પોતાને ગામ રત્નાલ દસ મહિના પહેલાં આવેલો, ત્યારે છેલ્લો માબાપને મળેલો. એના બાપા વાઘજી મનસુખલાલ ભુજ પાસેના એ ગામમાં દરજીનો ધંધો કરતા. છોકરાનું ભણતર સુધરે તે માટે તેમણે અનિલને અમદાવાદ પોતાના ભાઈને ઘેર રાખેલો. શહેરની નિશાળની માસિક ફીના ૨૦૦ રૂા. એ મોકલતો હતો. પણ અવારનવાર દીકરાને મળવા અમદાવાદ જવા જેટલું ગાડીભાડું ખરચવાની એમની ત્રેવડ નહોતી. એટલે અનિલ પણ ત્રણ વરસમાં ફક્ત બે વાર સૌને મળવા ઘેર આવી શકેલો. ધરતીકંપ પછી બે દિવસે રત્નાલના એક પાડોશીનો સંદેશો અમદાવાદ આવેલો કે અનિલનાં માબાપ તથા દસ વરસનો ભાઈ જોગેશ ખતમ થઈ ગયાં છે. ત્રણેક વરસનો એકલો જિગર ઈજાઓ પામવા છતાં બચી ગયો છે. અનિલના કાકા રાજુભાઈ કહે છે કે, ''સંદેશો મળ્યો ત્યારથી એ છોકરો સૂનમૂન બનીને આકાશમાં તાકી રહે છે ને રડતાં થાકતો નથી.''

ત્યારે દૂર દૂરના રત્નાલમાં નાનો જિગર વાચા ગુમાવી બેઠો છે. ધરતીકંપ થયો ત્યારે એની માતા મંજુલાબહેન લારીવાળા પાસે શાક લેવા ઘરની બહાર નીકળતાં હતાં - અને આંખના પલકારામાં મકાન જમીનદોસ્ત થયું. તેને બચાવવા દોટ મૂકનાર પતિ પણ દટાઈ ગયા. સડકની સામી બાજુ વાઘજીના બીજા એક ભાઈ ખેતરમાં કળશિયે જવા નીકળેલા હતા. ધણધણાટી સાંભળીને એમને લાગ્યું કે હમણાં નવી નખાયેલી બ્રોડગેજ લાઈનનું ઉદ્ઘાટન કરનારી પ્રથમ રેલગાડી આવી રહી હશે. પાછું વળીને જોયું તો ધૂળના ગોટેગોટા ચડ્યા હતા, ને એમણે હડી કાઢી. સિમેન્ટના બે મોટા સ્લેબ વચ્ચે જિગરને ફસાયેલો તેમણે જોયો. એના પેટ પર મોટો ઘા પડ્યો હતો ને એ શ્વાસ લેવા ફાંફાં મારતો હતો. ભંગાર હેઠળથી એને જ્યારે કાઢી શકાયો ત્યારે ખ્યાલ આવ્યો કે બાકીનું કુટુંબ ખતમ થઈ ગયું છે. કાકા કહે છે, ''બસ, ત્યારથી જિગર બોલતો સમૂળગો બંધ થઈ ગયો છે. એ રડી પણ શકતો નથી.''

❖❖❖

## ઝાલાવાડી સભાની માસિક પત્રિકા માટે વાચકોને ખાસ નમ્ર વિનંતી

**ઘણાં સભ્યોને પત્રિકા મળતી નથી તે બાબતની ફરિયાદ આવે છે. બધાને વિનંતી કે આમાં ઝાલાવાડી સભા તરફથી કે પ્રિન્ટીંગ પ્રેસ તરફથી કાંઈ કરી શકતા નથી. દર મહિને લગભગ ૪૦ થી ૫૦ પત્રિકા પાછી આવે છે. જે સરનામું ખોટું છે કે અધુરૂ કે રહેણાંક જગ્યાએ બંધ છે તે કારણથી પત્રિકા પાછી આવે છે. દર મહિને ૫૨૦૦ પત્રિકા પોસ્ટ કરીએ છીએ. કેટલાક પરિવારોને પત્રિકા મળતી નથી. સૌ પ્રથમ આપના નિવાસસ્થાનની નજદીકની પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી જરૂરી છે. પત્રિકા જો પોસ્ટમાં ન મળે તો તેઓને વેબસાઈટ : www.zalawadi.com ઉપર દર મહિનાની ૧૪ થી ૧૬ તારીખ દરમ્યાન વેવસાઈટ પર પત્રિકા મુકવામાં આવે છે. વેબસાઈટ પરથી મેળવશો.**

**પત્રિકા ન મળતી હોય અથવા એડ્રેસમાં ફેરફાર કરવો હોય તો ફક્ત સભાની ઑફિસમાં જ નિરવભાઈ શાહનો ૯૮૧૯૦૧૨૪૬૮ સંપર્ક કરવો. સમય : ૧૨.૦૦ થી ૭.૦૦ રવિવાર તથા રજાના દિવસે તકલીફ ન આપવી.**



# માર્ગ ચીંધવા ઊભો રહું

☐ અમૃત બાન્ટાઈવાળા

**મા**ર્ગ.....

રસ્તો.....

પથ...

માણસના જીવનનું જાણે અનિવાર્ય અંગ બની ગયો છે. રસ્તો માણસોને એક જગાએથી બીજી જગ્યાએ લઈ જાય છે. પશુઓ પણ રસ્તા પરથી પસાર થાય છે.

રસ્તો-માર્ગ માણસને દેવાયલ તરફ લઈ જાય છે. અને મદિરાલય તરફ પણ લઈ જાય છે, રસ્તો વિદ્યાલય તરફ લઈ જાય છે અને ન્યાયાલય તરફ પણ લઈ જાય છે.

- આ માર્ગ પર ચાલનાર મુસાફર, પથિક કહેવાય છે. માર્ગ માણસના વિચારોને ઓળખી લે છે. પસાર થવા વાળી દરેક વ્યક્તિની કૈંક કેટલીય ગુપ્તવાયો યોગી મુનિની જેમ એ જાણી લે છે. છતાંય એ કોઈને કંઈ કહેતો નથી.

દેવાલય તરફ જનાર વ્યક્તિના મનના મનોભાવ સમા મંત્રોને પણ એ જાણે છે. મંદિરે જતા માણસના અંતઃકરણના ભાવને જાણે છે. તો મદિરાલય તરફ માણસની વેદનાના, પરિસ્થિતિ સામે બાથ ભીડતા ગમને ભૂલવા મથતા શરાબીની શરારતને પણ એ જાણે છે.

રસ્તો શું શું નથી જાણતો ?

જનારની ગતિ પરથી રસ્તો માણસના કાર્યની મહત્વના સમજી જાય છે.

મોટર ગાડી, બાઈક, બસ, ઘોડાગાડીના અવાજો રસ્તાને બોલતો કરે છે. પસાર થનાર વ્યક્તિઓની સાધનોની વાતો રસ્તો સાંભળે છે. કેવી કેવી વાતો સંભળાય છે.

- એય જોતો નથી ? આંધળો છે કે શું ?
- તારા બાપનો રસ્તો છે !
- ચલ જા હટ હવે ! ક્યારેય ગાળો બોલાતી રસ્તો સાંભળે છે, વાહનોના ચિત્રવિચિત્ર અવાજો ઘોંઘાટ, તથા એમાંથી નીકળતા ધૂમાડાને રસ્તો સહન કરે છે. આથી એની સહન શીલતાને ધન્યવાદ અપાય !

- રસ્તાનાં અનેક વિશેષ નામ પણ છે.

શ્રેય અને પ્રેયનો માર્ગ. શ્રેયનો માર્ગ એટલે આત્માનું કલ્યાણ કરનાર માર્ગ અને પ્રેયનો માર્ગ એટલે દુન્યવી બાબતોનું સુખ આપનારો માર્ગ. શ્રેય અને પ્રેય બન્ને માર્ગ માણસ સામે હોય છે. પરંતુ ધીરજવાન માણસ પ્રેયના બદલે શ્રેયનો માર્ગ પસંદ કરે છે. ઓછી બુદ્ધિવાળો પુરુષ પ્રેયનો માર્ગ પસંદ કરે છે.

યમરાજની પાસે ગયેલા નચિકેતાને યમરાજે ઘણાં પ્રલોભન આપ્યાં પણ નચિકેતા એ પ્રલોભનોથી અંજાઈ જતો નથી અને મૃત્યુ પછીના રહસ્યને- આત્મજ્ઞાન વિષે જાણીને જ રહે છે. નચિકેતાએ શ્રેયનો માર્ગ પસંદ કર્યો એથી એને મૃત્યુનું મહાત્મ્ય જાણવા મળ્યું.

પ્રેયનો માર્ગ પસંદ કરનારા અનેક યોનીઓમાં ભટકનારા મૂર્ખ લોકો છે. જેમને સંપતિ ભોગ વિલાસમાં જ રસ હોય છે.

રાજમાર્ગ - ધોરી રસ્તો, મુખ્ય રસ્તો, સાર્વજનિક રસ્તો આ માર્ગને બીજા નાના નાના માર્ગ મળે છે. રાજમાર્ગ માણસને અનેક સ્થળો શહેરો સાથે જોડે છે. એક પ્રદેશનો માણસ બીજા પ્રદેશમાં જાય છે. એ પ્રદેશની ભાષા જાણે છે. રીતરીવાજ જાણે છે. એની વિશેષતાઓ જાણે છે. આમ રસ્તો ભાષા અને સંસ્કૃતિનો ફેલાવો કરવાનું, જોડવાનું ભગીરથ કાર્ય કરે છે.

રસ્તો અનેક ભાષાઓ જાણે છે. માણસની પશુની, વાહનોની, વૃક્ષોની...આમ રસ્તો બહુભાષી છે.

જ્ઞાનમાર્ગ - અજ્ઞાની માણસો જ્ઞાન મેળવવા જ્ઞાનમાર્ગને પસંદ કરે છે. જ્ઞાન દ્વારા મોક્ષ મેળવવાનો રસ્તો એટલે જ્ઞાનમાર્ગ. જ્ઞાનના માર્ગે જનારને મોક્ષ મળે છે.

રાત્રે અને બપોરે રસ્તા પર સૂમસામ જેવું વાતાવરણ હોય છે ખાસ કરીને ગામડામાં, ખેતરોમાં, ઉનાળામાં એ વખતે રસ્તા પર નીરવતા પ્રસરી ગઈ હોય છે. શાંત ચિત્તે જાણે સાધના કરતો હોય એવો રસ્તો દેખાય છે. ઉનોઉનો પવન વાતાવરણને ગરમ બનાવી દે છે.

રસ્તો માણસના પગનાં પગલાંને સાચવી રાખે છે. આ પગલાંના આધારે પગી ચોરને પકડવામાં મદદ કરે છે. રસ્તા પર ઊગેલાં વૃક્ષોની ગાઢ છાયા માણસના મનને ભરી દે છે. આનંદમય બનાવી દે છે.

વરસતા વરસાદના આનંદને માણવા માણસો રસ્તા પર આવે છે. રસ્તા પર ભરાયેલા પાણીમાં છબછબિયાં કરી આનંદ લૂટવાની મજા કંઈક ઓર છે. વરસતા વરસાદમાં રસ્તા પર પલળવાની લિજ્જત કોઈ ઓર હોય છે.

આમ રસ્તો માણસના માટે અનેક રીતે ફાયદા કારક છે. પહાડી માર્ગના રસ્તાઓ આપણા ધૈર્યની કસોટી કરે છે. આપણી સહનશીલતાની કસોટી કરે છે. પર્વતીય રસ્તાઓ પરથી ખીણ તથા આજુબાજુના વિસ્તારનું રમણીય દૃશ્ય આપણે જોઈ શકીએ છીએ. ❖❖❖

### શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા–મુંબઈ *સંચાલિત*

### શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય
### શ્રીમતી મંગળાબેન જશવંતલાલ શાહ જૈન ભુવન
### શ્રીમતી કમળાબેન ગંભીરચંદ શાહ – અતિથિ ભવન – નાલાસોપારા

શ્રી નંદલાલ તારાચંદ વોરા ઉપાશ્રય નાલાસોપારા ને આંગણે લીંબડી ગોપાલ ના રામ ઉતમ ગુરુદેવ ના સુશિષ્યા પૂ. અભિષાબાઈ મ.સ.ઠાણાઃ૨ પધાર્યા હતા ત્યારબાદ જ્ઞાન ગચ્છ ના ગુરુદેવ પૂ.ભુપેન્દ્રમુનીજી ઠાણાઃ ૩, ત્યારબાદ પૂ.ગુરુદેવ સુગમમુનીજી મ.સા.ઠાણાઃ૨ પધારતા નાલાસોપારા ના ધર્મપ્રેમીઓમાં આનંદ આનંદ છવાઈ ગયો હતો અને દરરોજ વ્યાખ્યાન, સામાયિક, પ્રતિક્રમણ માં સારી સંખ્યામાં ધર્મપ્રેમીઓએ લાભ લીધો હતો, પ્રભાવના કરવામાં આવેલ.

શ્રી ઝાલાવાડી સભા ના ટ્રસ્ટી/ઉપપ્રમુખ શ્રી પંકજભાઈ સંઘવી, સભાના કમિટી સભ્ય શ્રી અશોકભાઈ તુરખીયા, તેમજ નાલાસોપારા ઉપાશ્રય કમિટીના સભ્યો શ્રી નરેન્દ્રભાઈ ગાંધી, શ્રી મહેશભાઈ દોશી, શ્રી નવિનભાઇ જશવાણી, શ્રી વિજયભાઇ અજમેરા, શ્રી નિરવભાઈ ખંધાર પૂજ્ય ગુરુદેવ ના દર્શન કરવા પધારેલ હતા.

ચાતુર્માસ કરાવવાની કોશિશ ચાલુ છે.

**કન્વીનર**

**દિપ્તીબેન શાહ ● નરેન્દ્રભાઈ ગાંધી**

જય જિનેન્દ્ર

---

# નાની ચોરી, મોટી ચોરી

**મહેશ દવે**



**ર**જત ગુપ્તા નામનો એક સામાન્ય મધ્યમવર્ગનો છોકરો. કલકત્તામાં પત્રકાર પિતાને ત્યાં જન્મ. પિતા પછીથી દિલ્હી 'શિફ્ટ' થયા. રજતનું શિક્ષણ દિલ્હીમાં થયું. આમ તો એ 'એવરેજ' ગુણવત્તાવાળો છોકરો હતો, પણ નસીબનું કરવું તે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટૅક્નૉલૉજી (ITI) ની પ્રવેશપરીક્ષામાં ૧૫ મે નંબરે પાસ થયો. આપણે ત્યાં ITI કે (IIM) (ઇન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ) જેવી પ્રતિષ્ઠિત સંસ્થામાં પ્રવેશ મળે તેના ભાગ્યનું પાનું ફરી જાય છે. જાણીતી સંસ્થામાંથી પાસ થતાં તરત જ પચાસ હજારથી માંડી બે-પાંચ લાખના પગારની ઑફર મળે છે. રજતને I.T.C. માંથી સારી ઑફર આવી, પણ એ મહત્ત્વાકાંક્ષી હતો. વધુ અભ્યાસ માટે એ અમેરિકાની હાર્વર્ડ બિઝનેસ સ્કૂલમાં ભણવા પહોંચ્યો.

હાર્વર્ડના શિક્ષણ પછી રજત ગુપ્તાનો ભાવ ઓર વધી ગયો. અમેરિકાની મોટામાં મોટી ગણાતી મેકેન્ઝી કંપનીમાં એ લેવાયો. 'હોશિયારી', સંપર્કો અને 'એટિકેટ'થી કંપનીના ડાયરેક્ટરના હોદ્દા સુધી પહોંચી ગયો. અઢળક પગાર અને સવલતો મળી. ત્યાંથી વિશ્વની મોટી કંપનીઓમાંની એક ગોલ્ડમૅન સાકસમાં એ ડાયરેક્ટર તરીકે લેવાયો. યુનોમાં સલાહકાર તરીકે નિમાયો. કૉર્પોરેટ વિશ્વના ઉચ્ચ વિશ્વમાં એની બોલબાલા મચી. મોટા મોટા માણસો સાથે સંબંધો બંધાયા. કેનેકટીકટમાં બે એકરમાં પથરાયેલાં બંગલો ને બાગ, મેક્સિકોમાં વૉટર ફ્રન્ટ, કોલેરેડોમાં રેન્ચ ! દોમ દોમ સાહ્યબી !

પણ ધનલાલસાનો કોઈ અંત નથી. ધનવાનો રોકાણકારોના પૈસા ડુબાડી માલેતુજાર બને છે. તેમાં અધિકારીઓ અને ડાયરેક્ટરો ભાગ ભજવી પોતાનો અઢળક ભાગ કાતરી લે છે. આને કારણે ૨૦૦૮ની ભારે મંદી આવી. 'શૅરબજારને કબજે કરો'ની ચળવળ ચાલી. સરકારે 'ઈનસાઇડ ટ્રેડિંગ' વગેરે બદીઓ અને ગેરરીતિઓ પર કડક તપાસ ગોઠવી. ઈનસાઇડર ટ્રેડિંગ એટલે ડાયરેક્ટરોએ લીધેલા ખાનગી નિર્ણયોને બહારના સટોડિયા વેપારીને અગાઉથી જાણ કરવી, (માહિતી 'લીક' કરવી) રજતભાઈ એ ધંધો કરતા પકડાયા. રાજરત્નમ્ નામના જાણીતા સટોડિયાનો ફોન સરકારે ટેપ કરી રાખેલો. ગોલ્ડન સાકસના ડાયરેક્ટરોની મિટિંગ ચાલુ હતી. બે ખાનગી નિર્ણયો લેવાયા. વોરેન બફેટનું પાંચ મિલિયન ડૉલરનું રોકાણ લેવું, ગોલ્ડમૅન સેક્સના ક્વાર્ટરલી નુકસાનને ખાનગી રાખવું. મિટિંગ પૂરી થાય તે પહેલાં મિત્ર અને સાથી રાજરત્નમ્‌ને ફોનથી રજત ગુપ્તાએ માહિતી પહોંચાડી દીધી. એ ફોન સરકારમાં રેકૉર્ડ થયો. તે ઈનસાઇડર માહિતીથી રાજરત્નમે પાંચ મિનિટમાં ચાળીસ મિલિયન ડૉલર બનાવ્યા. રજત અને રાજરત્નને ભારે સજાઓ થઈ. પણ રજતને વખોડવાને બદલે કૉર્પોરેટ વિશ્વે સહાનુભૂતિનો દરિયો ઠાલવ્યો. ભારે હાનિ પહોંચાડનાર આર્થિક ગુના કરનાર મોટા બુદ્ધિશાળી ગણાય, નાની ચોરી કરનાર રીઢો ગુનેગાર ગણાય છે.

❖❖❖

# પ્રશ્નો પૂછીને પારંગત થવાય

**દર્શાલી સોની**

પ્રાચીનકાળમાં સત્સંગીઓની સભામાં એક પ્રજાપતિએ આત્માના વિષય પર ઉપદેશ આપવાનું શરુ કર્યું. તેણે આત્માના આઠ ગુણો વિશે સમજાવ્યું. તેણે કહ્યું, ''આત્માનો પહેલો ગુણ એ છે કે તે પાપમુક્ત છે. આત્માનો બીજો ગુણ એ છે કે તે હંમેશા યુવાન જ રહે છે. આત્માનું ક્યારેય મૃત્યુ નથી થતું - તે તેનો ત્રીજો ગુણ છે. આત્માના ચોથા ગુણ મુજબ આત્મા માટે સુખ અને દુઃખ સમાન છે. તેને સુખ દુઃખની માયાજાળની કોઈ અસર નથી થતી. આત્માનો પાંચમો ગુણ એ છે કે તેને ક્યારેય ભૂખ નથી લાગતી. છઠ્ઠા ગુણ મુજબ આત્માને તરસ પણ નથી લાગતી. આત્માનો સાતમો અને ઉત્તમ ગુણ એ છે કે આત્મા સત્યકામ છે. આત્માનો આઠમો ગુણ તેનો સત્યસંકલ્પ છે.''

હવે થયું એવું કે આ સભામાં દેવો અને દાનવો બંને આવ્યા હતા. તેઓ પણ બહુ જ ધ્યાનપૂર્વક આ ઉપદેશ સાંભળી રહ્યા હતા. ઉપદેશ સાંભળીને તેઓ પોતાના ઘરે ગયા. પછી તેઓએ આ આત્માના વિષય પર ખૂબ ચર્ચા કરી. તેઓએ ચર્ચાના અંતે નક્કી કર્યું કે, આત્મા વિશે વધુ જ્ઞાન મેળવવા તે ફરી પ્રજાપતિ પાસે જશે. આ વાત નક્કી થતા જ દેવોના અધિપતિ ઈન્દ્ર અને દાનવોના અધિપતિ વિરોચન પ્રજાપતિ પાસે ગયા. આમ તો દેવો અને દાનવો વચ્ચે ઈર્ષાનું યુદ્ધ ચાલુ જ હોય છે, આથી દેવો અને દાનવો પ્રજાપતિ માટે અનેક ભેટ સોગાદો લઈ ગયા.

તેઓએ પ્રજાપતિને કહ્યું, ''ભગવાન, અમારો વિચાર એવો છે કે આ પાપમુક્ત, જરામુક્ત, મૃત્યુમુક્ત, સુખ-દુઃખથી મુક્ત, ભૂખ તરસથી મુક્ત અને સત્યકામ - સત્યસંકલ્પ આત્માની શોધ કરવી જોઈએ. અમે આ આત્માને મળીને તેની પાસેથી બધું જ્ઞાન ગ્રહણ કરવા માંગીએ છીએ. કારણ કે જે વ્યક્તિ આત્માને સમજી જાય તે તો સર્વજ્ઞાની બની શકે. તેમજ તે ત્રણેય લોક પર રાજ પણ કરી શકે. અમારે પણ સર્વજ્ઞાની બનવું છે. આથી કૃપા કરીને તમે અમને આત્મજ્ઞાન આપો.''

ઈન્દ્ર અને વિરોચનની વાત સાંભળીને પ્રજાપતિ બોલ્યા, ''જો તમે આત્મા વિશે શીખવા માંગતા હોય તો બત્રીસ વર્ષ સુધી મારા શિષ્ય બનો અને તપસ્યા કરો. મન, વચન અને કર્મથી હું શીખવાડું તે શીખો. ત્યારબાદ જ હું તમને આત્મજ્ઞાન આપીશ.''

ઈન્દ્ર અને વિરોચન તો ખુશ થઈ ગયા. તે બંનેએ તો પૂરા ખંતથી ૩૨ વર્ષ સુધી તપસ્યા કરી. તપસ્યા પૂર્ણ કરીને તેઓ ફરી પ્રજાપતિ પાસે પહોંચી ગયા. તેની પાસે જઈને બંને કહેવા લાગ્યા, ''ભગવાન ! તમે કહ્યું તે મુજબ અમે પૂરી શ્રદ્ધાથી બ્રહ્મચર્યનું પાલન કરીને તપસ્યા કરી છે. હવે કૃપા કરીને અમને આત્મા વિશે જણાવો.''

પ્રજાપતિ બોલ્યા, ''તો ચાલો હું તમને આજે આત્મા વિશે સમજાવીશ. તમે આ આંખોથી જે કંઈપણ જોઈ શકો છો તે આત્મા છે, તે અમૃત છે અને તે બ્રહ્મ છે.''

આ સાંભળીને બંને જીજ્ઞાસુએ પ્રશ્ન પૂછ્યો, ''ભગવાન ! આ પાણીમાં જે પ્રતિબિંબ દેખાય અને અરીસામાં જે પ્રતિબિંબ દેખાય - આ બંનેમાંથી આત્મા કોણ છે ?''

આથી પ્રજાપતિ બોલ્યા, ''તમે બંને એક કામ કરો. એક પાણીથી ભરેલું વાસણ લઈ આવો. તે વાસણમાં તમારું પ્રતિબિંબ જૂઓ. તેમાં તમને શું દેખાય છે તે જાણવાનો પ્રયત્ન કરો. જે ન સમજાય તે મને પૂછો.''

પ્રજાપતિની આજ્ઞાનું પાલન કરીને બંને પાણી ભરેલું વાસણ લઈ આવ્યા. તેમાં પોતાનું પ્રતિબિંબ પણ જોયું. પછી પ્રજાપતિએ તેઓને પૂછ્યું, ''ચાલો મને કહો કે આ પાણીમાં તમને શું દેખાય છે ?''

ઈન્દ્ર અને વિરોચનએ કહ્યું, ''ભગવાન ! અમને તો આ વાસણમાં અમારું આખું સ્વરૂપ જેવું છે, તેવું જ સ્પષ્ટ દેખાય છે.''

આથી પ્રજાપતિએ બંનેને કહ્યું, ''હવે તમે બંને ખૂબ સુંદર રીતે તૈયાર થઈ જાવ. સુંદર વસ્ત્રો અને આભૂષણો ધારણ કરી લો. ટૂંકમાં એકદમ આકર્ષક બની જાવ અને પછી ફરીથી તમારા પ્રતિબિંબને પાણીમાં જૂઓ.''

ઈન્દ્ર અને વિરોચનએ તરત જ પ્રજાપતિની આજ્ઞાનું પાલન કર્યું.

ત્યારબાદ પ્રજાપતિએ પૂછ્યું, ''હવે તમને પાણીમાં શું દેખાય છે ?''

બંનેએ કહ્યું, ''ભગવાન ! અમને આ પાણીમાં બે વ્યક્તિના પ્રતિબિંબ દેખાય છે. અમારી જેમ જ આ પ્રતિબિંબે પણ સુંદર વસ્ત્રો અને આભૂષણો ધારણ કર્યા છે.''

આથી પ્રજાપતિ બોલ્યા, ''આ પ્રતિબિંબ પણ આત્મા છે. તે અમર અને અભય છે. તે જ બ્રહ્મ છે.'' પ્રજાપતિની આ વાત સાંભળીને ઈન્દ્ર અને વિરોચનને સંતોષ થયો. તેઓ તેના નિવાસસ્થાન તરફ જતા જતા આત્મા વિશે વાતો કરવા લાગ્યા. પરંતુ પ્રજાપતિને વિચાર આવ્યો, ''આ બંને આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યા વગર જ જઈ રહ્યા છે. તેઓને ખરેખર આત્માનો સાક્ષાત્કાર તો નથી થયો. દેવતા હોય કે દાનવ અધૂરું જ્ઞાન તો વિનાશ જ સર્જે છે.'' પ્રજાપતિ આ રીતે વિચારોમાં ખોવાઈ ગયા.

દાનવ વિરોચન તેના નિવાસસ્થાને પહોંચ્યા. ત્યારબાદ તેની પ્રજાને તેણે કહ્યું, ''આ શરીર જ આત્મા છે. આ શરીરને વધુ સુંદર અને આકર્ષક બનાવવું તે જ આપણા જીવનનો ધ્યેય છે. તેના થકી જ આપણું જીવન સાર્થક ગણાશે.''

હકીકતમાં તો આત્માનું આ જ્ઞાન અધૂરું હતું. શરીરની સેવા એક હદ સુધી જ કરવાની હોય. જીવનનો પૂરો સમય માત્ર શરીરની સંભાળમાં જ વ્યતીત કરવો ન જોઈએ. પણ આ વાત દાનવો ન સમજી શક્યા. આમ છતાં સમયની સાથોસાથ દાનવોની જાતિનો વિકાસ થયો. તેઓએ વસ્ત્રો અને આભૂષણોને જ મહત્વ આપ્યું. દાનવોએ શરીરને જ આત્મા માન્યો છે.

દેવતાઓનો અધિપતિ ઈન્દ્ર તો વધુ બુદ્ધિશાળી હતા. તેઓએ સ્વર્ગ જતી વખતે વિચાર્યું, ''જો પાણીના પ્રતિબિંબને જ આત્મા માની લઈએ તો પાણી તો અસ્થિર હોય છે. તો શું આત્મા પણ અસ્થિર છે? શું નવા વસ્ત્રો ધારણ કરવાથી આત્માની સુંદરતા વધી જાય છે? જો શરીર જ આત્મા હોય તો કોઈ વ્યક્તિની એક આંખ ફૂટી જાય તો શું આત્મા પણ આંધળી બની જાય છે? પણ પ્રજાપતિએ તો એમ કહ્યું હતું કે, 'આત્મા અજર અમર છે. આત્મા પવિત્ર છે.' શરીર તો અપવિત્ર પણ હોઈ શકે. પણ આત્મા તો અપવિત્ર ન હોય. તો કઈ રીતે કહી શકાય કે શરીર જ આત્મા છે?''

આ રીતે વિચારોની મથામણ કરતા કરતા ઈન્દ્ર ફરી પ્રજાપતિ પાસે ગયા. તેણે પ્રજાપતિને પૂછ્યું, ''ભગવાન! મારી જ્ઞાનની તૃષ્ણા હજુ શાંત થઈ નથી. ઘરે જતી વખતે મને અનેક વિચારો આવ્યા. પણ કોઈ સ્પષ્ટ ઉકેલ મળ્યો નહીં. ભગવાન! જો શરીર સુંદર વસ્ત્રો અને આભુષણ ધારણ કરે તો સુંદર લાગે. શરીરને સ્વચ્છ રાખીએ તો તે સ્વચ્છ લાગે. તે જ રીતે શરીરમાં તો રોગ પણ આવે, અંધાપો પણ આવે અને શરીર નષ્ટ પણ થઈ જાય. જો શરીર જ આત્મા હોય તો શું આત્મા પણ નાશવંત છે? જો આત્મા પણ શરીરની જેમ નાશવંત હોય તો તમે કઈ રીતે કહી શકો કે આત્મા અમર છે?''

પ્રજાપતિએ સ્મિત આપીને કહ્યું, ''ઈન્દ્ર, તમને જે પ્રશ્ન થયો છે તે એકદમ યોગ્ય છે. હવે સત્ય જાણવા માટે તમે ફરીથી બ્રહ્મચર્યનું પાલન કરીને બત્રીસ વર્ષ સુધી તપસ્યા કરો. ત્યારબાદ હું તમને આત્માનું સત્ય સમજાવીશ.''

ઈન્દ્રએ ફરીથી બત્રીસ વર્ષ સુધી તપ કર્યું. ત્યારબાદ પ્રજાપતિએ એક ઉદાહરણ આપીને ઈન્દ્રને કહ્યું, ''તમે સપનામાં તમારું જે કંઈપણ સ્વરૂપ જૂઓ છો તે જ આત્મા છે. તે જ અમૃત છે. તે જ બ્રહ્મ છે.''

આ વાત સાંભળીને ઈન્દ્રને સંતોષ થયો. તે ફરી પોતાના નિવાસસ્થાને જવા નીકળી પડ્યા. રસ્તામાં ઈન્દ્રને ફરી પ્રશ્ન થયો, ''સપનામાં દેખાતું સ્વરૂપ આત્મા કઈ રીતે હોઈ શકે? વાસ્તવિકમાં શરીર આંધળું હોય કે અપંગ હોય તો પણ સપનામાં તો શરીર સ્વસ્થ દેતાય છે. આ જ રીતે સપનામાં કોઈ દુર્ઘટના ઘટે તો આપણે તેનાથી વિચલિત થઈ જાય છીએ. પણ સપના વાસ્તવિક તો નથી હોતા. પ્રજાપતિએ તો કહ્યું હતું કે, 'આત્મા સત્યકામ છે' - તો સપનામાં દેખાતું સ્વરૂપ આત્મા કઈ રીતે હોઈ શકે? તે સ્વરૂપ તો મનના વિચારોનું પ્રતિબિંબ છે.''

આથી ફરી શંકાના સમાધાન માટે ઈન્દ્ર પ્રજાપતિ પાસે ગયા. પ્રજાપતિ ઈન્દ્રને જોતા જ બોલ્યા, ''અરે ઈન્દ્ર! મને તો એમ કે હવે તમને આત્માનું જ્ઞાન સમજાઈ ગયું છે. વળી શું પ્રશ્ન થયો તમને?''

ઈન્દ્રએ જવાબ આપ્યો, ''ભગવાન! મને રસ્તામાં વિચાર આવ્યો કે તમે આપેલું આ આત્મજ્ઞાન તો ખોટું છે. કારણ કે શરીર રોગી હોય તો પણ સપનામાં તો તે જ શરીર નીરોગી દેખાય છે. શરીર આંધળું હોય તો પણ સપનામાં તો તે પૂર્ણ રીતે સ્વસ્થ દેખાય છે. સપનામાં શરીર પર કોઈ અત્યાચાર થતો હોય, શરીર સેતું હોય કે દુઃખ અનુભવતું હોય તેવું પણ બને. પણ તમે તો એમ કહ્યું હતું કે, 'આત્મા સુખ અને દુઃખથી પર છે.' તો પછી સપનામાં આવતું સ્વરૂપ આત્મા કઈ રીતે કહી શકાય? મને તો આત્મજ્ઞાનનો તર્ક સમજતો નથી. મહેરબાની કરીને આપ મારી શંકાનું સમાધાન કરો.''

પ્રજાપતિ તો ઈન્દ્રની જ્ઞાન મેળવવાની ઉત્કંઠા સમજી ગયા. આથી તેણે કહ્યું, ''તમે હજુ બત્રીસ વર્ષ સુધી તપસ્યા કરો. ત્યારબાદ હું તમને આત્મજ્ઞાન વિશે સમજાવીશ.''

ઈન્દ્રે આ આજ્ઞાનું પાલન કરીને ફરી બત્રીસ વર્ષની તપસ્યા કરી. ત્યારબાદ તે ફરી પ્રજાપતિ પાસે ગયા. આ વખતે પ્રજાપતિએ કહ્યું, ''ઈન્દ્ર! જ્યારે માનવી નિંદ્રાવસ્થામાં હોય ત્યારે કઈ અનુભવતો નથી. દુઃખ પણ નહીં અને સુખ પણ નહીં. આ જ અવસ્થા આત્મા છે. આ જ આત્મા અભય છે. આ જ આત્મા બ્રહ્મ છે.''

આ જવાબ સાંભળી ઈન્દ્ર તેના દેવગણ પાસે જવા નીકળી પડ્યા. પરંતુ ફરીથી ઈન્દ્રને રસ્તામાં પ્રશ્ન થયો. તેને વિચાર આવ્યો, ''આત્મા તો જ્ઞાની છે. નિંદ્રાવસ્થામાં તો કોઈ જ્ઞાન મેળવી શકાતું નથી. નિંદ્રામાં તો સજીવ અને નિર્જીવ વચ્ચેનો ફરક પણ જાણી શકાતો નથી. તો પછી નિંદ્રાવસ્થામાં અનુભવાતી શાંતિ આત્મા ન હોઈ શકે.'' આવું વિચારીને તે ફરીથી પ્રજાપતિ પાસે ગયા.

ઈન્દ્રને જોઈને પ્રજાપતિ બોલ્યા,

''ઈન્દ્ર ! તમે હવે કયો પ્રશ્ન પૂછવા પધાર્યા છો ?''

ઈન્દ્રએ કહ્યું, ''ભગવાન ! મને તમે શીખવેલું આ નિંદ્રારૂપી આત્મજ્ઞાન નથી સમજાતું. માનવી હોય કે પ્રોણી - નિંદ્રાવસ્થામાં તો તે કોઈ જ્ઞાન પ્રાપ્ત નથી કરી શકતું. ત્યારે તે કોઈ નિર્ણય પણ નથી લઈ શકતું. તો તમે કઈ રીતે કહી શકો કે આ જ આત્મજ્ઞાન છે ? પ્રભુ ! મારી વિપદા દૂર કરો અને મને આત્મજ્ઞાન આપો.''

આ વાત સાંભળીને પ્રજાપતિએ કહ્યું, ''વત્સ ! આ વખતે તમે માત્ર પાંચ વર્ષ સુધી તપસ્યા કરો. આ તપસ્યા બાદ હું તમને આત્મજ્ઞાનનો ઉપદેશ આપીશ.''

આ રીતે જ ઈન્દ્રએ કુલ એકસોને એક વર્ષ તપ કર્યું. ત્યારબાદ પ્રજાપતિએ તેને આત્મજ્ઞાન આપતી વખતે કહ્યું, ''ઈન્દ્ર ! આત્મજ્ઞાનનું રહસ્ય ખૂબ જ સરળ છે. જ્યાં સુધી આત્મા શરીરમાં રહે છે ત્યાં સુધી તે સુખ અને દુઃખનો અનુભવ કરે છે. શરીરનું મૃત્યુ થાય એટલે પુણ્યશાળી આત્માને મોક્ષ મળી જાય છે. જેમ રથમાં જોડાયેલા ઘોડાને છૂટો મૂકી દેવામાં આવે તો તે ખૂબ જ આનંદિત થઈ જાય છે. તે જ રીતે આત્મા શરીરના બંધનોમાંથી મુક્ત થાય એટલે શાંતિનો અનુભવ કરે છે. તે આત્મા શરીરથી મુક્ત થઈને પરમેશ્વરની નજીક પહોંચી જાય છે. દરેક આત્માનો મુખ્ય હેતુ પરમેશ્વરને પામવાનો છે. એકવાર મોક્ષ મળી જાય એટલે આત્મા જન્મ-મરણના ચક્રમાંથી મુક્ત થઈ જાય છે.''

પ્રજાપતિએ ઈન્દ્રને વધુ ઊંડાણપૂર્વક સમજાવવા કહ્યું, '' ઈન્દ્ર ! શરીર તો નાશવંત છે. શરીરનું મૃત્યુ નિશ્ચિત છે. પણ આત્મા માટે તો આ શરીર નિવાસસ્થાન છે. જ્યાં સુધી આત્મા શરીરમાં હોય ત્યાં સુધી જ તે સુખ, દુઃખ, અણગમો, નફરત, ગુસ્સો, પ્રેમ - આ બધી જ લાગણીઓ અનુભવે છે શરીરથી મુક્ત થતા જ આત્મા લાગણીમુક્ત પણ થઈ જાય છે. જેમ કે નાક થકી માનવી કઈ સુંઘે છે, ત્યારે તે ક્રિયા સુક્ષ્મા આત્મા દ્વારા થાય છે. નાક તો સુંઘવા માટેનું માધ્યમ છે. તે જ રીતે આંખોથી જે જોવામાં આવે છે, તે આત્મા જુએ છે. આંખો જોવાનું માધ્યમ છે. વાણી થકી નહીં, પરંતુ આત્મા થકી બોલી શકાય છે. એ જ રીતે કાન સાંભળતા નથી, પણ આત્મા સાંભળે છે. આત્મા વિચારે છે. મન તો વિચારવા માટેનું માધ્યમ જ છે. ટૂંકમાં જે વ્યક્તિ તેના આ પાંચ ઈન્દ્રિયો પર વિજય મેળવી લે છે તે વ્યક્તિ આત્મજ્ઞાન મેળવી શકે છે. કારણ કે સુક્ષ્મ આત્મા શકી જ તો શરીર અને તેમાં રહેલ પાંચ ઈન્દ્રિયો પર વિજય મેળવી લે છે તે વ્યક્તિ આત્મજ્ઞાન મેળવી શકે છે. કારણ કે સુક્ષ્મ આત્મા થકી જ તો શરીર અને તેમાં રહેલ પાંચ ઈન્દ્રિયોનું અસ્તિત્વ છે.''

આ રીતે પ્રજાપતિ પાસેથી આત્મજ્ઞાન સાંભળીને ઈન્દ્રના દરેક પ્રશ્નોનું સમાધાન થયું. તેને આત્મજ્ઞાન સમજાઈ જતા ખૂબ જ સંતોષ થયો. ત્યારબાદ ઈન્દ્ર દેવલોક ગયા અને દેવોને પણ આ આત્મજ્ઞાન આપ્યું.

❖❖❖

## સમાચાર સંકલન

### વસઈ-નાલાસોપારા-વિરાર-ઝાલાવાડી મહિલા મંડળ

તા. ૨૦.૦૧.૨૦૨૬ દિવસે વસઈ-નાલાસોપારા-વિરાર-ઝાલાવાડી મહિલા મંડળ દ્વારા ગુજરાતી મુવી જોવાનું આયોજન કરવામાં આવેલ જેમાં ૮૦ સભ્યોએ આયોજનની ''જય જિનેન્દ્ર'', ''જય ઝાલાવાડ'', ''આપણું ઝાલાવાડ - સમૃદ્ધ ઝાલાવાડ''ના જયનાદ સાથે સખી - સહેલીઓએ સાથે બેસીને મુવી જોવાની મજા માણી હતી. સાથે-સાથે મધ્યાંતરમાં દરેકે સમોસા - પોપકોર્ન અને કોકની પણ લહેજત માણી હતી. દરેકના ચહેરા ઉપર ખુશી ઝલકી રહી હતી, દરેકે આ બીઝી લાઈફસ્ટાઈલમાં પોતાના માટે પોતાને સમય આપેલ બધાં જ પોતાના મનગમતા આઉટફિટસ્ પહેરવેશ ધારણ કરીને આવેલ.

આ સમયે બધાએ જૂના સંભારણા વાગોળતા અગાઉ પણ આયોજન કરેલ ગુજરાતી મુવી અને ત્રિમંદિરની પીકનીક જ્યાં દરેકે રસ-પુરીની લહેજત માણી હતી અને ગેમ્સ રમ્યા હતા એ સમયે વરસાદનું આહ્લાદક વાતાવરણ પણ માણેલ. આ બધી ખુશ્નુમા યાદો તાઝી કરી બધા કમિટી મેમ્બર્સ અને પ્રમુખ શ્રીમતી દિપ્તીબેન શાહ અને ઉપ-પ્રમુખ ઉર્વીબેન ગોપાણી નો આભાર વ્યક્ત કરી હરી-ફરી આવા સરસ આયોજન કરાવવાની રજુઆત કરી હતી.

❖❖❖

**મહત્ત્વની સૂચના**

સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

# સમાચાર સંકલન

## શ્રી સમસ્ત લીંબડી સંઘવી કુટુંબ (મુંબઈ)

ઉપરોક્ત કુટુંબ ૩ દિવસનો પર્યટન - ગ્રાન્ડ રીસોર્ટ - ઈગતપુરી ખાતે ખૂબજ ભવ્યાતિભવ્ય રહ્યો.

પ્રમુખશ્રી ગીરીશભાઈ ભગવાનલાલ સંઘવીની આગેવાનીમાં નાના મોટા મળી કુલ ૮૭ સભ્યો તા. ૯-૧-૨૬ના સવારનાં ૬.૦૦ વાગે મુંબઈથી રવાના થઈ ૯.૦૦ વાગે માનસ મંદિર ખાતે નવકારશી કરી પ્રભુના દર્શનનો અનેરો લાભ લીધો.

૧૨.૦૦ વાગે રીસોર્ટ ખાતે પહોંચી ગયા. અવનવી વાનગીઓ-રમતો-બોનફાયર-લાઈવ ઓરકેસ્ટ્રા વિ.વિ. સહુએ મનભરી માણ્યા. છોગામાં દરેક જણને પ્રી-વેડીંગ સેટ પર લઈ ગયા જ્યાં સહુએ ખૂબજ સુંદર ફોટાગ્રાફી કરી.

તા. ૧૦-૧-૨૬ અને ૧૧-૧-૨૬ સવારનાં ૭ થી ૮ સમુહ-સામાયિકનું આયોજન દરેક વડીલોને ખૂબજ હ્રદયસ્પર્શી બની ગયું. ભક્તામર સ્તવનોથી રીસોર્ટ ગુંજી ઉઠ્યો. આ પ્રોગ્રામ માટે નીચેના સભ્ય-ભાઈઓ તરફથી સુંદર યોગદાન મળેલ.

| | |
|---|---|
| ૧૧,૦૦૦/- | શ્રી ગીરીશભાઈ ભગવાનલાલ - પ્રમુખશ્રી |
| ૧૧,૦૦૦/- | શ્રી સમીરભાઈ ચંપકલાલ - મંત્રીશ્રી |
| ૧૧,૦૦૦/- | શ્રીમતી શર્મીલાબેન કીર્તીભાઈ |
| ૧૧,૦૦૦/- | શ્રી મયંકભાઈ રમણીકલાલ |
| ૫,૦૦૦/- | શ્રી જીગીશભાઈ પ્રમોદભાઈ |
| ૫,૦૦૦/- | શ્રી દક્ષેશભાઈ નગીનદાસ |
| ૫,૦૦૦/- | શ્રી હરેશભાઈ મણીલાલ |
| ૫,૦૦૦/- | શ્રી બીપીનભાઈ હરીલાલ |
| ૨૫૦૦/- | શ્રીમતી છાયાબેન શૈલેષભાઈ |
| ૨૫૦૦/- | શ્રીમતી પ્રજ્ઞાબેન હરેન્દ્રભાઈ |

આ પ્રોગ્રામને યાદગાર બનાવવા માટે પ્રમુખશ્રી ગીરીશભાઈ મંત્રીશ્રી સમીરભાઈ-પ્રિતેષભાઈ-ટ્રેઝરરશ્રી સુધીરભાઈ તેમજ દક્ષેશભાઈએ ખૂબજ જહેમત ઉઠાવેલ.

આવો સુંદર પ્રોગ્રામ કરવા બદલ સર્વે મેમ્બરોએ કમિટી મેમ્બરને ખૂબ ખૂબ ધન્યવાદ આપ્યા.

**એજ લી.**

**ગીરીશભાઈ ભગવાનલાલ સંઘવી- પ્રમુખશ્રી**

## વીર આવો અમારી સાથે

મંગળવાર તા. ૬ જાન્યુઆરી ૨૦૨૬ ના ૧૧૧૮ સમુહ સામાયિકનું આયોજન યોગી સભાગૃહ, દાદર ખાતે કરવામાં આવેલ. જેને ભવ્યાતિભવ્ય બનાવવા માટે જૈનોના ચારેય ફિરકાઓએ લાભ લીધેલ.

ગચ્છાધિપતી પ.પૂ. ભાવચંદ્રજી મ.સા. ના સુશિષ્યા પ.પૂ. મહાસતીજી વિશુધ્ધીબાઈ મ. સતીજી અને પ.પૂ. કૃતજ્ઞાબાઈ મ.સતીજી પધારેલ. તેમજ રાષ્ટ્રીય સંત પ.પૂ. નમ્રમુનિ મહારાજ સાહેબના પ.પૂ. સુશિષ્યા પરમપ્રતિષ્ઠાજી મહાસતીજી અને પ.પૂ. પરમ ઋજુમિત્રાજી મહાસતીજીની નિશ્રામાં આયોજન કરવામાં આવેલ. સૌ પ્રથમ સમ્રાટ સંગીતકાર શ્રી રૂપેશભાઈ વોરા દ્વારા ધાર્મિક ભક્તિનો લાભ સૌ શ્રોતાગણોએ લીધો. ત્યારબાદ નવી પેઢી દ્વારા ૪૮ મિનીટની સામાયિક બંધાવી. સામાયિક વિશે વિશેષ વાંચન કરી મુમુક્ષુ જીવોને હ્રદયસ્પર્શી દ્રષ્ટાંત આપી મંત્રમુગ્ધ કરી દીધા. ત્યારબાદ પરમપ્રતિષ્ઠાજી મ. સતીજીએ પણ સામાયિકના સાચા ગુણોનો જ્ઞાન ભંડાર સૌની સમક્ષ મુક્યો. ઉપાશ્રયમાં જે રીતે સામાયિક પાળવામાં આવે છે તેવો નજારો જોવામાં આવ્યો. વીર આવો અમારી સાથે મંડળ દ્વારા પધારેલ સૌ મુમુક્ષુ ભાઈ-બહેનોને મુહપત્તી, આસન આપવામાં આવેલ. જે સર્વોએ ધારણ કર્યો અને સભાગૃહની બધાજ લાઈટો તથા A.C. બંધ કરી દેવામાં આવ્યા. સામાયિક બાદ ફરી ભક્તિ સંગીતની સાથોસાથ વીર આવો અમારી સાથે મંડળનો અહેવાલ રૂપેશભાઈ વોરાએ આપીને કહ્યું આ મંડળ ફક્ત ૧૧ બહેનો દ્વારાજ સંચાલન કરવામાં આવે છે. પુણ્ય શ્રાવક અને શ્રેણિક મહારાજ નાના બાળકોએ એક સામાયિકની કિંમત સમજાવી હતી. આંખના ઓપરેશન, ભુખ્યાને ભોજન, પાણી પરબ, ચબુતરને ચણ, અબોલ પશુઓને ઘાસ-ચારો, પુરણપોળી, ગોળ અને ઉનાળાની સીઝન માં કેરીનો રસ આપવામાં આવે છે. દર રવિવારે છાસ કેન્દ્ર તેમજ અનેક ધાર્મિક કાર્યો આ બધીજ બહેનો નિ:સ્વાર્થ ભાવે કરી રહ્યા છે.

વીર આવો મારી સાથેના રશ્મીબેન શાહ, પુષ્પાબેન દેસાઈ, કુસુમબેન શાહ, ગીતાબેન શાહ, ભાવનાબેન શાહ, પ્રફુલ્લાબેન કામદારે પધારેલ સર્વ મુમુક્ષુ ભાઈ-બહેનોનો આભાર વ્યક્ત કરેલ.

અંતમાં પ્રિતીભોજનને ન્યાય આપી વીર આવો અમારી સાથે ના બહેનોનો સામાયિકમાં લાભ મળ્યો તેનો આભાર વ્યક્ત કરી સૌ છુટા પડ્યા.

**સંપર્ક**

૯૮૬૭૮૭૭૦૦૭ / ૯૮૨૦૭૪૪૯૧૩ / ૯૩૨૨૨૩૦૧૧૫

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

સંચાલિત

## શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખિયા

**સભાની ઑફિસ**

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM • Lunch Time : 1.00 To 2.00 PM**

**Office Mobile No. 7208472884**

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે.

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.**

| | | | |
|---|---|---|---|
| પંચગીની<br>માથેરાન / દેવલાલી<br>Online Query / New Member<br>Patrika /Loan<br>શ્રી નિરવભાઈ શાહ<br>9819012468 | સંસ્થાના મેનેજર<br>શ્રી પ્રદીપભાઈ તુરખિયા<br>સંપર્ક<br>9867748120 | મેડિકલ સહાય<br>પત્રિકા જાહેરખબર<br>લોનાવલા<br>શ્રી મિલનભાઈ<br>9860125136 | સુરેન્દ્રનગર અતિથિ ભવન<br>સુરેન્દ્રનગર - કેતનભાઈ શાહ<br>9099350644 / 9426756100<br>મુંબઈ - શ્રી મિલનભાઈ તુરખિયા<br>9860125136 |

**સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**


**સીનીયર સીટીઝન**

**રોજના ૮૦૦ ટિફિન જાય છે સંપૂર્ણ મુંબઈમાં.
૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક
બપોરનું ટિફિન પહોચાડશું.**

**શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા
પ્રભાદેવી. મો. ૯૮૧૯૦૦૬૪૦૪ ફક્ત વોટ્સએપ
(ફોન કરવો નહી)**

Advt.


## વેવિશાળ

| મંથન | શ્રુતિ | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|---|
| શ્રી રાકેશભાઈ મહેન્દ્રભાઈ વોરાના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ - બોરીવલી -ઈસ્ટ) | શ્રી સંજયભાઈ ઈશ્વરલાલ જોશીની સુપુત્રી ગલોડીયા નિવાસી (હાલ - મલાડ - ઈસ્ટ) | ૬૦૦ | ૬૦૦ |

# ભારતીય સક્સેશન ઍક્ટ પ્રમાણે વસિયતનામું કોણ કોણ બનાવી શકે ?

**કિશોર એમ. શાહ** - સોલિસિટર

ઈન્ડિયન સક્સેશન ઍક્ટ અને હિન્દુ સક્સેશન ઍક્ટ પ્રમાણે માનસિક રીતે બરાબર હોય એવો કોઈ પણ મોટી ઉંમરનો પુરુષ કે સ્ત્રી વસિયતનામું બનાવી શકે છે. વ્યક્તિ ઉંમરમાં નાની હોય, માયનર હોય તો વીલ બનાવી શકતી નથી. કોઈ પણ પરિણીત સ્ત્રી પોતાનું વિલ બનાવી શકે છે. પરણેલી સ્ત્રી પોતાના પિયર તરફથી મળેલા દાગીના કે બીજી મિલકતોનું વસિયતનામું કરી શકે છે. સાસરા પક્ષેથી મળેલા દાગીના કે મિલકત પણ સ્ત્રીધન થઈ જાય છે. એની પર એના પતિનો હક રહેતો નથી. માટે તે તેનું વિલ કરી શકે છે. કોઈ પણ કારણસર છૂટાછેડા થાય તોપણ સાસરા પક્ષેથી મળેલા દાગીના કે મિલકત સ્ત્રીધન થઈ જતું હોવાથી તે પાછું આપવું પડતું નથી.

કોઈ પણ એવી વ્યક્તિ કે જે જોઈ, બોલી કે સાંભળી નથી શકતી તે પણ પોતાનું વિલ બનાવી શકે છે. માત્ર શરત એટલી છે કે આવી વ્યક્તિને ખબર હોવી જોઈએ કે તે વિલ સમજી શકે છે.

સમયસમયાંતરે અગર મોટા ભાગે માનસિક અસ્થિરતા ધરાવતી વ્યક્તિ પણ જ્યારે પૂરેપૂરી ભાનમાં અને માનસિક સ્થિરતા સારા-નરસાનું ભાન ધરાવતી હોય અને વિલની મહત્તા સમજીને રાજીખુશીથી વસિયતનામું બનાવવા ચાહે તો તે એ બનાવી શકે છે.

**કઈ વસ્તુઓનું વસિયતનામું થઈ શકે ?**

જે કોઈ વ્યક્તિ વિલ કરવા ધારે ત્યારે તેણે સૌપ્રથમ એ વસ્તુ ધ્યાનમાં રાખવી કે ઉલ્લેખ કરવાલાયક મિલકત કે અસ્કયામત એ એણે પોતે ઊભી કરી છે અગર મેળવી છે અથવા તો તેને વારસારૂપે વડવાઓ તરફથી મળી છે અગર મેળવી છે અને હાલમાં એ મિલકત તેની માલિકીની છે. એ સિવાયની કોઈ પણ મિલકતનું વીલ થઈ શકતું નથી. ત્યાં સુધી કે કોઈ પણ પતિ તેની પત્નીની માલિકીની મિલકતનું વસિયતનામું નથી કરી શકતો.

હિંદુ અવિભક્ત કુટુંબ (એચયુએફ)નો પુરુષ વ્યક્તિ પોતાનો હિસ્સો કોઈને પણ આપી શકે છે. એચયુએક પ્રોપર્ટીના બે પ્રકારના ભાગ પડે છે. ૧) મિતાક્ષરા ૨) દયાબાગ. દેશમાં પશ્ચિમ બંગાળને બાદ કરતાં બીજા બધા વિસ્તારોમાં મિતાક્ષરાનો કાયદો લાગુ પડે છે અને હિન્દુ સક્સેશન ઍક્ટ ૧૯૫૬ પ્રમાણે કોઈ પણ હિન્દુ વ્યક્તિ કે જેને મિતાક્ષરાનો કાયદો લાગતો હોય તે તેનો એચયુએફ પ્રોપર્ટીનો ભાગ વીલ મારફત કોઈને પણ આપી શકે છે. વીલ બનાવતી વખતે દરેક દિન્દુએ એ વાત ખાસ ધ્યાનમાં રાખવાની કે તેના કુટુંબના સભ્યોના ભરણપોષણની તેની કાયદેસરની ફરજ છે. વીલમાં ઉલ્લેખ ન કર્યો હોય છતાં વીલ કરનાર વ્યક્તિ પર નિર્ભર રહેતી પત્ની કે કુંવારી દીકરી કે અન્ય કૌટુંબિક સભ્યને સાચવવાનો કે તેની દેખરેખ રાખવાનો કાયદેસરનો હક છે. નાનાં બાળકો (માયનર) અને કુંવારી કન્યાઓને તેમના પિતાની મિલકતમાં કાયદેસરનો હક છે. હિન્દુ સક્સેશન ઍક્ટ ૧૯૫૬ સક્સેશન ૩૦ પ્રમાણે કોઈ પણ હિન્દુ, બુદ્ધિસ્ટ અગર જૈન વ્યક્તિ વીલ કરી શકે છે, જ્યારે કે ક્રિશ્ચિયન, પારસી અને યહૂદી કોમ માટે ઈન્ડિયન સક્સેશન ઍક્ટ ૧૯૨૫ લાગુ પડે છે.

**વીલ કર્યા બાદ તેમાં ઉલ્લેખાયેલી પ્રોપર્ટીની વીલ કરનાર વ્યક્તિ લે-વેચ કરી શકે કે નહીં ?**

કોઈ પણ હિન્દુ વીલ કર્યા બાદ સંજોગોને આધીન અને સમયની જરૂરિયાત મુજબ વીલમાં ઉલ્લેખ કરેલી મિલકત, પ્રોપર્ટી કે અસ્કયામતની બાબતમાં જરૂરી ફેરફાર, લે-વેચ વગેરે કરવાનો હક ધરાવે છે એને પૂરેપૂરો અધિકાર છે. વીલ કરવાથી/લખવાથી કોઈ પમ વ્યક્તિ પોતાની હયાતીમાં એના લખાણથી બંધાઈ નથી જતી. ઊલટાનું એને લાગે તો તે વીલમાં ફેરફાર કરી શકે છે અને ધારે ત્યારે નવું વસિયતનામું કે કોડિશીલ કરી શકે છે. બીજી વારનું વીલ કરતાં આગળનું આપોઆપ રદ થઈ જાય છે. રજિસ્ટ્રેશન ઍક્ટ ૧૯૦૮ સક્સેશન ૧૭ પ્રમાણે વીલનું રજિસ્ટ્રેશન સબ રજિસ્ટ્રાર પાસે કરાવવું ફરજિયાત નથી. રજિસ્ટ્રેશન કરવું કે ન કરવું એ વીલ કરનારની મુનસફી પર આધાર રાખે છે. વીલનો એક મહત્ત્વનો સિદ્ધાંત એ છે કે "WILL SPEAKS FROM THE DEATH OF THE SPECTATOR."

**પતિ-પત્નીએ ક્રોસ વીલ કરવાં જોઈએ ?**

પતિ અને પત્નીએ એકબીજાની તરફેણમાં એટલે કે ક્રોસ વીલ કરી નાખવાં જોઈએ. પુરુષ વીલ કરે ત્યારે એક વખત તો તેની બધી જ મિલકત તેની પત્નીના નામે કરવી જોઈએ. એવી જ રીતે પત્નીની મિલકત પતિના નામે થવી જોઈએ એની સાથે સાથે જ એ ઉલ્લેખ પણ કરી નાખવી જોઈએ કે કોઈ કારણસર પતિ કે પત્નીની હયાતીમાં જ કોઈ એક વ્યક્તિનું મૃત્યુ થઈ જાય તો મૃતકની મિલકત જીવિત પતિ કે પત્ની અગર તેનાં બાળકોને મળે.

હમણાં હમણાં એવા ઘણા દાખલા બન્યા કે છે જેમાં પતિ અને પત્નીના અવસાન બાદ મિલકત અંગે વિખવાદ ઊભા થયા છે. ક્રોસ વીલ કર્યું હોય અને બાળકોનો ઉલ્લેખ હોય તો મૃતકના કાયદેસરના વારસદારોને મિલકત મેળવવામાં આસાની રહે છે. આથી પતિ-પત્નીએ ક્રોસ વસિયતનામું કરી નાખવું ઉત્તમ છે.

❖❖❖

# BIO DATA

## MANSI MANOJ DESAI



**Occupation :**
Sr.Equity Research Analyst - Asset Management
Dalal & Broacha Portfolio Managers
Previously : Equity Analyst at IDBI Asset Management

**Education :**
Chartered Financial Analyst (CFA Institute, USA)
Certified Financial Planner (FPSB India)
Bachelors in Financial Markets (BFM), SIES, Sion

**Personal Details :**

| | |
|---|---|
| DOB | : 8th February 1993 |
| Time & Place | : 10.48 AM - Thane |
| Height | : 5' 1" |
| Hobbies | : Reading, Travelling, Writing |
| Caste | : Zalawad Vishashrimali Derawasi Jain |
| Native | : Botad |
| Mob | : +91-9167154728 |
| Email | : mansid53@gmail.com |
| Diet | : Regular (vegetarian) |
| Residence | : 602/603, Shilpali CHS. Opp. Aradhana Cinema, Panchpakhadi Thane (W) |

**Family Details :**

| | |
|---|---|
| Father | : Manoj Balchandra Desai Mob : 9702034092 |
| Mother | : Hina Manoj Desai Mob : 9967122293 |
| Sister | : Kruti Abhishek Shah (lives in New Jersey, USA) |
| Brother-in-Law | : Abhishek Kaushikbhai Shah (Anti Money Laundering Officer in New York) |
| Nephew-Neice | : Yuvaan & Naira |
| Grand Father | : Lt. Shri Balchandra Kasturchand Desai |
| Grand Mother | : Lt. Smt Induben Balchandra Desai |
| Uncle-Aunt | : Kamlesh Desai - Shilpa Desai<br>Ketan Desai - Falguni Desai |

**Family Business :**
Choice Builtdmat, Navi Mumbai
Distributors of ACC Cement, Waterproofing products and Building Materials

**Maternal Family :**
Mukund Bhai Amulak Mehta (Vadhwan, At present - Rajkot)

Masas : Sunil Tejani (Kasuma Bearings)
Hitesh Mehta (Surgical Instruments)
Yogesh Mehta (Mandi Yard)

**Paternal Family :**

Fai : Nayanaben BharatKumar Mashkaria
Vinaben AshokKumar Doshi
Pragnaben NikhilKumar Sheth
Ritaben VinayKumar Zaveri

**Reference :**

BharatKumar Mashkaria : 9322211918
AshokKumar Doshi : 9320453199

Advt.

**|| Shree Butbhavani Matay Namah ||**

# BIODATA



**PARTH VIPUL SHAH**

**DOB** : 18th July 1999, Malad West

**Birth Time :** 08:01 PM

**Height/Weight:** 5'6"/67 KG

**Religion:** Zalawadi Visha Shrimali Sthanakvasi Jain

**Native Place:** Sudamda (Surendranagar Dist.)

| | |
|---|---|
| Education | : B.E. in Computer Engineering from D.J. Sanghvi College of Engineering |
| Job Profile | : Assistant Manager at Aditya Birla Group (Grasim Industries Limited), Worli |
| Email ID | : parthvipulshah@gmail.com |
| Hobbies | : Traveling, Music and Cricket |

**FAMILY DETAILS:**

| | |
|---|---|
| Father | : Vipul Rasiklal Shah – 9322839450 |
| Profession | : Vipul Optics, Ghatkopar East |
| Mother | : Urvi Vipul Shah (Homemaker) – 8080039808 |
| Grand Parents | : Rasiklal Khimchand Shah – 9819183765<br>Late Shobhnaben Rasiklal Shah |
| Uncle-Aunty | : Rajen Shah – 8454898333 & Trupti Shah |
| Residence | : Ghatkopar East |

**MATERNAL DETAILS :**

| | |
|---|---|
| Nana-Nani | : Late Mahendrakumar Chotalal Shah (Limbdi)<br>Late Rasila Mahendrakumar Shah |
| Mama-Mami | : Nirav Shah – 9892357477 & Nimita Shah |
| Residence | : Malad West |
| Address | : 603, Harmony Residency, Near Sthanakvasi Jain Upashray, Pant Nagar, Ghatkopar East, Mumbai - 400075. |

Advt.

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મિત્ર મંડળ વસઈ નો ગેટ ટુ ગેધર નો ભવ્ય કાર્યક્રમ

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મિત્ર મંડળ વસઈ નો ગેટ ટુ ગેધર નો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.



જેમાં શ્રી ઝાલાવાડી સભા ની સરસ ચાલતી યોજનાને બિરદાવવામાં આવી હતી.

સારી સંખ્યામાં સભ્યોએ ભાગ લીધો હતો. સમાજના સભ્યો સાથે મળીને ઝાલાવાડી સભ્યો ને આગળ ને આગળ પ્રગતિ ના પંથે લઈ જવાના પ્રયાસો કરવાનું નક્કી કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા મુંબઈ ની કમિટીના સભ્યો શ્રી સુબોધભાઈ શાહ શ્રી નરેન્દ્રભાઈ ગાંધી, શ્રી મહેશભાઈ દોશી, શ્રી નવિનભાઇ જશવાણી, શ્રી નરેન્દ્રભાઈ સંઘવી, શ્રીમતી દિપ્તીબેન શાહ હાજર રહ્યા હતા.

આ પ્રસંગને વસઈ ઝાલાવાડી મિત્ર મંડળ ના શ્રી વિજયભાઇ શાહ, શ્રી ચંપકભાઈ શાહ, શ્રી નિતીનભાઈ જશવાણી, શ્રી દિપકભાઈ શાહ, શ્રી દેવાંગભાઈ ગોપાણીએ દરેકે કાયૅક્રમ ને સફળ બનાવવા ભગીરથ પ્રયાસો કર્યા હતા. તેમાં વસઈ મહિલા મંડળ ના બહેનો એ ખુબ સાથ સહકાર આપેલ.

**શ્રી ઝાલાવાડી મિત્ર મંડળ વસઈ, જય જિનેન્દ્ર**


Advt.

''ખુશ ખબર''


**એક કીલો ઢોકળા પર ૨૫૦ ગ્રામ ઢોકળા ફ્રી મળશે.**

**ફક્ત ઘાટકોપર, તિલકનગર, ચેંબુર તથા વિદ્યાવિહાર જનતાને ફ્રી હોમ ડિલિવરી**

*ચિંતા ન કરો આપને ઘેર મોંઘેરા મહેમાન આવવાના છે ?*
*અમો તમને ઘેર બેઠા હોમ ડીલીવરી કરી આપશું.*



**૭૨ ટાઈપના (આથા વગરના) ઢોકળા**
**૮ ટાઈપના તળેલા ફરસાણ**
**કદી પણ તમે જોયા ન હોય તથા**
**ખાધા ન હોય.**



**તા. ક. ફોટો તથા ભાવ માટે ફોન કરો**
**અમો આપને ફોટો તથા ભાવ મોકલી આપશું.**
**ઑર્ડર એક દિવસ પહેલા આપવો જરૂરી**

**સંપર્ક :**
**ભુપેન્દ્ર (રૂચી કેટરર્સ)**
**૯૮૨૧૦૨૯૦૫૩**
**પુત્ર – જીગર – ૯૮૨૧૦૨૯૦૮૪**

Advt.

# JINENDRA CHARITABLE TRUST

Regd. Charity No. E/7966 - Rajkot • Founded in 2006

## ઉંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા !



**માનનીય દાતાશ્રીઓને આપ હદયપૂર્વક જય જિનેન્દ્ર અને જયશ્રી કૃષ્ણ,**

જિનેન્દ્ર ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ દ્વારા **૬૦૦૦** અંધજનોને મોતિયાના ઓપરેશનો કરી આંખોના અજવાળા દ્વારા નવી દૃષ્ટિ આપી છે.

ભારતમાં હજુ **પણ ૧ કરોડ થી વધુ** અંધજનો વસે છે. **૨,૭૦,૦૦૦** બાળકો અંધ છે.

આપશ્રી **રૂા.૧૫૦૦**/-નું દાન આપી મોતિયાના ઓપરેશન દ્વારા એક અંધભાઇ/બહેન/બાળકને આંખની રોશની આપી નવું જીવન આપી શકો છો.

એક નેત્રયજ્ઞ માટે **રૂા.૧૫૦૦૦**/-નું દાન આપી **૨૫** જેટલા અંધજનોને આંખની રોશની આપી શકો છો તથા ૨૦૦ જેટલા આંખની સામાન્ય સારવાર કરી શકાય છે. દાતાને ફોટા/દર્દીઓનું લિસ્ટ વગેરેનો રીપોર્ટ આપવામાં આવશે.

આંખની રોશની આપી આશાનું અજવાળુ આપવા આપને સહકાર આપવા વિનંતી.

લિ. સેવક કિશોરલાલ શાહ (સાયલા નિવાસી)ના જય જિનેન્દ્ર
**B.A (Hons) B.Ed. Dip.Ed. (London)** **Email ID:** kishorelal1925@gmail.com
મેનેજીંગ ટ્રસ્ટી

**Account # : 925010024476033**
**A / C Name : JINENDRA CHARITABLE TRUST**
**IFCS Code : UTIB0004518**
**Bank Details : AXIS BANK LTD (YAGNIK RD BRANCH)**

**Office :** 4-A, Vrundavan Apt., 2 Jagnath Plot, Dr Yagnik Road, Rajkot - 360 001, Gujarat, Contact no. Sanjay Dodiya 9106667276 / Mitaben Shah 98190 66626

Advt.

શ્રીજી

**જમીન-મકાન તથા ખેતીની જમીનની લે-વેચ માટે મળો.**

દરેક કાયદાકીય દસ્તાવેજ, વારસય, નામેચડાવવાનું કરાવી આપીશું

**અતુલભાઈ ટી. શેઠ**
Mo. 98790 75965
**અંકિતભાઈ એ. શેઠ**
Mo. 98796 79553, 8200628452
Email : ankitsheth77@gmail.com

**અતુલભાઈ ટી. શેઠ**
સૌરાષ્ટ્ર પેપર બેગ કં., રેલ્વે સ્ટેશન સામે,
જોરાવરનગર, સુરેન્દ્રનગર.

Advt.




**Shubh bandhan**
We find a match truly right for you

Over 20 years of globally trusted & personalised matrimonial services for all Gujarati communities.

9323626815 | 9769726815
www.shubhbandhan.com ShubhBandhanMatrimony

Advt.

।।શ્રી ગણેશાય નમઃ।।
શ્રી જસાપર વાળા મોમાઈ માતાજીની જય હો



**શ્રી જૈન મેરેજ બ્યુરો**

ગુજરાતી • સ્થાનકવાસી • દેરાવાસી • વૈષ્ણવ

વેલ એજ્યુકેટેડ કુંવારા, ડાયવોર્સી, વિધુર યુવક-યુવતી મુંબઈમાં વસતા ઝાલાવાડી ઘોઘારી તથા કાઠીયાવાડી વિદેશ જવા ઈચ્છુક દરેક માટે જરૂરથી કોન્ટેક કરો અને મેમ્બર બનો.

**દિપકભાઈ વસાણી**
**મો : ૯૩૨૩૭૭૯૦૧૪**

તા.ક : મહેનત અમારી નસીબ તમારૂ

Advt.

**જૈન સમાજના વડીલો આટલું જરૂરથી વાંચશો...**

જૈન સગપણ ગ્રુપ જૈન સમાજના દરેક લગ્નઉત્સુકપાત્રને જીવનસાથીની પસંદગી કરાવી આપતુ ગ્રુપ છે જૈન સમાજના દેશ વિદેશમાં રહેતા દીકરા દીકરીઓને પસંદગીના પાત્રો જૈન સગપણ ગ્રુપમાં ઉપલબ્ધ છે જૈન સગપણ ગ્રુપના આ કાર્ય દ્વારા કેટલાય પાત્રોને પોતાના જીવનસાથીની પસંદગી ખૂબ જ ઝડપી અને સરળતાથી થઈ ગઈ છે...

જૈન સમાજના ચારે ફિરકાઓ કચ્છી, દશા શ્રીમાળી, વિશા શ્રીમાળી, ઘોઘારી, ઓસવાલ, પોરવાર તેમ જ સમગ્ર જૈન સમાજના ઉમેદવારો આ ગ્રુપમાં જોડાય છે જેથી દરેકને ઉમેદવાર પસંદગી કરવાની ખૂબ જ વિશાળ તક મળે છે જેના લીધે પોતાના જીવનસાથીની પસંદગી કરવામાં સમય બગડતો નથી. લગ્ન તો યોગ્ય ઉંમરે થઈ જ જવા જોઈએ...

... તો તમે પણ વધતી ઉંમરને ધ્યાનમાં રાખી આજે જ આપનું રજીસ્ટ્રેશન કરાવી પસંદગીનું પાત્ર શોધવાની શરૂઆત આજથી જ કરી દો...

આ મેસેજને આપના સમાજમાં, સગા સંબંધીઓને, મિત્રોને તથા જૈન સમાજના દરેક ગ્રુપોમાં મોકલવા વિનંતી છે જેથી તેઓ પણ આ જૈન સગપણ ગ્રુપનો લાભ લઈ શકે...

*www.jainswayamvar.com www.nriswayamvar.com*
**જૈન સગપણ ગ્રુપ મો. :- 92656 66526**

Advt.

|| જય જીનેન્દ્ર ||    Since - 2008    || શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ||

**Mob.: 7021022561**

# લબ્ધી ઘી

A2 ગીર ગાયનુ • ભેસનું પ્યોર ઘી
અમારા પ્યોર ઘી ની પુરી ગેરેન્ટી
એકવાર ચાખીને જુવો

જામખંભાળીયાનું વલોણાનું
દેશી ગાય તથા ભેસનું ઘી

**2Kg / 5Kg / 15Kg પેકીંગમાં ઉપલબ્ધ**

**ફ્રી હોમ ડીલીવરી**

**જૈન દેરાસર તથા ભોજનશાળા
માટે હોલસેલ ભાવે મળશે.**

**7021022561**

Advt.

## ભાગ્યશાળી !

આફ્રિકાના જંગલમાં દીનદુખિયાંની સેવા કાજે જિંદગી ગુજારનાર આલ્બર્ટ શ્વાઈત્ઝરની હૉસ્પિટલની મુલાકાતે એ આફ્રિકન સંસ્થાનનાં યુરોપીઅન ગવર્નર જનરલ એક વાર આવવાના હતા. તે વખતે એક સાથીએ હિંમત કરીને કહ્યું, ''ડૉક્ટર સાહેબ, આપ આ કાળી નેકટાઈ પહેરો છો તે હવે સાવ જરી ગઈ ચે, હોં !''

''હા,'' ડૉક્ટર બોલ્યા, ''પણ તેનું કારણ મને સમજાતું નથી. એને લીધાને હજી તો માંડ અઢાર વરસ થયાં હશે, ને તે ય હું તો મરણપરણનો કોઈ અવસર હોય ત્યારે જ ડોકમાં ઘાલું છું !''

''શું - અઢાર વરસથી !'' સાથીએ આભા બનીને સવાલ કર્યો. ''તે શું તમારી પાસે બીજી એક નેકટાઈ પણ નથી ?''

''એ તો હું એટલો ભાગ્યશાળી કે બીજી નથી,'' ડૉક્ટરે સમજાવ્યું. ''મારા પિતા પાસે બે-બે નેકટાઈ હતી, અને મને બરાબર સાંભરે છે કે – બેમાંથી કઈ સારી લાગે છે તેની કાશ અમારા ઘરમાં કાયમ ચાલતી !''

**SHREE ZALAWADI STHA. JAIN SABHA**
**301, Bay View (East), 3rd Floor,**
**47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane)**
**Chira Bazar, Mumbai - 400 002.**
**Office Mobile No. 7208472884**

## New RATE CARD Effective from April 2021

(1) YEARLY MEMBERSHIP FEES (RENEWAL) RS.700/- for 2024-25 - 2025-26 With Patrika (including GST) RS 100 EXTRA FOR NEW MEMBER REGISTRATION FEES

(1-A) LIFE MEMBERSHIP FEES Rs. 6000/- including GST 18% Accounting Year April to March

(2) *PATRIKA ADVERTISEMENTS* RATE + 5% GST
**LAST PAGE COLOUR** RS.10000+500 =10500/-
(Size = 171 Width x 199 mm Height)
**FULL PAGE COLOUR** RS.8000 + 400 = 8400/-
(Size = 171 Width x 234 mm Height)
**FULL PAGE B/W** RS.4100 + 205 = 4305/-
(Size = 178 width x 223 mm Height)
**HALF PAGE B/W** Rs.2100 + 105 = 2205/-
(Size = 87 width x 223 mm Height)
**QUARTER PAGE B/W** RS.1100 + 55 = 1155/-
(Size = 87 Width x 110mm Height)
SINGAL PANEL B/W RS.600 + 30 = 630/-
**ONLY PATRIKA FEES**
FOR 3 YEARS RS.1000 + 180 = 1180/-

(3) **SANATORIUM BOOKING**
ROOM CHARGES+12% GST

(4) *MATRIMONIAL SERVICES* 18% GST
Rs.1000+180=1180

**Please send your Advertisement in Advance**

**LAST DATE OF ADVERTISEMENT ON OR BEFORE 25TH EVERY MONTH**

**You can Book your Advt. Before 3 months**
**Please send Artwork in JPEG Format Only**

# ૧૯ મી પુણ્યતિથિઓ ભાવભરી શ્રધ્ધાંજલિ

:: જન્મ તારીખ ::
તા. ૧૩.૦૨.૧૯૩૦



:: અરિહંતશરણ ::
તા. ૧૦.૦૨.૨૦૦૭

## તપસ્વીરત્ન મહાસુખલાલ નાગરદાસ શાહ

### વઢવાણ નિવાસી હાલ બોરીવલી - યોગીનગર

ધર્મનો રંગ જેની હાડહાડની મજ્જામાં, સંયમનો રંગ જેના સમગ્ર પરિવારમાં
શાસનની સુગંધ જેના અસ્તિત્વમાં, વાત્સલ્યનો ધોધ જેના અણુએ
એકાવતારી બની આપ રહો, તીર્થંકર ચરણે સાધનામાં....

### આપના સદૈવ ઋણી

| | |
|---|---|
| ધર્મપત્ની | : જશવંતીબેન |
| પુત્ર-પુત્રવધુ | : અ.સૌ. દક્ષા દિપક, અ.સૌ. ચૈતાલી મયુર |
| પુત્રી-જમાઈ | નેહલ સંજયકુમાર |
| પૌત્ર-પૌત્રી | : દેવાંગ - આશી |
| પૌત્ર-પૌત્રવધુ | : અ.સૌ. રિધ્ધિ નિરવ, અ.સૌ. ફોરમ હિત |
| દોહિત્ર | : હેત, કુશ |
| પ્રપૌત્ર | : ધિઆન |
| સંસાર પક્ષે બહેન | : સંથારા આરાધક શોભનાબાઈ મહાસતીજી |
| સંસાર પક્ષે ભત્રીજી | : બા.બ્ર.પ.પૂ. આરતીબાઈ મહાસતીજી |
| | સ્વ. નાગરદાસ સુખલાલ શાહ પરિવાર |
| | સ્વ. ત્રિભોવનદાસ રાયચંદભાઈ બારભાયા પરિવાર |
| | શ્રી મલ્લિપાર્શ્વ પૂનમ ભક્તિ મંડળ |

**મારવાડી શેર્સ એન્ડ ફાઈનાન્સ લિમિટેડ**
**વિઝન વેન્ચર ઓપટીક્સ**
**ના જય જિનેન્દ્ર**

રહેઠાણ : ડી-૧૪, ફ્લેટ નં ૧૦૪, યોગીનગર, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૧.
મો.નં. ૯૮૨૧૧૩૮૬૭૧, ૯૮૨૧૬૭૫૪૦૩

Advt.



FLAMINGO
transworld pvt. ltd.
You Travel We Care
WHY FLAMINGO?
આપના પ્રવાસ ને યાદગાર બનાવવા માટે, ૨૫૦ થી વધુ કટીબદ્ધ ટીમ મેમ્બર્સ નો કાફલો
સમગ્ર ભારત માં ૫૦ થી વધુ બુકિંગ હબ નુ વિશાળ નેટવર્ક ધરાવતી કંપની
ગુજરાતી – હિન્દી અને અંગ્રેજી ભાષા ના જાણકાર અનુભવી ૩૦૦ ટુર મેનેજર
વિશ્વ ના ખૂણે ખૂણે એટલે કે 80 થી વધુ દેશ ના યાદગાર પ્રવાસ ની મહારથ
વિશ્વભર માં વસતા આપણા ગુજરાતી NRI પ્રવાસીઓ માટે ખાસ વિભાગ
Japan Dreams Tour With Chef With Malaysia Airlines
10Nights / 11Days
19,26 Mar, 2026
Discover Japan In Cherry Blossom Without Chef
10Nights / 11Days
21 Mar, 2026
Super Saver Cherry Blossom Japan
6Nights / 7Days
30 Mar, 2026
Japan Alpine Tour With Chef
11Nights / 12Days
8 April, 2026
Experience Japan Alpine Route With Chef
9Nights / 10Days
23 May, 2026
Japan Fukuoka Tour With Chef Tour
11Nights / 12Days
27 Mar, 2026
OUR MUMBAI LOCATIONS
Andheri, Goregaon, Kandivali, Mira Road, Opera House, Sion, Ghatkopar, Thane, Mulund, Kharghar, Pune
+91 98199 30022
www.flamingotravels.co.in
Advt.



જય જિનેન્દ્ર
RISING SUN ELECTRIC
HURRY NOW!
STILL ITS NOT LATE!
SUMMER STARTS SOON
Go solar before March to maximize monsoon savings and receive an extra ₹18,000 per kW subsidy for housing societies.
MUMBAI TRUSTED EPC
120+ Society Solar Installations | 40+ High-Rise Projects | 100% Client Satisfaction
5-Star PM Surya Ghar Yojana Vendor | Authorized Subsidy Partner
2 Cr ++ Subsidy Disbursed for Societies with Rising Sun electric
Still its not late, plan your SOLAR installation at earliest
+91 7021213467 (Sahil Jignesh Doshi)
www.solarrse.com
Rising Sun Electric 04 Somaiya Chembers, Malad West, Mumbai - 400064
Advt.

WE DELIVER WHAT WE PROMISE !
ammpalholidays@gmail.com

WE BELIEVE IN PROVIDING LUXURIOUS EXPERIENCES !

# Discover The World, The Ammpal Way!

Ammpal HOLIDAYS
Dream. Explore. Discover.

## GEORGIA

EXPERIENCE LUXURY AND COMFORT, 8 DAYS TOUR WITH AMIT SHAH

Tbilisi • Mtskheta • Ananuri • Gudauri • Kazbegi • Batumi • Borjomi

8D

Tour Dates 2026

| April | May | June |
|---|---|---|
| 30th | 7th \| 14th \| 21st \| 28th | 4th |

STAY AT 5 HOTEL

## Vietnam Awaits...

Experience Vietnam Like Never Before with Ammpal Holiday on the 11 Days Tour!

HANOI • HALONG BAY • SAPA • DANANG • HOI AN • HO CHI MINH

11D

Tour Dates 2026

| February | March | April | May |
|---|---|---|---|
| 26th (Ltd. Seats) | 16th | 20th | 7th \| 24th |

VEG & JAIN MEALS BY RAJASTHANI CHEF

## Almaty, Kazakhstan

Where Mountains, Culture and Magic Meet.

5 DAYS TOUR BY AMMPAL HOLIDAYS

5D

Tour Dates 2026

| March | April | May | June |
|---|---|---|---|
| 6th (Womens Tour) | 24th | 12th \| 17th | 4th |

## Switzerland

WITH AMIT SHAH

Where The Alps Touch The Sky, 8-days Of Unforgettable Journey With Ammpal Holidays.

8D

TOUR DATES
15th May

Delic-ious Cuisines (Veg & Jain) prepared by Our Own MAHARAJ

Tour Inclusive of Air Fare*

Accompanied by Experienced English & Gujarati Speaking Tour Manager

Sightseeing in Super Deluxe A/c Luxury Coaches

Stay at Luxurious Hotels

AMMPAL HOLIDAYS
Specialist in International & Domestic Tour Packages

For Booking & Planning Your Tours Call Us Now!
AMIT SHAH 9833082820 | 8291099100

Advt.

# ZALAWADI SABHA CHARITABLE FOUNDATION

Regd. Office : 301, Bay View (East), 3rd Floor,
47, Dr. M. B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.
**Mob.: 7208481791 / 7208472744 / 7208472884**



















**નોંધ :**

(૧) ઉપરોક્ત સેનેટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com પર કરવું.

(૨) ફક્ત માથેરાન સેનેટોરિયમમાં રૂા. ૬૦૦/- એક દિવસના સવારના નાસ્તો, બપોરની ચા તથા સવાર-સાંજના જમવાના ફરજિયાત આપવાના રહેશે.

(૩) સંસ્થાના નિતીનિયમ મુજબ બુકિંગ મળશે.

(૪) I-Card રાખવું જરૂરી છે.

(૫) આખું સેનેટોરિયમ બુક કરાવશો તો સ્પેશિયલ ડિસ્કાઉન્ટ મળશે.

**સંપર્ક સુત્ર**

| બીનાબેન સંઘવી | પ્રિતુલભાઈ શાહ (ગેડીવાળા) | નીરવભાઈ દોશી |
|---|---|---|
| મો. ૯૭૬૯૪ ૪૮૨૮૪ | મો. ૯૩૨૩૧૮૦૬૬૫ | મો. ૯૮૨૦૮૨૩૪૦૦ |

# ઝાલાવાડી દશા શ્રીમાળી દિગંબર જૈન

## છઠ્ઠી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

જન્મ: ૧૫-૦૬-૧૯૫૭



અરિહંત શરણ: ૧૪-૦૨-૨૦૨૦

## સ્વ. જયશ્રીબેન કિરણભાઈ કામદાર (જ્યોતિબેન)

(બોટાદ નિવાસી–હાલ વાલકેશ્વર-મુંબઈ)



પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી,
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ હતી,
ધર્મ કદી ભૂલ્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં, પરિવાર માટે ફૂલો પાથરી ગયા,
**એવા દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના...**



### • શોકાતુર પરિવાર •


સાસુ સસરા : સ્વ. ઈંદુબેન મંગળદાસ ચંપકલાલ કામદાર
પતિ : કિરણભાઈ મંગળદાસ કામદાર
પુત્ર-પુત્રવધુ : ઋષભ - અ.સૌ. પૂર્વી ઋષભ કામદાર
પુત્રી-જમાઈ : ખુશ્બુ-વિરલકુમાર રતિલાલ દોશી
જેઠ-જેઠાણી : સ્વ. અરવિંદભાઈ - સ્વ. પુષ્પાબેન, પ્રકાશભાઈ - સ્વ. પ્રિતીબેન
નણંદ-નણંદોઈ : મીતાબેન - સ્વ. જયેશકુમાર જયંતિલાલ સંઘવી
પૌત્રી : જીયાના દોહિત્ર : વ્યોમ
માતા-પિતા : સ્વ. સુશિલાબેન પ્રવીણચંદ્ર ભુરાલાલ વોરા
બ્હેન : કલ્પનાબેન પ્રવીણચંદ્ર વોરા
ભાઈ-ભાભી : સુનીલભાઈ-પ્રતીક્ષાબેન, સ્વ. ઉમેશભાઈ-દર્શનાબેન

Advt.

To,

Registered with Press Registrar General of India under PRGI No. 6489, Postal Registration No. MCS/046/2024-26. WPP Licence No. MR/Tech/ WPP - 341/South/2024-26 Published on 5th of Every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.


## વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી સ્મરણાંજલિ





વાત્સલ્ય મૂર્તિ

**સ્વ. કાન્તીલાલ ઉજમશી શાહ**

(૦૧.૦૯.૧૯૨૪ - ૦૫.૦૨.૨૦૨૦)

વાત્સલ્ય મૂર્તિ

**સ્વ. લીલાવંતી કાન્તીલાલ શાહ**

(૦૫.૧૨.૧૯૨૭ - ૧૪.૧૨.૨૦૨૧)

અતુલભાઈ – ગીતાબેન
પંકજભાઈ – દિવ્યાબેન
પલક – પ્રાચી
પારસ – મોનલ

શૈલાબેન દિલીપભાઈ શાહ
નૈનાબેન ચંદ્રવદનભાઈ દોશી
અર્પિતા પ્રતીક સરૈયા
જીલ પ્રિયાંક સંઘવી

નાઈશા - ત્રિઋષાન - રૂનાવ

શ્રી કાંતિલાલ ઉજમશી શાહ પરિવાર (ચુડાવાળા)

**H. Kantilal & Co.**

Advt.


Publisher: Pravin Gambhirchand Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 301, Bay View (East), 47, Dr. M. B. Welkar Street, Chira bazar, Mumbai - 400 002. Printed by : Bhavin Sharad Gandhi at RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai-400011. Mobile : 9867540524. Editor : Sharad Manmohan Gandhi, 301, Bay View (East), 47, Dr. M. B. Welkar Street, Chira bazar, Mumbai - 400 002.